

પૂ. ચિરંતનાચાર્યે રચેલી અધાવધિ અપ્રગટ સંસ્કૃત ટીકા વડે સમલંકૃત તેમજ
'અર્થપ્રભા'નામના ગુજરાતી વિવેચનથી સમૃદ્ધ

# श्री यतिप्रतिक्रमण सूत्रम्

: સંશોધક-સંપાદક-વિવેચનકાર :

પૂ.આ.ભ.શ્રી.વિ. હિતવર્ધનસૂરીશ્વરજી મહારાજા

# શ્રી સિદ્ધગિરિરાજની શીતલ છાયામાં

પૂ.આ.દે.શ્રી.વિ. હિતવર્ધન સૂરીશ્વરજી મ.સા. ને

## આચાર્યપદ પ્રદાનના ઉજવાયેલાં મહોત્સવની

મંગલદિન વિ.સં 2074, માગસર વદ 1, 4-12-2017

## સોનેરી સ્મૃતિ











પૂ. પંન્યાસશ્રી હિતવર્ધન વિજયજી ગણિવરને
આચાર્યપદ પ્રદાન
સમારોહ



















।। નમામિ શંખેશ્વરપાર્શ્વનાથમ્ ।।

।। નમામિ નિત્યં ગુરુરામચન્દ્રમ્ ।।

**પૂ. ચિરન્તનાચાર્યે રચેલી અદ્યાવધિ**
**અપ્રગટ સંસ્કૃત ટીકા વડે સમલંકૃત તેમજ**
**'અર્થપ્રભા' નામના ગુજરાતી વિવેચનથી સમૃદ્ધ**



# श्री यतिप्रतिक्रमण सूत्रम्



**: વિવેચનકાર-સંશોધક-સંપાદક :**


વિક્રમની ૨૦ + ૨૧મી સદીના સર્વપ્રથમ દીક્ષા દાનેશ્વરી,
પૂ.આ.દે. શ્રી. વિ. **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યાલંકાર,
પૂ.આ.દે. શ્રી. વિ. **નયવર્ધનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યાવતંસ,
પૂ. ગુરુદેવ **શ્રી ભવ્યવર્ધનવિજયજી** મહારાજાના શિષ્યરત્ન
પૂ. ગુરુદેવ **શ્રી મંગલવર્ધનવિજયજી** મહારાજાના શિષ્ય
**પૂ. આ. ભ. શ્રી. વિ. હિતવર્ધનસૂરીશ્વરજી મહારાજા**



**પ્રકાશક :**
**શ્રી કુસુમ અમૃત ટ્રસ્ટ**
અલકાપૂરી સોસાયટી, શાંતિનગર,
વાપી (વે)-૩૯૬૧૯૧.
મો. ૯૮૨૪૧૯૬૫૨૫



ACHARYA SHRI KAILASSAGAR ... MANDIR
SHRI MAHAVIR JAIN ARA...
Koba, Gandhinaga...
Phone: (079) 2327625...

# ગ્રંથ પરિચય

| | | |
|---|---|---|
| મૂળસૂત્રનું નામ | : | **श्रीयतिप्रतिक्रमणसूत्रम् ।** |
| મૂળસૂત્રના કર્તા | : | પંચમ ગણધર શ્રી સુધર્મસ્વામીજી |
| ભાષા | : | પ્રાકૃત/અર્ધમાગધી |
| સંસ્કૃત ટીકાકાર | : | પ્રાચીન પૂર્વાચાર્ય |
| મૂળસૂત્ર રચનાનો સમય | : | આજથી ૨૫૭૫ વર્ષ પહેલાંનો સમય |
| સંસ્કૃત ટીકારચનાનો સમય | : | સામગ્રીના અભાવે ચોક્કસ નિર્ણય કરી શકાતો નથી |

ગુજરાતી **'અર્થપ્રભા'**

| | | |
|---|---|---|
| વિવેચન લેખક | : | **પૂ.આ.વિ. હિતવર્ધનસૂ. મ.** |
| 'અર્થપ્રભા' લેખનનો સમય | : | વિ.સં. ૨૦૭૬/ઈ.સ. ૨૦૨૦ |
| ઐતિહાસિક નિરીક્ષણ | : | પ્રસ્તુત ગ્રંથમાં પ્રગટ થઈ રહેલી સંસ્કૃત **વૃત્તિ** હસ્તલિખિત પાંડુલિપિઓ માંથી ઉદ્ધરણ/સંશોધન/સંપાદન પૂર્વક પ્રથમવાર પ્રગટ થઈ રહી છે. |


**પ્રકાશન : વિ.સં. ૨૦૭૬, ભાદરવા સુદ-૪, શનિવાર, ૨૨-૮-૨૦૨૦**

**પ્રકાશન સ્થળ : શ્રી શાંતિનગર જૈન સંઘ, વાપી**

**આવૃત્તિ : પ્રથમ** **પ્રત : ૧૦૦૦**

**ൽ પ્રાપ્તિસ્થાન ൽ**

(૧) કુસુમ-અમૃત ટ્રસ્ટ

શાંતિનગર, અલકાપુરી સોસાયટી, વાપી (વે.) ૩૯૬ ૧૯૧

(૨) હાલોલ જૈન સંઘ, શ્રી શાંતિનાથ મંદિર,

૧૬૫, જવાહર નગર - ચોથી ગલી, ગોધરા રોડ,

હાલોલ-૩૮૯૩૫૦, મો. ૯૪૨૬૫ ૦૪૧૮૨

**મુદ્રક : ભરત ગ્રાફિક્સ - મો. 9925020106, 8905851988**

## શ્રુતભક્તિનો લાભ પામીને
## અમો આનંદ અનુભવીએ છીએ !

શ્રી સિદ્ધગિરિરાજની છત્રછાયામાં
વિ.સં. ૨૦૭૪, માગસર વદ-૧ ના મંગલ દિને
ગીતાર્થપ્રવર, પ્રવચનપ્રભાવક,
પૂ. આ. દે. શ્રી. વિ. હિતવર્ધનસૂ. મ.સા.ને
સૂરિપદ પ્રદાન થયું તે મહોત્સવમાં
એકત્ર થયેલી જ્ઞાનદ્રવ્યથી રાશિનો





સદ્વ્યય કરીને પ્રસ્તુત ગ્રંથરત્નનું પ્રકાશન
કરતાં આનંદ અનુભવીએ છીએ...

લી.

કુસુમ - અમૃત ટ્રસ્ટ, શ્રી શાંતિનગર જૈન સંઘ - વાપી

## મુખ્યત્વે જે હસ્તપ્રતના આધારે પ્રસ્તુત यतिप्रतिक्रमणसूत्रम् ની સંસ્કૃત-અપ્રગટ વૃત્તિ નું સંશોધન કરી તેને આ ગ્રંથમાં પ્રગટ કરાઈ કહી છે તે હસ્તપ્રતના પ્રથમ પૃષ્ઠની તસવીર



**મુખ્યત્વે જે હસ્તપ્રતના આધારે પ્રસ્તુત यतिप्रतिक्रमणसूत्रम् ની સંસ્કૃત-અપ્રગટ વૃત્તિ નું સંશોધન કરી તેને આ ગ્રંથમાં પ્રગટ કરાઈ કહી છે તે હસ્તપ્રતના દ્વિતીય પૃષ્ઠની તસવીર**



# વિષયાનુક્રમ

| વિષય | | પેજ નં. |
|---|---|---|
| ● | પ્રસ્તાવના... | ૮ |
| ૧. | પ્રતિક્રમણનો શબ્દાર્થ અને પ્રકાર | ૧૩ |
| ૨. | નવકારનો શબ્દાર્થ | ૧૬ |
| ૩. | કરેમિભંતે' નો શબ્દાર્થ | ૧૭ |
| ૪. | ચત્તારિમંગલં અંગે | ૧૭ |
| ૫. | મંગળ, મંગળ શા માટે ? | ૧૮ |
| ૬. | નવ પ્રકારના દૈવસિક અતિચારો | ૨૩ |
| ૭. | પરસ્પર કારણ-કારણીભાવ | ૨૪ |
| ૮. | અતિચારના પાંચ વિષયો | ૨૫ |
| ૯. | સર્વવિરતિ સામાયિકના આઠ અતિચાર ભેદો | ૨૬ |
| ૧૦. | દશ પ્રકારે હિંસા | ૩૧ |
| ૧૧. | પ્રથમ તેર અતિચારો | ૩૫ |
| ૧૨. | છ અતિચારો | ૩૭ |
| ૧૩. | સાધુ દિવસે સૂએ નહિ તો આ છ અતિચારો શા માટે ? | ૩૮ |
| ૧૪. | ગોચરચર્યાના ૨૩ અતિચાર સ્થાનો | ૪૨ |
| ૧૫. | અતિક્રમ વિગેરેનું સ્વરૂપ | ૪૮ |
| ૧૬. | ચાર કષાયો/ચાર સંજ્ઞા | ૫૬ |
| ૧૭. | ચાર વિકથા/સાત વિકથા/ચાર પ્રકારે ધ્યાન | ૫૭ |
| ૧૮. | પાંચ પ્રકારે ક્રિયાઓ અને તેના અવાંતર ભેદો | ૬૦ |
| ૧૯. | પાંચ કામગુણો અને પાંચ મહાવ્રતો | ૬૧ |
| ૨૦. | પાંચ સમિતિના અતિચારો | ૬૨ |
| ૨૧. | છ પ્રકારની લેશ્યાઓ | ૬૬ |

| વિષય | | પેજ નં. |
|---|---|---|
| ૨૨. | છ' ચોરોનું અને જાંબૂવૃક્ષનું દૃષ્ટાંત | ૬૮ |
| ૨૩. | સાત પ્રકારે ભય/આઠ પ્રકારે મદ/બ્રહ્મચર્યની નવ ગુપ્તિ | ૭૦ |
| ૨૪. | દશવિધ સંયમ ધર્મ | ૭૧ |
| ૨૫. | શ્રાવકની અગ્યાર પ્રતિમાઓ | ૭૨ |
| ૨૬. | સાધુની બાર પ્રતિમાઓ | ૭૩ |
| ૨૭. | તેર ક્રિયાસ્થાનો | ૭૯ |
| ૨૮. | ચૌદ ભૂતગ્રામો/પંદર પરમાધામીઓ | ૮૦ |
| ૨૯. | સત્તર પ્રકારે અસંયમ | ૮૧ |
| ૩૦. | અઢાર અબ્રહ્મના સ્થાનો | ૮૨ |
| ૩૧. | ઓગણીશ જ્ઞાતા અધ્યયનો | ૮૩ |
| ૩૨. | અસમાધિના વીશ સ્થાનો | ૮૩ |
| ૩૩. | ૨૧ પ્રકારના શબલ | ૮૭ |
| ૩૪. | બાવીશ પરિષહો | ૮૯ |
| ૩૫. | તેવીશ સૂયગડાંગ અધ્યયનો/૨૪ પ્રકારે દેવો | ૯૦ |
| ૩૬. | પાંચ મહાવ્રતોની પચ્ચીશ ભાવનાઓ | ૯૦ |
| ૩૭. | ૨૬ કાલગ્રહણો | ૯૩ |
| ૩૮. | સાધુના ૨૭ ગુણો | ૯૭ |
| ૩૯. | ૨૮ પ્રકલ્પ અધ્યયનો/૨૯ પ્રકારના પાપશ્રુત | ૯૮ |
| ૪૦. | મોહનીયકર્મ બંધાવનાર ૩૦ સ્થાનો | ૧૦૦ |
| ૪૧. | સિદ્ધના ૩૧ ગુણો | ૧૦૧ |
| ૪૨. | આશાતના શબ્દનો નિરૂક્તાર્થ | ૧૦૮ |
| ૪૩. | ગુરુની તેત્રીશ આશાતના | ૧૦૮ |
| ૪૪. | અન્ય રીતે ૩૩ આશાતના | ૧૧૧ |
| ૪૫. | જિનાગમના ૧૪ ગુણો | ૧૧૭ |

# પ્રસ્તાવના

## ❧ Essential Kriya : પ્રતિક્રમણ

પ્રતિક્રમણ એક એવી ક્રિયા છે જેને પંદરે કર્મભૂમિમાં તમામ તીર્થંકરોના ધર્મશાસનમાં 'આવશ્યક ક્રિયા' તરીકે ઓળખાવવામાં આવી છે પછી ભલે પાંચે પ્રતિક્રમણો પ્રથમ અને ચરમ તીર્થંકરના સાધુઓ માટે ફરજીયાત હોય અને મધ્યમ બાવીશ તીર્થંકરોના શાસનમાં દોષ સેવન થયું હોય તો જ અને તો પણ રાત્રિક અને દૈવસિક પ્રતિક્રમણ જ સાધુએ કરવાનું હોય !

જો કે શ્રાવક-શ્રાવિકાવર્ગ માટે તો ત્રણે કાળના સર્વ તીર્થંકરોના શાસનમાં રાઈઅ, દેવસિઅ, પક્ખી, ચોમાસી અને સંવત્સરી : પાંચે પ્રતિક્રમણ ફરજીયાત જ છે. સાધુ-સાધ્વી સંઘ માટે ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્રમાં દરેક ઉત્સર્પિણી-અવસર્પિણીમાં પ્રથમ અને ચરમ તીર્થંકરના શાસનમાં ઉક્ત પાંચે પ્રતિક્રમણ એસેન્સિયલ ક્રિયા છે અને મધ્યમ બાવીશ જિનવરો તથા મહાવિદેહ ક્ષેત્રના સર્વ જિનવરોના શાસનમાં સાધુ-સાધ્વી સંઘે દોષનો પ્રસંગ ઉપસ્થિત થાય તો દૈવસિક-રાત્રિક પ્રતિક્રમણ કરવાના છે, શેષ ત્રણ નહીં.

સાર એ છે કે પ્રતિક્રમણ એ એવી ક્રિયા છે જેને આવશ્યક : Essential કહી છે.

## ❧ પ્રતિક્રમણ સૂત્ર :

આ પ્રતિક્રમણની ક્રિયામાં (1) સામાયિક (2) ચતુર્વિંશતિ સ્તવ (3) વાંદણા (4) પ્રતિક્રમણ (5) કાઉસ્સગ્ગ અને (6) પચ્ચક્ખાણ...

આમ, છ આવશ્યક ક્રિયાઓનો સમાવેશ થાય છે અને 'આવશ્યક ક્રિયા' શબ્દ વડે ઉક્ત છ એ છ આવશ્યક સૂચિત થાય છે જેના માટે પ્રતિક્રમણ શબ્દ રૂઢ બનેલો છે.

પ્રતિક્રમણ ક્રિયાનો હેતુ પાપોથી પાછા ફરવાનો છે. તે હેતુને કેન્દ્રમાં રાખીને જ છ એ આવશ્યકનું સેવન કરવાનું છે છતાં તેમાં હાર્દભૂત ક્રિયા ચોથા આવશ્યકની છે જેને 'પ્રતિક્રમણ આવશ્યક' કહેવાય.

આ પ્રતિક્રમણ આવશ્યકમાં પણ તેની પ્રાણ રૂપ ક્રિયા प्रतिक्रमणसूत्र ના ઉચ્ચારણ અને તેના વડે પાપના પ્રાયશ્ચિત્તની છે. આમ, प्रतिक्रमणसूत्र સમગ્ર પ્રતિક્રમણ ક્રિયા તેમજ તેના ધ્યેયનું સૌથી અગત્યનું અંગ છે.

સાધુ-સાધ્વી સંઘે જે સૂત્રના આલંબને ચોથા આવશ્યકની આ હૃદયભૂત ક્રિયા કરવાની છે તે સૂત્રનું નામ છે : श्रीयतिप्रतिक्रमणसूत्रम् । શ્રાવકો આ સ્થાને જે સૂત્ર બોલે છે તેને श्राद्धप्रतिक्रमणसूत्र કહેવાય !

તે બંનેના કર્તા પંચમ ગણધર શ્રી સુધર્મસ્વામીજી છે અને શ્રી દશવૈકાલિકસૂત્રની બૃહત્ ટીકાના ઉલ્લેખ અનુસાર બંને પ્રતિક્રમણ સૂત્રો શાશ્વત છે !

**ભ્ર પ્રસ્તુત ગ્રંથમાં પ્રગટ થયેલી સંસ્કૃત ટીકા અદ્યાવધિ અપ્રગટ છે :**

આવા અર્થગંભીર, ઉદાત્ત આશયોવાળા અને ગણધર ગુંફિત પ્રતિક્રમણ સૂત્રના રહસ્યાર્થનું ઉદ્‌ઘાટન કરી સામાન્ય બુદ્ધિ ધરાવતાં જીવોને પણ તેનાથી પરિચિત કરાવવા માટે મહોપકારી પૂર્વાચાર્ય ભગવંતોએ તેના પર સંસ્કૃત ટીકાઓ લખી છે. જે પૈકી કેટલીક ટીકાઓ સ્વતંત્ર ગ્રંથ તરીકે અસ્તિત્વ પામી છે તો કેટલીક ટીકાઓ કોક બૃહદ્ ગ્રંથના અભ્યંતર અંગ તરીકે સ્થાન પામેલી છે.

પ્રસ્તુત, શ્રીયતિપ્રતિક્રમણસૂત્રમ્ ગ્રંથમાં જે સંસ્કૃત વૃત્તિ = ટીકા પ્રગટ થઈ રહી છે તે અદ્યાવધિ અપ્રગટ છે, હસ્તલિખિત પ્રતોની પાંડુલિપિઓમાંથી ઉદ્ધરણ કરી આ ટીકાનું લિપ્યંતર, સંશોધન, વિષયવાર વિભાગીકરણ, યથાસંભવ શુદ્ધ વાચના ગોઠવવાનો પ્રયાસ અમે કર્યો છે.

**☙ પ્રસ્તુત સંસ્કૃત ટીકા અને ટીકાકાર અંગે ઉહાપોહ :**

પ્રસ્તુત અપ્રગટ ટીકા અંગે અમને થોડા વર્ષો પૂર્વે માહિતી મળી હતી. તે પછી તેની પાંડુલિપિઓ મંગાવી તેમાં **આચાર્ય કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર-કોબા** તરફથી પ્રસ્તુત ટીકા અપ્રગટ છે તેવું સ્ટેટસ જાણવા મળ્યું અને ટીકાની પાંડુલિપિની ફોટો સ્ટેટ કોપી પણ અમને મળી. જે તેમના હસ્તલિખિત જ્ઞાનભંડારનો 15555 મો પુસ્તક ક્રમાંક ધરાવે છે.

વિ.સં. 2069 માં અમને આ પ્રત મળી. અન્યાન્ય કાર્યોની વ્યસ્તતાના કારણે તેનું સાંગોપાંગ સંશોધન તુરંત થઈ શક્યું નહીં.

વર્તમાન વર્ષે 'કોરોના મહામારી' ની વૈશ્વિક આપત્તિના સંયોગોમાં વાપી ખાતે રોકાણ થયું અને તે દરમ્યાન આ ટીકાનું મુખ્યત્વે કોબાની પ્રતના આધારે સંશોધન કર્યું.

લહિયાની બેદરકારી જેવા દોષોના કારણે પ્રસ્તુત હસ્તપ્રતમાં પુષ્કળ અશુદ્ધિઓ રહી ગયેલી જોવા મળી છે. સૂત્ર અને પાઠના ક્રમમાં પણ ક્યાંક ભૂલ છે, પાઠની અશુદ્ધિઓ અને વ્યાકરણિક દોષો તો પુષ્કળ છે અને વધુ નોંધપાત્ર વાત તે છે કે ઘણા સ્થળે વૃત્તિ નો પાઠ લુપ્ત થઈ જવા પામ્યો છે કે પછી લહિયાઓ લખવાનું વિસરી ગયા છે.

આવા વિક્ષત પાઠોની અમે પૂર્તિ કરી છે અને તેને ચોરસ બ્રેકેટ [ ] માં સ્થાન આપ્યું છે. તો વળી ક્યાંક વિશેષ

જરૂરીયાતવાળા સ્થળે પણ ચોરસ બ્રેકેટ બનાવીને શુદ્ધ પાઠનો ઉહાપોહ રજૂ કર્યો છે. તે સિવાય વ્યાકરણ દોષો, પાઠદોષો વિગેરે તમામ અશુદ્ધિઓ દૂર કરવાનો શક્ય પ્રયત્ન કર્યો છે.

પ્રસ્તુત ટીકાના કર્તા અંગે ઉપલબ્ધ ઈતિહાસ સામગ્રી દ્વારા કશું જ જાણી શકાયું નથી. વૃત્તિમાં તેના કર્તાએ ક્યાંય પોતાના નામ કે ગુરુપરંપરા અંગે ઉલ્લેખ કર્યો નથી તેથી વૃત્તિકારના નામ તેમજ સમય અંગે કહી શકાય તેમ નથી પરંતુ વૃત્તિમાં જે રીતે પદાર્થોની સંકલના કરી છે તે જોતાં વૃત્તિકાર પૂર્વર્ષિ સંવેગી તેમજ શાસ્ત્રજ્ઞ હશે તેવું અનુમાન કરી શકાય તેવું છે.

**❧ 'અર્થપ્રભા' વિવેચન અંગે :**

પ્રસ્તુત અપ્રગટ ટીકાનું સંશોધન વર્તમાન વર્ષે ચૈ.વ.૩ જે શરૂ કર્યું એ સાથે જ ટીકાના અર્થને સરળ રીતે સમજી શકાય તેવું ગુજરાતી વિવેચન લખવાની પણ ભાવના થઈ તુરંત તેને મૂર્તિમંત કરી. ગુજરાતી વિવેચનમાં બિનજરૂરી વિસ્તાર ક્યાંય ન થઈ જાય તેની પણ કાળજી રાખી છે અને ગંભીર પદાર્થ પૂરેપૂરો ખૂલ્લો થઈ જાય તેવો પણ પ્રયાસ કર્યો છે અને આ ભાવાર્થને **'અર્થપ્રભા'** નામ આપ્યું છે.

ચૈ.વ.3જે પ્રારંભેલું આ કાર્ય વૈ.વ.13સે ઉપકારી પૂ. ગુરુદેવોના અનુગ્રહથી પરિપૂર્ણ થયું છે.

**❧ સંપાદન પદ્ધતિ :**

◈ મૂળસૂત્રના ટાઈપ સૌથી મોટા, સંસ્કૃત વૃત્તિના ટાઈપ તેથી થોડા નાના અને ગુજરાતી વિવેચનના ટાઈપ લગભગ એટલાં જ પરંતુ નોર્મલ રખાવ્યાં છે.

◈ विषयनिर्देशिका, मूलम्, वृत्ति, અર્થપ્રભા વિગેરેના ટાઈપ બોલ્ડ રખાવ્યાં છે અને અર્થ દરમ્યાન દરેક પેટા વિષયના હેડીંગ

બોલ્ડ ટાઈપમાં દાખલ કર્યા છે જેથી અભ્યાસી વ્યક્તિ જે-તે વિષય અને પેટા વિષયમાં સરળતાથી પ્રવેશી શકે.

◈ ગંભીર ઉપદેશ વાક્યોને બોલ્ડ કરાવ્યાં છે.

◈ ગુજરાતી વિવરણના વિષયો અને પેટા વિષયોની વિસ્તૃત અનુક્રમણિકા શરૂઆતમાં જ પેજ નં. 11-12 ઉપર આપી છે જેથી ચોક્કસ વિષયમાં સરળતાથી પ્રવેશ કરી શકાય.

◈ પેજ ફીગર દરેક પેજમાં સૌથી નીચે ગ્રંથના નામોલ્લેખ સાથે ગોઠવાયો છે.

**ઉપસંહાર :**

આમ, અપ્રગટ ટીકાગ્રંથ શક્ય એટલી શુદ્ધિ સાથે પ્રગટ થાય અને સાધુજીવનના અવિભાજ્ય અંગરૂપ પ્રતિક્રમણ ક્રિયાના પ્રાણતત્ત્વ જેવા यतिप्रतिक्रमणसूत्रના અર્થો-રહસ્યો મુમુક્ષુજીવો, નૂતન દીક્ષિતો સુગમ રીતે સમજી શકે, તેમના ગુરુદેવો પણ આ ગ્રંથના આલંબને તેમને यतिप्रतिक्रमणसूत्रના અર્થોનું પરિપક્વ અધ્યાપન કરાવી શકે તેવો યથાસંભવ પ્રયાસ પ્રસ્તુત ગ્રંથમાં કર્યો છે.

આ ગ્રંથના સ્વાધ્યાય-અધ્યયન-અધ્યાપન-પરિશીલનના બળે મારા અને વાચકોના દિલમાં પાપનો ભય નિરંતર વૃદ્ધિ પામતો રહો તેવી શુભાભિલાષા...

**વિ.સં. ૨૦૭૬, અષાઢ સુદ-૧** **- વિજય હિતવર્ધનસૂરિ**

**તા. ૨૨-૬-૨૦૨૦-વાપી**

**સૂચના**

પ્રસ્તુત ગ્રંથ મહદંશે જ્ઞાનદ્રવ્યના સદ્વ્યય વડે પ્રકાશિત થયો હોવાથી ગ્રંથ વસાવનારે 80 રૂ. તેમજ ગ્રંથનો સ્વાધ્યાયાર્થે ઉપયોગ કરનારે યોગ્ય નકરો જ્ઞાનખાતામાં જમા કરાવો.

**वृत्तिः । :-**

नत्वा श्रीवीरजिनं संक्षिप्तरूचीननुग्रहीतुमनाः सुगमीकरोमि यतिप्रतिक्रमणसूत्रमहम् । अथ प्रतिक्रमणमिति किं शब्दार्थ उच्यते, शुभयोगेभ्यः अशुभयोगान्तरं क्रान्तस्य शुभेष्वेव प्रतिकूलं क्रमणं निवर्तनं प्रतिक्रमणम् । तच्च द्विधा, यावज्जीवमित्वरम् । तत्राऽऽद्यं व्रतादिलक्षणम् । इत्वरं दैवसिक - रात्रिक-पाक्षिकादि-प्रतिक्रमणविषयेषु । पडिसिद्धाणं करणे किच्चाणमकरणे य पडिक्कमणं । अस्सद्दहणे य तहा विवरीयपरूवणाए य ॥

**અર્થપ્રભા :-**

શ્રી મહાવીરસ્વામી પ્રભુને નમસ્કાર કરું છું અને એવા જીવો કે જેઓ સૂત્રોના સારને સંક્ષેપમાં સમજવાની રૂચિ રાખે છે તેમના પર ઉપકાર કરવાની ઈચ્છા ધારણ કરું છું.

પ્રસ્તુત, યતિપ્રતિક્રમણસૂત્રને તેવી જ ઈચ્છાથી પ્રેરાઈ તેવી જ શૈલીપૂર્વક સુગમ કરવાની શરૂઆત કરું છું.

**❀ પ્રતિક્રમણનો શબ્દાર્થ અને પ્રકાર :**

રત્નત્રયીના શુભયોગોમાંથી અશુભયોગોમાં ચાલી ગયેલાં મન-વચન-કાયાને ફરીવાર શુભયોગોમાં પાછા વાળવા તેનું નામ

પ્રતિક્રમણ. તેના બે પ્રકાર છે. એક, યાવજ્જીવ પ્રતિક્રમણ. બે, ઈત્વરકાલીન પ્રતિક્રમણ.

(૧) પંચ મહાવ્રતોની પ્રતિજ્ઞામાં થતો પાપોનો ત્યાગ એ યાવજ્જીવ પ્રતિક્રમણ છે.

(૨) દૈવસિક, રાત્રિક, પાક્ષિક વિગેરે પ્રતિક્રમણો ઈત્વરકાલીન પ્રતિક્રમણ છે.

**❀ પ્રતિક્રમણના ચાર હેતુઓ :**

ચાર કારણે પ્રતિક્રમણ કરવાનું છે -

(૧) આજ્ઞાથી વિરુદ્ધ ક્રિયા કરી હોય તો,
(૨) આજ્ઞાનુસારી ક્રિયાઓ ન કરી હોય તો,
(૩) જિનવચનમાં ક્યાંય સંશય થઈ ગયો હોય તો
(૪) અને ઉત્સૂત્ર પ્રરૂપણા થઈ ગઈ હોય તો...

## मूलम् । :-

नमो अरिहंताणं, नमो सिद्धाणं, नमो आयरियाणं, नमो उवज्झायाणं, नमो लोए सव्वसाहूणं, एसो पंच नमुक्कारो, सव्व पावप्पणासणो, मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥

करेमि भंते सामाइयं सव्वं सावज्जं जोगं पच्चक्खामि जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न

समणुज्जाणामि तस्स भंते पडिक्कमामि निंदामि गरि-हामि अप्पाणं वोसिरामि ।

चत्तारि मंगलं, अरिहंता मंगलं, सिद्धा मंगलं, साहू मंगलं, केवलिपण्णत्तो धम्मो मंगलं॥ चत्तारि लोगुत्तमा, अरिहंता लोगुत्तमा, सिद्धा लोगुत्तमा, साहू लोगुत्तमा, केवलिपण्णत्तो धम्मो लोगुत्तमो ॥ चत्तारि सरणं पव्वज्जामि, अरिहंते सरणं पवज्जामि, सिद्धे सरणं पवज्जामि, साहू सरणं पवज्जामि, केवलिपण्णत्तं धम्मं सरणं पवज्जामि ॥

**वृत्तिः । :-**

मङ्गलपूर्वकञ्च प्रतिक्रमितव्यं अतः सूत्रकार एव तदाह-चत्तारिमंगलमिति । माम् भवाद् गालयतीति वा मङ्ग्यते गम्यते हितमनेनेति वा मङ्गं धर्मं लातीति वा मङ्गलम् । क एते? चत्वारि इत्याह - अर्हन्तोऽर्हमित्यष्टमहाप्रातिहार्यपूजामित्यर्हन्तो विहरमाना जिनेन्द्रास्ते मङ्गलम् ।

सितं बद्धं कर्म ध्मातं दग्धं यैस्ते सिद्धास्ते च । निर्वाण-साधकान् योगान् साधयन्तीति साधवस्ते च साधुग्रहणादाचार्यो-पाध्यायानामपि सङ्ग्रहः । केवलिभिः सर्वज्ञैः प्रज्ञप्तः प्ररूपितो धर्मः श्रुत-चारित्रात्मा स च मङ्गलमिति ।

कुतः पुनरे[ते]षां मङ्गलता ? लोकोत्तमत्वात् तथाह- चत्तारिलोगुत्तमा इत्यादि सुगमः । तत्राऽर्हन्तस्तावद् भावलोको -त्तमाः सर्वासां शुभकर्मप्रकृतीनामुदये वर्तमानत्वात् । सिद्धास्तु क्षेत्रलोकोत्तमास्त्रैलोक्यमस्तकस्थितत्वात् । साधवस्तु सम्यग् दर्शन- ज्ञान-चारित्राणि प्रतीत्य भावलोकोत्तमाः । श्रुतधर्मः क्षायोपशमिक भावापेक्षया चारित्रधर्मस्तु क्षायिक-क्षायोपशमिकभावापेक्षया लोकोत्तम इति ।

लोकोत्तमत्वं शरण्यत्वादाह-

चत्तारि शरणमित्यादि स्पष्टं । नवरं शरणं प्रपद्ये = संसारभयत्राणायाऽऽश्रयं गच्छामि ।

**અર્થપ્રભા :-**

ટીકાકાર મહર્ષિએ યતિપ્રતિક્રમણ સૂત્રમાં પ્રથમ જે બે સૂત્રોનું સ્થાન રહેલું છે તે નમસ્કાર મહામંત્ર અને કરેમિભંતે સૂત્ર ઉપર વૃત્તિમાં કશો જ ઉલ્લેખ કર્યો નથી. ટીકા તો નથી મૂકી, ઉલ્લેખ પણ નથી કર્યો. તેવો અભિપ્રાય હોઈ શકે કે આ બંને સૂત્રો અને તેના અર્થ યતિપ્રતિક્રમણસૂત્ર સુધી પહોંચનાર માટે બહુપરિચિત રહે તેવી સંભાવના છે તેથી પુનરુક્તિ કરવી નથી.

અમે પણ અહીં તે બે સૂત્રોના શબ્દાર્થ રજૂ કરીએ છીએ અને તે પછી ટીકાના વિષયવસ્તુમાં ઉંડા ઉતરીશું.

**❀ નવકારનો શબ્દાર્થ :**

અરિહંતોને નમસ્કાર થાઓ ! સિદ્ધોને નમસ્કાર થાઓ ! આચાર્યોને નમસ્કાર થાઓ ! ઉપાધ્યાયોને નમસ્કાર થાઓ ! લોકમાં

રહેલ સર્વ સાધુભગવંતને નમસ્કાર થાઓ !

આ પાંચને કરેલો નમસ્કાર સકળ પાપોનો વિનાશ કરે છે, સકળ મંગળોમાં પ્રથમ મંગલ પણ બને છે.

**❀ કરેમિભંતે'નો શબ્દાર્થ :-**

હે ભગવંત ! હું સામાયિક કરું છું અને સર્વ સાવદ્યયોગોનું જીવનભર પચ્ચક્ખાણ કરું છું. મન, વચન અને કાયાથી હું સાવદ્ય કરીશ નહીં, અન્ય પાસે કરાવીશ નહીં અને કરનારને અનુમોદન પણ આપીશ નહીં. આમ, મારી સાવદ્યત્યાગની પ્રતિજ્ઞા જીવનભર ત્રિવિધ-ત્રિવિધે બની રહો !

આજ પર્યંત જે સાવદ્ય કર્યાં છે, ભગવંત ! તેનાથી હું પાછો ફરું છું, તેની નિંદા કરું છું, તેની ગર્હા કરું છું તેમજ પાપવિશિષ્ટ મારા આત્માને વોસિરાવું છું.

**❀ ચત્તારિ મંગલં××× અંગે...**

પ્રતિક્રમણ મંગલક્રિયા પૂર્વકનું બનવું જોઈએ, તેથી સૂત્રકાર હવે મંગલ અંગે કહે છે.

વૃત્તિકાર મહર્ષિ मङ्गल શબ્દની ત્રણ વ્યાખ્યાઓ આપી રહ્યા છે -

(૧) माम् गालयति भवादिति मङ्गलम् ।
સંસારમાંથી આત્માને/મને જે બહાર કાઢે તેનું નામ મંગલ !

(૨) मङ्ग्यते गम्यते हितमनेनेति मङ्गलम् ।
જેના આલંબને હિતને પામી શકાય તેને મંગલ કહેવાય !

(૩) मङ्गं धर्मं लातीति मङ्गलम् ।

ધર્મની વાવણી કરે અથવા લણણી કરે તેને કહેવાય મંગલ !

મંગલરૂપ વ્યક્તિઓ/તત્ત્વ ચાર છે -

- પહેલું મંગલ અરિહંત ભગવંત છે. અષ્ટમહાપ્રાતિહાર્યની પૂજાને યોગ્ય જેઓ છે તેમને અર્હન્ત કહેવાય. અર્હન્ત એટલે જ અરિહંત ભગવંત.
- બીજું મંગલ સિદ્ધ ભગવંત છે. સિદ્ધ શબ્દની વ્યુત્પત્તિ અહીં વિશિષ્ટ થઈ છે. सि એટલે सितं = બંધાયેલા કર્મ અને द्ध એટલે તેને ध्मातं બાળી નાંખવા. બંધાયેલ સર્વ કર્મને જેમણે બાળી નાંખ્યાં તેઓને સિદ્ધ કહેવાય.
- ત્રીજું મંગલ છે, સાધુભગવંત. મોક્ષ આપનારા યોગની જેઓ સાધના કરે છે તેઓ સાધુ છે.
- ચોથું મંગલ છે, ધર્મ. કેવળીભગવંતે કહેલો શ્રુત અને ચારિત્રરૂપ ધર્મ જ વાસ્તવિક ધર્મ છે.

**❀ મંગળ, મંગળ શા માટે ? લોકોત્તમ, લોકોત્તમ શા માટે ?**

અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલિ કથિત ધર્મ મંગળ રૂપ એટલાં માટે છે કે તે ચારેમાં લોકોત્તમપણું રહેલું છે.

અરિહંતો ભાવ લોકોત્તમ છે કેમકે સર્વ શુભકર્મ પ્રકૃતિઓ તેમને ઉદયમાં રહેલી હોય છે.

સિદ્ધો ક્ષેત્ર લોકોત્તમ છે કેમકે ત્રણ લોકના મસ્તક ભાગે તેઓ અવસ્થાન પામેલાં છે. સાધુઓ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રને આશ્રયીને ભાવલોકોત્તમ છે અને ધર્મ અંગે એ સમજવું રહ્યું કે શ્રુતધર્મ ક્ષાયોપશમિકભાવની અપેક્ષાએ તેમજ ચારિત્ર ધર્મ ક્ષાયોપશમિકભાવ અને ક્ષાયિકભાવ બંનેની અપેક્ષાએ લોકોત્તમ છે.

આમ, ધર્મ પણ ભાવ લોકોત્તમ છે.

આ ચારે લોકોત્તમ પણ એટલા માટે કહેવાય, તેમનામાં સંસારવર્તી જીવોને શરણ આપવાની તાકાત છે. તેઓ શરણ યોગ્ય છે માટે લોકોત્તમ છે. આમ, આ ચારે શરણ યોગ્ય છે તે નક્કી થયું.

અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલિ કથિત ધર્મ, ચારે સંસાર રુપી મહાભયથી રક્ષણ આપનાર છે તેથી તે ચારેનું શરણ સ્વીકારૂં છે.

**विषयनिर्देशिका । :-**

इत्थं कृतः मङ्गलोपचारः प्रतिक्रमणसूत्रमाह –

**અર્થપ્રભા :-**

ઉપર વર્ણવ્યું તે પ્રમાણે ચારે ઉત્તમ તત્ત્વોના શરણઆદિ મંગલ વિધિ ઉપદેશીને સૂત્રકાર હવે પ્રતિક્રમણ સૂત્ર કહે છે..

## मूलम् । :-

इच्छामि पडिक्कमिउं जो मे देवसिओ अइआरो कओ, काइओ, वाइओ, माणसिओ, उस्सुत्तो उम्मग्गो, अकप्पो, अकरणिज्जो, दुज्झाओ, दुव्विचिंतिओ, अणा-यारो अणिच्छिअव्वो, असमणपाउग्गो नाणे दंसणे चरित्ते, सुए सामाइए, तिण्हं गुत्तीणं, चउण्हं कसायाणं, पंचण्हं महव्वयाणं, छण्हं जीवनिकायाणं, सत्तण्हं

पिंडेसणाणं, अट्ठण्हं पवयणमाउणं, नवण्हं बंभचेरगुत्तीणं दसविहे समणधम्मे, समणाणं जोगाणं, जं खंडियं, जं विराहियं, तस्स मिच्छा मि दुक्कडम् ॥

**वृत्तिः । :-**

इच्छामि पडिक्कमिउं इत्यादि । इच्छामि अभिलषामि प्रतिक्रमितुं यो मया दैवसिको दिवसेन निवृतौ दिवसपरिणामो वाऽतिचारः कृतस्तस्मादिति गम्यते । स पुनः कायिकादि भेदादनेकधा भवत्यत आह- कायिको वाचिक्यो मानसिकश्च कायादिकृत इत्यर्थ । नवरं मनसा कृतो मानसः, मानस एव मानसिकः स्वार्थे इकण् ।

उत्सूत्रः सिद्धान्तविरूद्धः उद्गतः सूत्रादुत्सूत्रः सूत्रेऽनुक्त इत्यर्थः । उन्मार्गः क्षायोपशमिकभावरूपं मार्गमतिक्रम्यौदयिकभावे कृतः । कल्प आचारः, न कल्पोऽकल्पः । कल्पशब्द [वाच्यात्] चरण-करणव्यापाररूपः । अकरणीयोऽकृत्यः । हेतु - हेतुमद्-भावश्चात्र । यत एवोत्सूत्रमत एवोन्मार्गः । यत एवोन्मार्ग अत एवाऽकल्पः । यत एवाऽकल्पोऽत एवाऽकरणीयः । तथा दुर्ध्यात एकाग्रचित्ततयाऽऽर्त-रौद्रलक्षणः। दुश्चिन्तितोऽशुभ एव चलचित्ततया, जं थिरमज्झवसाणं तं झाणं जं चलं ठियं चित्तमितिवचनात् ।

यत एवेत्थम्भूत अत एवाऽऽनाचारोऽनाचरणीयः । यत एवानाचारोऽत एवानेष्टव्यो मनागपि मनसापि न प्रार्थनीय

आस्तां तावत् । यत एवानेष्टव्योऽत एवाऽश्रमणप्रायोग्यः श्रमणा-नुचितमित्यर्थः । किं विषयोऽयमतिचार इत्याह - ज्ञाने दर्शने चारित्रे ज्ञान-दर्शन-चारित्रविषये । भेदेनाह - श्रुते श्रुतविषये उपलक्षणत्वान्मत्यादौ च विपरीतप्ररूपणा - अकालस्वाध्याया-दिभिरतिचारः । सामायिके सम्यक्त्वसामायिक - सर्वविरति-सामायिकविषये । तत्र सम्यक्त्वसामायिकातिचारः शङ्कादि, सर्वविरतिसामायिकातिचारं तु भेदेनाह - तिसृणां गुप्तीनामयथा-वस्थितकरणेन ।

चतुर्णां कषायाणां प्रतिषिद्धानां क्रोधादीनां करणेन । पञ्चानां महाव्रतानां प्राणातिपातविरत्यादिनां, षण्णां जीवनिकायानां पृथ्वीकायादीनाम्, सप्तानां पिण्डैषणानामसंसृष्टादीनाम् ।

१) तत्राऽसंसृष्टाऽसंसृष्टाभ्यां हस्तमात्रकाभ्यां दीयमाना भिक्षा
२) संसृष्टाभ्यां तु संसृष्टा ।
३) उद्धृत्या [उद्धृता] स्थाल्यादिभ्यः सार्धमुत्क्षिप्ता ।
४) अल्पलेपिका लेपरहिता वल्लचणकादि ।
५) अवगृहीता भोजनकालशरावाद्याहितभोज्यवस्तुमध्यादुत्पा-टिता ।
६) प्रगृहीता भोज्यभोजनार्थकरोपात्तभोज्यमध्याद् दातुमिष्टा ।
७) उज्झितधर्मा अन्यानभिलाष्यमाणपरित्यज्यमानसत्काद्या-दानरूपा ।

सप्तानां पानैषणानां पिण्डैषणावत् नवरमायामाल्ल्या-द्यल्पलेपं द्राक्षापानादि सलेपम् ।

अष्टानां प्रवचनमातृणां गुप्ति-समितिरूपाणां तत्र प्रविचा-राऽऽचाररूपा गुप्तयः समितयः प्रतीचाररूपा एव, तथा चोक्तम्-

समिउ नियमा गुत्तो गुत्तो समियत्तणंमि भइयव्वो ।
कुसलवयमुइरंतो जं वइगुत्तो वि समिउ वि ॥

प्रवीचारोव्यापाराः । नवानां ब्रह्मचर्यगुप्तीनां वक्ष्यमाणानाम् । दशविधे श्रमणधर्मे वक्ष्यमाणे । ततो गुप्त्यादिषु ये श्रमण-सम्बन्धिनः श्रमणानामेते योगव्यापाराः सम्यक् सेवन-श्रद्धान-प्ररूपणलक्षणास्तेषां मध्याद् यत्किञ्चित् खण्डितं देशतोभग्नम्, यद्विराधितं सुतरां भग्नं न पुनरेकान्ततो भावमायादितस्तस्य दैवसिकातिचारस्य । एतावता क्रियाकालमाह । 'मिच्छा मि दुक्कडम्' मिथ्येति प्रतिक्रमामि दुष्कृतमेतदकर्तव्यमिदमित्यर्थः ।

एतच्चातिचारसूत्रं सामायिकसूत्रानन्तरमतिचारस्मरणार्थ-मुच्चारितम् । पुनर्वन्दनकं दत्वा गुरोः स्वातिचारज्ञापनार्थम-धीतमिह तु प्रतिक्रमणाय पुरतस्तु पुनरतिचारशुद्धिविमलीकर-णार्थमुच्चारयिष्यत इति । न पुनरुक्तम् । एवमेवातिचारस्य समाप्तेन प्रतिक्रमणमुक्तम् ।

**અર્થપ્રભા :-**

હું દૈવસિક અતિચારોનું પ્રતિક્રમણ કરવાની અભિલાષા રાખું છું. અહીં જિજ્ઞાસા ઉદ્ભવે છે કે દૈવસિક અતિચાર કોને કહેવાય? તેનું સમાધાન તે છે કે દિવસના અંતે જે અતિચારોથી પ્રતિક્રમણ કરવાનું છે તેને દૈવસિક અતિચાર કહેવાય તેમજ બીજી વ્યાખ્યા તે છે કે દિવસ દરમ્યાન જે અતિચારો લાગ્યાં તેને દૈવસિક અતિચાર કહેવાય.

તે દૈવસિક અતિચારોના મુખ્ય ત્રણ ભેદ છે.

(૧) કાયા વડે કરેલાં અતિચારો
(૨) વચન વડે સેવેલાં અતિચારો
(૩) મન વડે ચિંતવેલાં અતિચારો

**❀ નવ પ્રકારના દૈવસિક અતિચારો :**

દૈવસિક અતિચારો નવ પ્રકારે છે.

(૧) **उस्सुत्तो** :- સિદ્ધાંતથી વિપરીત જે પ્રરૂપણા થાય કે જે સૂત્રમાં કહેવાયેલી તો નથી બલ્કે સૂત્રને બાધ પહોંચાડનારી છે તેને ઉત્સૂત્ર કહેવાય.

(૨) **उम्मग्गो** :- ક્ષાયોપશમિક ભાવ એ માર્ગ છે અને ઔદયિક ભાવ એ ઉન્માર્ગ છે, ક્ષાયોપશમિક ભાવને ઓળંગીને ઔદયિક ભાવને આધીન થવું તેને ઉન્માર્ગ કહેવાય.

(૩) **अकप्पो** :- કલ્પ એટલે આચાર. આચારથી વિરુદ્ધ વર્તવું એટલે અકલ્પ. વાચ્યાર્થથી અહીં ચરણસિત્તરી-કરણસિત્તરીને કલ્પ તરીકે સ્વીકારી છે. તે બેથી વિરુદ્ધ વર્તવું તેને અકલ્પ કહેવાય.

(૪) **अकरणिज्जो** :- જે કરવા યોગ્ય નથી તેને કરવા યોગ્ય સમજવું - કહેવું - કરવું તેને અકરણીય કહેવાય.

(૫) **दुज्झाओ** :- ચિત્તની એકાગ્રતા એટલે ધ્યાન. એકાગ્રતાપૂર્વક આર્ત અને રૌદ્ર પરિણામોને વશ થવું તેને દુર્ધ્યાન કહેવાય.

(૬) **दुव्विचिंतिओ** :- ચિત્તની ચંચળતા અશુભ હોવાથી તેને જ અહીં દુશ્ચિન્તિત કહી છે.

(૭) **अणायारो** :- દુર્ધ્યાન અને દુશ્ચિન્તિત રૂપ જે નહીં આચરવા યોગ્ય આચરણા છે તેને અહીં અનાચાર કહી છે.

(૮) **अणिच्छिअव्वो** :- મનથી પણ જે ઈચ્છવા યોગ્ય નથી, દૂર જ રાખવા લાયક છે તેને અનેષ્ટવ્ય કહેવાય.

(૯) **असमणपाउग्गो** શ્રમણ માટે જે પ્રાયોગ્ય = ઉચિત નથી તેવું તમામ વર્તન અશ્રમણપ્રાયોગ્ય કહેવાય.

**❋ દૈવસિક અતિચારોમાં નવે પ્રકારમાં પરસ્પર કારણ-કારણીભાવ રહેલો છે.**

અહીં જે નવ દૈવસિક અતિચાર પ્રકારો કહ્યાં છે તેમાં પરસ્પર હેતુ-હેતૂમદ્ભાવ રહેલો છે. હેતુ-હેતૂમદ્ભાવ એટલે જ કારણ-કારણીભાવ. જેમાં એક પદાર્થ બીજા પદાર્થની ઉત્પત્તિનું કારણ બને છે અને પોતે પણ તેવા જ કારણોથી નિષ્પન્ન પણ હોય છે તેવા પદાર્થોની શૃંખલા વચ્ચે રહેલો જે સંબંધ તેને કારણ-કારણીભાવ કહેવાય.

અહીં તે આ રીતે ઘટે છે :

(૧) જ્યાં ઉત્સૂત્ર ઉત્પન્ન થયું ત્યાં તે ઉત્સૂત્ર જ ઉન્માર્ગનું કારણ બને છે માટે ઉત્સૂત્ર અને ઉન્માર્ગ વચ્ચે કારણ-કારણીભાવ સ્થપાયો. ઉત્સૂત્ર કારણ બન્યું અને ઉન્માર્ગ કારણી બન્યો.

(૨) એ જ રીતે ઉન્માર્ગ અને અકલ્પ વચ્ચે પણ કારણ-કારણી ભાવ રહેલો છે. ઉન્માર્ગનો સ્વીકાર ઓછા-વત્તા અંશે થયો એટલે અકલ્પ આવ્યો. અહીં ઉન્માર્ગ કારણ બન્યો અને અકલ્પ કારણી બન્યો.

(૩) અકલ્પ પ્રવેશ્યો એથી અકરણીય પણ ઉત્પન્ન થઈ શક્યો. અહીં પણ અકલ્પ કારણ બન્યો અને અકરણીય કારણી બન્યો.

(૪) અકરણીય જ્યાં છે ત્યાં તેથી જ દુર્ધ્યાન પણ પેદા થઈ શકશે. આમ, દુર્ધ્યાનનું કારણ અકરણીય બન્યું અને દુર્ધ્યાન કારણી બન્યું.

(૫) આ જ રીતે દુર્ધ્યાન અને દુશ્ચિન્તિત વચ્ચે, (૬) દુશ્ચિન્તિત અને અનાચાર વચ્ચે (૭) અનાચાર અને અનેષ્ટવ્ય વચ્ચે (૮) તેમજ અનેષ્ટવ્ય અને અશ્રમણપ્રાયોગ્ય વચ્ચે કારણ-કારણી ભાવ રહેલો છે.

જેમાં અનુક્રમથી વિચાર કરીએ તો પૂર્વનો અતિચાર પ્રકાર પશ્ચિમવર્તી અતિચાર પ્રકારનું કારણ બને છે અને પશ્ચિમવર્તી અતિચારપ્રકાર કારણી બને છે.

અહીં ઉંડાણથી વિચારતા નવે અતિચાર પ્રકારો જેમ અનુક્રમથી કારણ-કારણી બન્યાં તેમ વ્યતિક્રમથી પણ કારણ-કારણીભાવની સંભાવના તેઓની વચ્ચે રહેલી જણાઈ આવે છે.

**❋ અતિચારના વિષયો :-**

આ નવે અતિચારના વિષયો પાંચ છે -

(૧) જ્ઞાનના વિષયમાં (૨) દર્શનના વિષયમાં (૩) ચારિત્રના વિષયમાં (૪) શ્રુતના વિષયમાં, અહીં ઉપલક્ષણથી મતિજ્ઞાન પણ ગ્રહણ કરી લેવું જોઈએ. શ્રુતના વિષયમાં અકાળે સ્વાધ્યાય, વિપરીત પ્રરૂપણા વિગેરે આઠે અતિચારો ગ્રહણ કરી લેવા. (૫) સામાયિકના વિષયમાં... અહીં સમ્યક્ત્વ સામાયિક અને સર્વવિરતિ સામાયિક, બંને ગ્રહણ કરવી અને તે બંનેના અતિચારો તેના વિષયમાં ગ્રહણ કરવા.

આ પાંચ વિષયોમાં ઉપરોક્ત નવ પ્રકારે જે અતિચારો સેવ્યાં હોય...

### ❀ સર્વવિરતિસામાયિકના અતિચાર ભેદો :-

પ્રસ્તુત સૂત્રમાં હવે સર્વવિરતિ સામાયિકના અતિચારો ભેદકથન પૂર્વક વર્ણવે છે. સર્વવિરતિસામાયિકના મુખ્ય ભેદો આઠ છે અને તેના પેટા ભેદો અનેક છે.

(૧) ત્રણ ગુપ્તિનું યથાસ્થિત રૂપે પાલન ન કર્યું હોય.

(૨) ક્રોધ-માન-માયા-લોભ આ ચાર કષાયોનું સેવન કર્યું હોય.

(૩) પ્રાણાતિપાત વિરમણ આદિ પાંચ મહાવ્રતોના વિષયમાં દોષ લાગ્યો હોય.

(૪) છ-જીવનિકાયની વિરાધનાદિ થઈ હોય.

(૫) સાત પ્રકારે પિંડેષણા છે તે સંબંધમાં જે અતિચારો સેવ્યાં હોય. અહીં ઉપલક્ષણથી પાનેષણાના પણ સાત પ્રકાર વિવક્ષિત છે અને સાતે પિંડેષણાનું સંક્ષિપ્ત વર્ણન ટીકાકારે આપ્યું છે છતાં પ્રસ્તુત <u>यतिप्रतिक्रमणसूत्र</u> ના બીજા આલાપકમાં ગોચરી ચર્યાનું વિશેષ વર્ણન થવાનું હોવાથી અત્રે તેનો વિસ્તાર ન કરતાં ફક્ત નામો જણાવીએ છીએ.

૧) અસંસૃષ્ટા ૨) સંસૃષ્ટા ૩) ઉદ્ધૃતા ૪) અલ્પલેપિકિા ૫) અવગૃહિતા, ૬) પ્રગૃહિતા, ૭) ઉજ્ઝિત ધર્મા... આ સાત પિંડેષણાના નામો છે.

(૬) આઠ પ્રકારની પ્રવચનમાતાઓ છે તેમાં ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિનો સમાવેશ થાય છે. ગુપ્તિ એ આચારના પ્રવિચાર રૂપ છે અને સમિતિ એ આચારના પ્રતિચાર રૂપ છે. જે આચાર હંમેશા સ્વીકારવાનો છે તે પ્રવિચાર છે અને આલંબનવિશેષ ઉપસ્થિત થતાં જે આચાર સ્વીકારવાનો છે તે પ્રતિચાર છે.

આમ, આ ગુપ્તિ-સમિતિ રૂપ આઠ પ્રવચનમાતાના વિષયમાં જે અતિચાર થયાં હોય.

(૭) બ્રહ્મચર્યની નવ ગુપ્તિ જે આગળ વર્ણવાશે.

(૮) દશ પ્રકારે સંયમ ધર્મ છે તેનું પણ આગળ વર્ણન થશે.

આમ, આ ત્રણ ગુપ્તિ વિગેરે આઠે મુખ્ય અતિચાર ભેદો શ્રમણોના યોગવ્યાપાર રૂપ છે - તેનું સમ્યક્ રીતે સેવન કરવું જોઈએ, શ્રદ્ધા કરવી જોઈએ અને પ્રરૂપણા કરવી જોઈએ. હવે શ્રમણોના યોગવ્યાપાર પૈકી જે પણ યોગવ્યાપારનું જે કાંઈ ખંડન કર્યું કે પછી વિરાધના કરી તેનું હું મિથ્યા દુષ્કૃત આપું છું.

અહીં ખંડનનો અર્થ શ્રમણધર્મના યોગનું આંશિક ખંડન કરવું તે છે અને વિરાધનાનો અર્થ વિશેષ ખંડન કરવું તે છે. વિશેષ ખંડનમાં પણ ઐકાંતિકખંડન તો નથી જ સમજવાનું એટલે કે માયામૃષાવાદ વિગેરે પૂર્વકનું શ્રમણ વ્યાપારનું ખંડન ઐકાંતિક ખંડન છે તે અહીં 'વિરાધનામાં' ગ્રાહ્ય નથી પરંતુ દેશખંડનથી વધુ વિરાધના થઈ છે તે 'વિરાધના'માં ગ્રાહ્ય છે.

આવું જે કંઈ ખંડન કે વિરાધના કરી તેનાથી હું પાછો ફરું છું.

**❀ આ સૂત્રની પુનરુક્તિ કેમ ?**

અહીં એ પ્રશ્ન ઉઠે છે કે પ્રતિક્રમણ વિધિ શરૂ કર્યા પછી આ इच्छामि पडिक्कमिउं जो मे देवसिओ अइआरो० સૂત્ર વારંવાર બોલાતું અહીં ત્રીજી વખત ઉચ્ચારણ થાય છે તો આવી પુનરુક્તિ કેમ ? તેનો જવાબ નીચે પ્રમાણે સમજવો.

(૧) પહેલીવાર આ સૂત્ર પ્રતિક્રમણ ઠાવ્યાં પછી સામાયિક સૂત્ર એટલે કે करेमिभंते० ના પાઠ પછી બોલવામાં આવે છે તેનો હેતુ તે છે કે ત્યાં કાઉસ્સગ્ગમાં અતિચારોનું સ્મરણ કરવાનું છે. તે સ્મરણ બરાબર થઈ શકે તે માટે ત્યાં આ સૂત્રનો પાઠ કરાય છે.

(૨) તે પછી વાંદણા આપ્યાં પછી બીજી વાર આ સૂત્ર જે બોલાય છે તેનું કારણ તે છે કે ત્યાં ગુરુ સમક્ષ દૈવસિક અતિચારોનું નિવેદન કરવાનું છે. તે યથાર્થપણે થવું જોઈએ. તે માટે ફરી આ સૂત્ર બોલાય છે.

(૩) ત્યારબાદ અહીં ત્રીજીવાર જે આ સૂત્ર બોલાયું તેનું કારણ તે છે કે હવે ચોથા આવશ્યકમાં પ્રવેશેલો આત્મા મોટું પ્રતિક્રમણ સૂત્ર સ્મરી-બોલીને પાપોનું પ્રતિક્રમણ કરવા જઈ રહ્યો છે ત્યારે આ સૂત્ર તેની સાથે અનુસંધાન ધરાવે છે. ચોથા આવશ્યકનું જ અંગ છે તેથી પુનરુક્તિ જેવું કશું બનતું નથી. બલ્કે અતિચારોની નિર્મળતા માટેનો પ્રયાસ છે.

**विषयनिर्देशिका ।**

सांप्रतं विभागेनोच्यते, तत्रापि गमनागमनातिचारमधि
-कृत्याह-

**અર્થપ્રભા :-**

હવે વિભાગવાર પ્રતિક્રમણ વિષયનો વિસ્તાર કરે છે, તેમાં પણ અહીં ગમનાગમનસંબંધી અતિચારોને આશ્રયીને કહે છે :-

## मूलम् । :-

इच्छामि पडिक्कमिउं । इरियावहियाए । विराह

-णाए । गमणागमणे । पाणक्कमणे । बीयक्कमणे । हरियक्कमणे । ओसा उत्तिंग पणगदग मट्टी मक्कडा-संताणासंकमणे । जे मे जीवा विराहिया । एगिंदिया, बेइंदिया, तेइंदिया, चउरिंदिया, पंचिंदिया । अभिहया, वत्तिया, लेसिया, संघाइया, संघट्टिया, परियाविया, किलामिया, उद्दविया, ठाणाओठाणं संकामिया, जीवि-याओ ववरोविया । तस्स मिच्छा मि दुक्कडम् ॥

**वृत्तिः । :-**

इच्छामि पडिक्कमिउं इरियावहियाए इत्यादि, इच्छामि प्रतिक्रमितुं निवर्तितुमैर्यापथिक्यां विराधनायां योऽतिचारस्त-स्मादिति गम्यते । तत्रेरणमीर्यागमनम्, तत्प्रधानः पन्था ईर्याप-थस्तत्र भवा ईर्यापथिकी । तस्यां विराधनायां जन्तुबाधायाम् ।

तद्विषयमाह- गमनं चाऽऽगमनञ्च द्वन्द्वैकवद् भावाद् गमनागमनम् । तस्मिन् तत्रापि कथं विराधनेत्याह- प्राणिनोद्वी-न्द्रियादयस्त्रसास्तेषामाक्रमणे पादादिना पीडने । तथा बीजाक्रमणे । हरिताक्रमणे । आभ्यां सर्वेषां धान्यानां वनस्पतीनाञ्च जीवत्वमाह ।

तथावश्यायोत्तिंगपणकदकमृत्तिका, मर्कटसन्तानसङ्क्रमणे सति । तत्राऽवश्यायस्तुषारजलम्, लोकेऽत्रेह प्रतीतम्, उत्तिंगा भूमौ वृत्तविवरकारिणो गर्दभाकारा जीवाः कीटिकानगराणि वा । पनकः पञ्चवर्णा फुल्लिः । दगमृत्तिका अनुपहतभूमाविव चिकि

-खल्लं यद्वा दकमप्कायो मृत्तिका पृथ्वीकायः, मर्कटसन्तानः कोलिकजालं तेषां क्रमणे आक्रमणे ।

एतेषु च ये केचिन्मया जीवा विराधिताः दुःखे स्थापिताः । ते च एकेन्द्रियाः पृथ्व्यादयः, द्वीन्द्रियाः कृम्यादयः, त्रीन्द्रियाः कीटकादयः, चतुरिन्द्रियाः भ्रमरादयः, पञ्चेन्द्रियाः मूषकादयः ।

विराधनाप्रकारमाह- अभिहता अभिमुखमागता हताः पादेन ताडिता उत्क्षिप्य क्षिप्ता वा । वर्तिताः पुञ्जीकृता धूल्यादिना वा स्थगिताः । श्लेषिताः भूम्यादौ इषत् पिष्टा वा । सङ्घातिता मिथो गात्रैः पिण्डीकृताः । सङ्घट्टिता मनाक् स्पृष्टाः । परितापिताः सर्वतः पीडिताः । क्लामिता ग्लानिं प्रापिताः जीवितशेषाः कृता इत्यर्थः । उद्द्राविता अवत्रासिताः । स्थानात् स्थानं सङ्क्रमिताः स्वस्थानात् परस्थानं नीताः । जीविताद् व्यपरोपिता मारिता इत्यर्थः । एवं योऽतिचारो जातस्तस्य 'मिच्छा मि दुक्कडं' मिथ्या मे दुष्कृतम्, एतद् दुष्कृतं मिथ्या विफलं भवत्वित्यर्थः । अत्रापि क्रियाकालादिभावना प्राग्वत् ॥

**અર્થપ્રભા :-**

ગમનાગમન સંબંધી માર્ગો પર મેં જે કંઈ ગમનાગમન કર્યું તે દરમિયાન જંતુઓને મારા વડે બાધા થવા રૂપ જે વિરાધના મારાથી થઈ તે વિરાધનાથી હું પાછો ફરવા માંગું છું, તેનું પ્રતિક્રમણ કરું છું.

**❀ વિરાધનાના વિષયો :-**

(૧-૨) ગમન અને આગમન એટલે કે જવા-આવવાની

ક્રિયા દરમ્યાન બેઈન્દ્રિય-તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય રૂપ ત્રસ જીવોને મારા પગ વડે કે અન્ય રીતે જે આક્રમણ થયું હોય...

(૩-૪) તે જ રીતે બીજ અને હરિત એટલે કે વનસ્પતિકાય અને ધાન્ય વિગેરે પર પગ પડવા જેવી જે વિરાધના થઈ હોય...

(૫) બરફ, બરફના કણ અને બરફવાળું પાણી, જમીનમાં ગોળાકારના નાના પોલાણ કરીને રહેનારાં જીવો, કીડીના નગરાં, પાંચ વર્ણની લીલ-ફૂગ, પાણી, માટી, કરોળિયા વિગેરે...

આ તમામ પ્રકારના જીવોને મેં જે દુઃખ આપવા રૂપ વિરાધ્યાં હોય...

❀ **જીવોના પ્રકારો :-**

પૃથ્વીકાય વિગેરે એકેન્દ્રિયો, કરમીયા વિગેરે બેઈન્દ્રિયો, કીડી વિગેરે તેઈન્દ્રિયો, ભમરા વિગેરે ચઉરિન્દ્રિયો અને ઉંદર વિગેરે પંચેન્દ્રિયો...

❀ **દશ પ્રકારે હિંસા :-**

ઉપરોક્ત જીવવિષયોમાં, ઉપરોક્ત જીવોની દશ પ્રકારે કદર્થના -હિંસા થાય છે જે નિમ્નવર્ણિત છે -

(૧) **अभिहया** :- જીવને પગેથી દબાવવા, ખસેડવા કે ઉંચકીને ફેંકવા.

(૨) **वत्तिया** :- જીવોને ઢગલા રૂપે એક-મેક પર ઠાલવવા.

(૩) **लेसिया** :- જમીન વિગેરે પર જંતુ વિગેરેને થોડા દબાવવા.

(૪) **संघाइया** :- પરસ્પર ભટકાય તે રીતે જીવોને ભેગા કરવા.

(૫) **संघट्टिया** :- અલગ-અલગ રહેલાં કે ફરતાં જંતુઓ વિગેરેનો ઢેર કરવો.

(૬) **परियाविया** :- તેમને પરિતાપ આપવો.
(૭) **कीलामिया** :- માત્ર જીવ બચે એટલો ત્રાસ પમાડી દેવો.
(૮) **उद्दविया** :- ઉક્ત જીવોને ઉત્પાત થાય તેવું કરવું.
(૯) **ठाणाओ ठाणं संकामिया** :- તેમના દરથી બીજા દરમાં મૂકવા.
(૧૦) **जीवियाओ ववरोविया** :- તેમનું મૃત્યુ નીપજાવવું.

આમ, આ દશે પ્રકારો હિંસાના છે. તે પૈકી જે પણ અતિચાર પ્રકારનું મેં આસેવન કર્યું હોય તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ !

**विषयनिर्देशिका । :-**

इत्थं गमनागमनातिचारप्रतिक्रमणमुक्तमधुना त्वग्वर्तन-स्थानातिचारप्रतिपादनायाह ।

**અર્થપ્રભા :-**

આમ, ગમન-આગમન સંબંધી અતિચારોનું પ્રતિક્રમણ વર્ણવ્યું. હવે ત્વગ્ વર્તન વિષયક અતિચારોના પ્રતિપાદન માટે કહે છે :

## मूलम् । :-

इच्छामि पडिक्कमिउं पगामसिज्झाए । निगाम-सिज्झाए । संथाराउवट्टणाए । परिअट्टणाए । आउंटणाए । पसारणाए । छप्पइय संघट्टणाए । कूइए । कक्कराइए । छीए । जंभाइए । आमोसे । ससरक्खामोसे । आउलमा-उलाए । सोअणवत्तियाए । इत्थी विप्परिआसिआए ।

दिट्ठिविप्परिआसिआए, मणविप्परिआसिआए, पाणभो -अणविप्परिआसिआए, जो मे देवसिओ अइआरो कओ तस्स मिच्छा मि दुक्कडम् ॥

**वृत्तिः । :-**

इच्छामि पडिक्कमिउं पगामसिज्झाए इत्यादि । इच्छामि प्रतिक्रमितुं प्राग्वत् । प्रकामं शयनं शय्या प्रकामं चातुर्यामं शय्या तया शेरतेऽस्यामिति वा, शय्या संस्तारकादिलक्षणा प्रकामा उत्कटा शय्या संस्तारोत्तरपट्टकानि [तदति] रिक्ता, प्रावरणमधिकृत्य कल्पत्रयादतिरिक्ता वा, तया हेतुभूतया स्वाध्यायाद्यकरणतश्चे -हातिचार इति । प्रतिदिवसं प्रकामशय्यैव निकामशय्योच्यते तया च । उद्वर्तनं सुप्तस्य प्रथमतया द्वितीयपार्श्वेन परावर्तनं तदेवोद्वर्तना तया । पुनरन्यपार्श्वेन वर्तनं परिवर्तना तया च, अत्राऽप्यप्रमृज्य कुर्वतोऽतिचारः । आकुञ्चनं गात्रसङ्कोचना तया । प्रसारणा अङ्गानां विक्षेपस्तया ।

अत्र च कुर्कुटीदृष्टान्तेनाकाशे पादप्रसारणाऽऽकुञ्चने प्रमृज्य कार्ये तदकरणमतिचारः, [यदुक्तम्]

कुकुडि पायपसारे जह आगासे पुणो वि आउंटे ।
एवं पसारिउणं आसासे पुणो वि आउंटे ॥१॥

विउण्टयंतीति जहिअं पायस्स पण्हिआगइ ।
तहिअं पमज्जिउणं आगासेणं तु नेऊणं ॥२॥

पादं ठवित्तुं तहिं आगासेणेव पुणोवि आउंटए ।
अविहिम[ईइ]रिंतो अइआरो तत्थ सोएत्ति ॥३॥

षट्पदिकानां यूकानामविधिना सङ्घट्टना स्पर्शना तया । तथा कूजितं कासितं तच्च मुखवस्त्रिकां करं वा मुखे अनिधाय कुर्वतोऽतिचारः । विषमा घर्म्मवतीत्यादि शय्यादोषोच्चारणं कर्करायितं तस्मिन् नार्तध्यानतोऽतिचारः । तथा क्षुते जृम्भिते चाविधिना । आमर्षणमामर्षोऽप्रमृज्यकरणं स्पर्शनं तस्मिन् । सरजस्कामर्षे पृथिव्यादिरजसा यद्वस्तु स्पृष्टं तत्संस्पर्शे सती -त्यर्थः ।

एवं जाग्रतोऽतिचारसम्भवमधिकृत्योक्तमधुना सुप्तः शो -च्यते । आउलमाउलाए इत्यादि, आकुलाकुलया स्त्र्यादिपरिभोग-विवाह-युद्धादि-संस्पर्शन नानाप्रकारया स्वप्नप्रत्यया स्वप्न-निमित्तया योऽतिचार इति गम्यते । सा पुनर्मूलगुणोत्तरगुणविषया भवत्यतोभेदेन दर्शयन्नाह - स्त्रीविपर्यासोऽब्रह्मसेवनं तस्मिन् भवा स्त्रीवैपर्यासिकी तया । स्त्रीदर्शनानुरागस्तदवलोकनं दृष्टिवि -पर्यासस्तस्मिन् भवा दृष्टिवैपर्यासिकी तया । एवं मन [सि स्त्रीसङ्गासङ्गस्य] यः पातो मनोविपर्यासस्तस्मिन् भवा मनो-वैपर्यासिकी तया । एवं पान-भोजनवैपर्यासिक्या रात्रौ पान-भोजनपरिभोग एव विपर्यासः, स्तद्धेतुभूतयेत्यतिचारमाह ।

मयेत्यात्मनिर्देशः, दैवसिकोऽतिचारः कृतस्तस्य मिथ्या दुष्कृतमिति पूर्ववत् । आह - दिवाशयनस्य निषिद्धत्वात् कथं तदतिचारः ? सत्यमिदं वचनम्, ज्ञापयत्यपवादतोऽध्वखेदादौ स्वप्यत इति ॥

**અર્થપ્રભા :-**

યતિપ્રતિક્રમણ સૂત્રનો આ પહેલો આલાવો છે અને તેમાં ૧૩ + ૬ = ૧૯ અતિચારોથી પ્રતિક્રમણ કરવાની કામના કરવાની છે તેમજ તે પૈકી જે-જે અતિચાર અંશતઃ કે સર્વતઃ સેવ્યો હોય તેનું મિચ્છામિ દુક્કડમ્ પણ માંગવાનું છે.

આ પહેલાં આલાપકમાં આપેલાં ઓગણીશ અતિચાર વિષયો પૈકી તેર અતિચારો સાધુ જ્યારે જાગૃત અવસ્થામાં હોય ત્યારે તેના વડે સેવાઈ જાય તેવો સંભવ છે. જ્યારે તે પછી વર્ણવેલા છ' અતિચાર નિદ્રાધીન અવસ્થામાં સેવાઈ જવાનો સંભવ છે.

હા, જાગૃત અવસ્થામાં સંભવિત છે તેવા જે તેર અતિચારો કહ્યાં તે પૈકી કેટલાંક અતિચારો તેવા પણ જણાય છે કે જેનું સેવન શયન અવસ્થામાં પણ નિરંતરિત રહે. જેમકે પહેલો, ત્રીજો, ચોથો અતિચાર. અન્ય અતિચાર માટે પણ એવો સંભવ છે કે - નિદ્રિત અવસ્થામાં પણ તે નિરંતરિત રહે.

**❀ પ્રથમ તેર અતિચારો :-**

હવે જાગૃત અવસ્થામાં જેનો સંભવ છે તેવા ૧૩ અતિચારોને સમજીએ.

इच्छामि पडिक्कमिउं । હું નિમ્નવર્ણિત અતિચારોથી પ્રતિક્રમણ કરું છું...

(૧) **पगामसिज्जाए** । :- પ્રકામ શય્યા કરી હોય તેનાથી... પ્રકામશય્યાના ત્રણ પ્રકાર છે - (A) ચાર પ્રહર સુધી સૂતાં રહેવું તેને પણ પ્રકામ શય્યા કહેવાય. તે અતિચાર એટલાં માટે છે કે સાધુ માટે બે પ્રહરની નિદ્રા અનુમત થયેલી છે. (B) સંથારો અને ઉત્તરપટ્ટો; શયન માટે બે જ ઉપકરણ

વપરાય. ઉક્ત બેથી વધારે પાથરણ વાપરીએ તેને પણ પ્રકામ શય્યા કહેવાય. (C) ઓઢવા માટે ત્રણ કપડા એટલે કે કપડો, કામળી અને કામળીનો કપડો; આમ ત્રણ વપરાય. તેથી વધારે વાપરીએ તેને પણ પ્રકામ શય્યા કહેવાય.

આ ત્રણ પૈકી કોઈ પણ પ્રકારની પ્રકામ શય્યા સ્વાધ્યાયમાં વ્યાઘાત કરનારી છે. તેથી તે વર્જિત છે.

(૨) **निगाम सिज्झाए** :- વારંવાર અથવા રોજે પ્રકામ શય્યા કરવી તેને નિકામ શય્યા કહેવાય. તેના વડે તો સ્વાધ્યાયનો પૂર્વથી પણ વિશેષ વ્યાઘાત થાય છે.

(૩) **संथारा उव्वट्टणाए** :- સંથારામાં એક પડખે સૂતાં હોઈએ ત્યાંથી બીજા પડખે પડખું ફેરવીએ તેને ઉદ્વર્તન કહેવાય.

(૪) **परिअट्टणाए** :- ફરી બીજા પડખેથી પહેલા પડખે પડખું બદલીએ તેને પરિવર્તન કહેવાય.

આ ત્રીજા અને ચોથા અતિચારમાં પ્રમાર્જના કર્યા વિના પડખું બદલીએ તે દોષ છે. પ્રમાર્જન કરીને ઉદ્વર્તન-પરિવર્તન કરીએ તો દોષ નથી.

(૫-૬) **आउंटणाए, पसारणाए** :- શરીરના અંગોપાંગોને સંકોચવા એટલે આકુંચન અને ફેલાવવા એટલે પ્રસારણ. બંને કાર્ય પ્રમાર્જનાપૂર્વક થવું જોઈએ. પ્રમાર્જના વિના અંગોપાંગોનું જે સંકોચન-પ્રસારણ થાય તે અતિચાર છે.

વૃદ્ધ સૂરિવરોની ગાથામાં તો ત્યાં સુધી કહેવાયું છે કે કુકડી જે રીતે પોતાના પગ આકાશમાં સ્હેજ અદ્ધર રાખે તે રીતે પગ ઉંચા રાખીને સાધુ સૂવે. હવે, આ રીતે સૂતાં અવાર-નવાર પગ આકાશમાં થોડા અદ્ધર લેવા પડે, શ્રમ

થતાં નીચે લેવા પડે, બંને વેળાએ પૂંજવા જોઈએ. ન પૂંજીએ તો અતિચાર છે. આ અતિચાર ઉક્ત પાંચમા-છઠ્ઠા નંબરમાં સૂચિત થયેલો છે.

(૭) **छप्पइय संघट्टणाए** :- માથામાં રહેલી જૂ = યૂકાને અવિધિથી સ્પર્શ કર્યો હોય તો...

(૮) **कूइए** :- મુખે મુહપત્તી રાખ્યા વગર ખાંસી ખાધી હોય તો...

(૯) **कक्कराइए** :- જ્યાં શયન કરવાનું છે અને કરીએ છીએ તે જગ્યા વિશે "આ ખાડા-ટેકરાવાળી જમીન છે, Flouring માં Level જાળવ્યું નથી, ઉંચું-નીચું તળિયું છે, સમતલ ભૂમિ નથી, મકાનમાં Bumper બફારો છે..." વિગેરે બોલવું તે પણ આર્તધ્યાનનું કારણ હોવાથી અતિચાર રૂપ છે... આવું કર્યું હોય તો...

(૧૦-૧૧) **छीए, जंभाइए** :- છીંક આવે, બગાસુ આવે ત્યારે મુખ આગળ મુહપત્તી ન રાખી હોય તો...

(૧૨-૧૩) **आमोसे, ससरक्खामोसे** :- જમીનને કે દિવાલ વિગેરેને પ્રમાર્જ્યા વિના અડ્યાં હોઈએ તો તેમજ જેના પર રજ-માટી ચોંટ્યાં છે તેને પણ પ્રમાર્જ્યા વિના સ્પર્શ્યા હોઈએ તો...

આ તેર અતિચારો જાગૃત અવસ્થામાં થવાનો વિશેષ સંભવ છે.

**❋ ૭ અતિચારો :-**

(૧-૨) ***आउल-माउलाए, सोअणवत्तिआए*** :- *સૂતાં હોઈએ ત્યારે* ચિત્તમાં વ્યગ્રતા-વ્યાકુળતા ધરી હોય તો તેમજ સુતા હોઈએ ત્યારે સ્વપ્નમાં યુદ્ધ, સ્રીભોગ વિગેરે પાપો કર્યા હોય તો...

સ્વપ્નમાં અતિચારસેવન મૂલગુણ અને ઉત્તરગુણ બંનેને આશ્રયીને સંભવે છે. એટલે હવે તે સ્વપ્નના અતિચારોના પેટા અતિચાર તરીકે નિમ્નોક્ત વધુ ચાર અતિચારો કહે છે.

(૩) **इत्थीविप्परिआसिआए** :- સ્ત્રીના વિષયમાં વિપર્યાસ થયો હોય તો અર્થાત્ અનુરાગ જાગ્યો કે પછી ભોગ કર્યો હોય તો...

(૪) **दिट्ठिविप्परिआसिआए** :- સ્વપ્નમાં સ્ત્રીને જોઈ, જોઈને તેને વારંવાર જોવાની ઉત્કંઠા કરી અથવા તો તેના દર્શનથી તેના પ્રત્યે અનુરાગ કર્યો હોય તો... આને દૃષ્ટિવિપર્યાસિકા કહેવાય.

(૫) **मणविप्परिआसिआए** :- સ્વપ્નમાં મનથી સ્ત્રીના સંગની દાનત જાગી જાય તેને મનવિપર્યાસિકા કહેવાય. તેવું કર્યું હોય તો.

(૬) **पाण-भोअणविप्परिआसिआए** :- સ્વપ્નમાં વિવિધ પ્રકારના પેય કે ભોજ્ય આરોગ્યાં અથવા તેનો અભિલાષ કર્યો હોય તો તેને પાનભોજન વિપર્યાસિકા કહેવાય. તેવું કર્યું હોય તો...

**❋ સાધુ દિવસે સૂએ નહીં તો પછી આ છ અતિચાર શા માટે ?**

જરૂર, દિવસે સૂવાનો સાધુને સામાન્યથી નિષેધ છે પણ તેવો એકાંત નથી. બિમારી, ઉગ્રવિહાર જેવા નિમિત્તોને લઈ શ્રાન્ત થયેલ સાધુ દિવસે સૂએ પણ ખરો અને ત્યારે તેને આ શયનસંબંધી અતિચારો પણ સંભવે છે.

આમ, ઉપર કહ્યાં તે ઓગણીશ પૈકી કોઈ પણ દૈવસિક અતિચાર મેં સેવ્યો હોય તો તેનું મિચ્છા મિ દુક્કડં આપું છું.

**विषयनिर्देशिका । :-**

एवं त्वग्वर्तनस्थानातिचारप्रतिक्रमणमभिधायेदानीं गोचर्य -तिचारप्रतिक्रमणं प्रतिपादयन्नाह-

**અર્થપ્રભા :-**

આ પ્રમાણે શયનસ્થાન અને શયન અંગેના અતિચારોનું પ્રતિક્રમણ કહ્યું. હવે, ગોચરી ચર્યાનું પ્રતિક્રમણ વર્ણવતાં કહે છે કે -

## मूलम् । :-

पडिक्कमामि गोअरचरिआए, भिक्खायरिआए । उग्घाडकवाडउग्घाडणाए । साणावच्छादारासंघट्टणाए । मंडीपाहुडियाए । बलिपाहुडियाए । ठवणापाहुडियाए । संकिए । सहसागारिए । अणेसणाए । पाणेसणाए । पाणभोअणाए । बीयभोअणाए । हरियभोअणाए । पच्छेकम्मिआए । पुरे कम्मिआए । अदिट्ठ हडाए । दगसंसट्ठहडाए । रयसंसट्ठहडाए । पारिसाडणिआए । पारिट्ठावणिआए । ओहासणभिक्खाए । जं उग्गमेणं उप्पायणेसणाए । अपरिसुद्धं, पडिग्गहियं परिभुत्तं वा जं न परिट्ठवियं, तस्स मिच्छा मि दुक्कडम् ॥

**वृत्तिः । :-**

पडिक्कमामि गोअरचरियाए इत्यादि । यावत्तस्य मिच्छा

मि दुक्कडं प्रतिक्रमामि गोचरचर्यायां योऽतिचार इति गम्यते । तस्येति योग: । गोश्चरणं गोचर:, गोचर इव चर्या गोचरचर्या तस्याम् । क्व विषये ? भिक्षार्थं चर्या भिक्षाचर्या तस्याम् ।

तथाहि लाभालाभनिरपेक्ष: खल्वदीनचित्तोमुनिरुत्तमा -ऽधममध्यमेषु कुलेष्विष्टाऽनिष्टेषु वस्तुषु राग-द्वेषावगच्छन् भिक्षामटतीति । कथं पुनस्तस्यामतिचार इत्याह - उद्घाटन -मदत्तार्गलमीषत् स्थगितं वा यत् कपाटं तस्योद्घाटनं सुतरां प्रेरणं तदेवोद्घाटकपाटोद्घाटना तया । इह चाऽप्रमार्जितादिभ्यो -ऽतिचार: । तथा च [तथैवं] श्वान-वत्सक-दारक संघट्टनं यतिप्रकटार्थम् [तया] । तथा मंडीप्राभृतिकया बलिप्राभृतिकया स्थापनाप्राभृतिकयेति । प्राभृतिका ससमय: परिभाषयौदनं, तत्र मण्ड्यां ढक्कनिकायां भाजनान्तरे च कूरादि भृत्वा यां प्राभृतिकां भिक्षां ददाति सा प्रवर्तना दोषतो न कल्पते । चतुर्दिशं बलिं क्षिप्त्वा ददाति यत् सा बलिप्राभृतिका, न कल्पते । भिक्षाचरार्थं स्थापिता स्थापनाप्राभृतिका तया च । तथा आधाकर्मादिदोषाणां मन्यते [इदमिति किं] योऽतिचार: शङ्कित: ।

सहसात्कारेण झगिति अकल्पनीये गृहीते । अत्र चाप -रित्यक्तेऽविधिना वा परित्यक्ते योऽतिचार:, अनेनप्रकारेण याऽनेषणा तया । प्राणिनो रसजादयो भोजने दध्योदनादौ संसक्तौ सत्यां विराध्यन्ते यस्यां प्राभृतिकायां सा प्राणिभोजनया । एवं बीजभोजनया । [तथैव हरितभोजनया, वस्तुत: श्रमणेभ्यो वनस्पतिभोजनप्रतिषेध एव, कारणे तत्सम्भवोऽपि, अकारणे

यत्तद्भोजनम्, कारणे सत्यप्यपर्याप्ताऽग्निपक्वस्यैतस्य यद्भोजनं तदतिचारः] ।

तथा पश्चाद् दानानन्तरं कर्म्म जलौघनादि (?) [हस्तादि-धावनादि] यस्यां । पुरःकर्म यस्यामादावेतदिति । तत्र च सत्त्वसङ्घट्टनादिनाऽतिचारः । उदकसंसृष्टाहतया उदकसम्बद्धानी-तया । एवं रजसः संसृष्टाहतया । परिशाटनं ददाना या देयवस्तुनो भूमावुज्झनलक्षणं तस्मिन् भवा परिशातनिकी तया । परिष्ठापन-प्रदान भाजनगता कल्पद्रव्यान्तरोज्झनलक्षणं तेन निवृत्ता पारिस्था -पनिकी तया ।

ओहासणभिक्खाएत्ति विशिष्टद्रव्ययाचनं समयपरिभाषया ओहासणित्ति भण्णइ तत्प्रधाना भिक्षा तया । कियदत्र भणिष्यामः ? भेदानामेवं प्रकाराणां बहुत्वात् ते च सर्वेऽपि यस्मादुद्गमोत्पानै -षणास्त्ववतरन्त्यत्रात आह 'जं उग्गमेणं इत्यादि, यत्किञ्चिदशनादि उद्गमेनाधाकर्म्मादिना, उत्पादनया [धात्र्यादि] दोषलक्षणया, एषणया शङ्कितादिलक्षणया । अपरिशुद्धं अयुक्तियुक्तं प्रतिगृहीतं परिभुक्तं वा यन्न परिष्ठापितम् । एवमनेनप्रकारेण यो जातोऽतिचार -स्तस्य मिथ्यादुष्कृतं पूर्ववत् ॥

**અર્થપ્રભા :-**

દિવસને વિશે યથાસમય ભિક્ષાની પ્રાપ્તિ માટે મેં જે ગોચરીચર્યા કરી તે અંગેના જે જે અતિચાર સેવાયા હોય તેનું પ્રતિક્રમણ કરું છું.

ગાય જે રીતે ચરે તે રીતે યોગ્ય ઘરોમાંથી થોડું-થોડું ગ્રહણ કરતાં-કરતાં ચરવું તેને ગોચરી કહેવાય. ગોચરી માટે જે અટન કરવું તે ગોચરીચર્યા. આવી ગોચરીચર્યા શેના માટે - કયા હેતુથી કરવાની છે ? ભિક્ષાચર્યા માટે. સાધુ ભિક્ષાચર્યા વડે દેહનિર્વાહ કરનાર છે અને તેની ભિક્ષાચર્યા ગોચરીચર્યાવાળી હોય છે.

લાભ કે અલાભમાં આશંસા નહીં રાખતો અને તે બંનેમાં મધ્યસ્થ વૃત્તિ ધારણ કરતો હોવાથી સાધુ દીનતાથી રહિત છે. તેવો સાધુ શ્રીમંત, મધ્યમ અને દરિદ્ર ઘરોમાં ગમતી-અણગમતી ચીજો/ વાનગીમાં રાગ અને દ્વેષને સ્હેજે વશ બને નહીં અને 'મળે તો સંયમપુષ્ટિ, ન મળે તો તપોવૃદ્ધિ' ના અભિપ્રાયને ધારણ કરી ભિક્ષાટન કરે.

**❀ ભિક્ષાટન અને ગોચરચર્યાના ૨૩ અતિચાર સ્થાનો :-**

ગોચરીના દોષો બેતાલીસ છે અને પાંચ દોષ ગ્રાસેષણાના છે. તે પૈકી ગોચરીના દોષોને અનુલક્ષીને અહીં ૨૩ અતિચાર સ્થાનો જણાવે છે.

(૧) **उग्घाडकवाडउग्घाडणयाए :-** કબાટમાં વસ્તુ રહી છે, બારણા બંધ છે અને ઉપર 'Lock' નથી કર્યું પણ બારણું બંધ છે. હવે તે બારણાને ખોલીને અંદરથી વસ્તુ બહાર લાવીને વહોરાવવામાં આવે તો સાધુ ન વહોરે કેમકે તેમાં બારણું ખોલ-બંધ કરતાં પ્રમાર્જના ન થવાથી જીવહિંસાનો સંભવ છે અને તેમાં પોતે નિમિત્ત બને તો સ્વયં પણ દોષનો ભાગીદાર બને.

આમ, બારણું ખોલીને કબાટમાંથી લાવેલી વસ્તુ વહોરવી તે પહેલું અતિચાર સ્થાન થયું.

(૨) **साणावच्छादारासंघट्टणाए** :- કલ્પ્ય દ્રવ્ય સાધુને વહોરાવે ત્યારે વહોરાવનાર વ્યક્તિને કે પછી જે વહોરાવવાનું છે તે દ્રવ્યને શ્વાન, વાછરડું કે તેવા જનાવરનો સંઘટ્ટો થયેલ હોય તો સાધુથી વહોરાય નહીં. તેવી રીતે વહોરવું તે અતિચાર રૂપ છે.

(૩) **मंडीपाहुडिआए** :- પ્રાભૃતિ એટલે ઓદન. ઉપલક્ષણથી સાધુને વહોરાવવા યોગ્ય સર્વ ખાદ્ય-પેય અહીં ગ્રહણ કરી લેવું. મંડી એટલે ઢાંકણ, વાસણ. મૂળભૂત રીતે જે તપેલાં વિગેરેમાં ભાત વિગેરે રહેલ છે તેમાંથી નવી ચોક્ખી થાળી વિગેરેમાં થોડો ભાત લઈને વહોરાવે તો વહોરાય નહીં કેમકે નવું વાસણ હવે જે ધોશે તેમાં સાધુનિમિત્ત બનશે.

આમ, સાધુને વહોરાવવા માટે જ નવા વાસણનો ઉપયોગ થાય અને વહોરવામાં આવે તે પણ અતિચાર છે.

(૪) **बलिपाहुडिआए** :- ચારે દિશામાં કે વિવિધ દિશાદિકમાં 'બલિ' ઉછાળીને પછી વહોરાવે તો પણ ન વહોરાય. તે રીતે વહોરવું તે बलिप्राभृतिका અતિચાર છે.

(૫) **ठवणापाहुडियाए** :- બાવાઓ, માંગણો, સંન્યાસીઓ, યાચકો વગેરેને આપવા માટે જે ભોજ્ય રાખેલ હોય તે स्थापना-प्राभृतिका કહેવાય. તે સાધુથી વહોરાય નહીં કેમકે તેને વહોરવાથી પેલાં ભિખારી વિગેરેને અંતરાય થાય. આવું દ્રવ્ય વહોરવું તે પણ અતિચાર.

(૬) **संकिए** :- આધાકર્મી આદિ દોષની શંકા જેમાં પડે છે તેવું દ્રવ્ય-વહોરવું તે શંકિત નામનો અતિચાર.

(૭) **सहसागारिए** :- ખૂબ રઘવાટમાં વસ્તુઓ લઈને વહોરાવતાં હોય તો પણ ન વહોરાય કેમકે તેમાં તે દ્રવ્ય નીચે ઢોળાઈ જાય તેથી કીડીઓ ભેગી થાય અને એમ વિરાધનાની પરંપરા ચાલે.

અથવા તો આ અતિચાર પદનો બીજો અર્થ એવો પણ સંભવે છે કે જે વસ્તુ અકલ્પ્ય હતી પરંતુ તે વાત ઉતાવળમાં વિસરાઈ જતાં વહોરાવવામાં/વહોરી લેવામાં આવે તે સહસાત્કાર નામે અતિચારપદ છે.

(૮) **अणेसणाए** :- અવિધિથી જે દ્રવ્યનો અસ્વીકાર કે સ્વીકાર થાય તેને અનેષણા અતિચાર પદ કહેવાય.

(૯-૧૦) **पाणेसणाए/पाणभोअणाए/** :- દ્વિદળ વિગેરે બેઈન્દ્રિયાદિક જીવો વાળી ચીજ વહોરવી તે પ્રાણેષણા અને તેવી ચીજ વાપરવી તે પ્રાણભોજન. બંને અતિચારપદ છે.

(૧૧-૧૨) **बीअभोअणाए, हरियभोअणाए** :- દાડમ વિગેરે સચિત્ત બીજવાળી વસ્તુ વાપરવી તે 'બીજભોજન' નામે અતિચાર છે અને કોથમીર વિગેરે ઉપરથી ભભરાવી હોય તેવી પર્યાપ્ત માત્રામાં નહીં તપેલી વનસ્પતિવાળી ચીજ વાપરવી તે 'હરિતભોજન' અતિચાર છે.

યદ્યપિ સાધુને વનસ્પતિભોજનનો નિષેધ છે છતાં કારણે તે ગ્રહણ પણ કરવું પડે. ત્યારે પણ તે સચિત્ત રહ્યું નથી ને ? કાળજી કરવી પડે.

(૧૩-૧૪) **पच्छेकम्मिआए/पुरेकम्मिआए** :- વહોરાવતાં પહેલાં અને વહોરાવ્યાં પછી જ્યાં ગૃહસ્થ હાથ-પગ ધોવા વિગેરે આરંભ કરે કે કરશે તેવો ખ્યાલ હોય તો તેવા સ્થળે કે તેવી ચીજ

વહોરાય નહીં. વહોરવાથી અહીં કહેલ બન્ને અતિચાર સંભવે છે.

(૧૫) **अदिट्ठहडाए :-** નજરે ન ચડે તેવી જગ્યાએથી લાવીને વહોરાવે અને વહોરો તો પણ અતિચાર લાગે.

(૧૬-૧૭) **दगसंसट्ठहडाए, रयसंसट्ठहडाए** :- સચિત્ત જળથી ભીંજાયેલા હાથે, ભીંજાયેલા શરીરે કલ્પે તેવી ચીજ પકડે અથવા જે ચીજ સચિત્ત જલથી ભીંજાયેલી જગ્યા પર પડી છે તે લઈને વહોરાવે તો ન વહોરાય. વહોરવું તે અતિચાર રૂપ છે.

તે જ રીતે સચિત્ત માટીવાળી જમીન પર પડેલી વસ્તુ વહોરવી કે સચિત્ત માટીના સંઘટ્ટાવાળી વ્યક્તિ પાસે વહોરવું તે પણ અતિચાર છે.

(૧૮) **पारिसाडणिआए :-** વહોરાવતાં-વહોરાવતાં જમીન પર ઢોળતાં જાય... તો ન વહોરાય તે પણ અતિચારરૂપ છે.

(૧૯) **पारिट्ठावणिआए :-** ભોજન આપવા માટેના ભાજનમાં અન્ય દ્રવ્યોને ખાલી કરીને વહોરાવે તે 'પારિષ્ઠાપનિકી' અતિચાર છે.

(૨૦) **ओहासणभिक्खाए :-** કોઈ કિંમતી વ્યંજનની યાચના કરીને વહોરવું તે અતિચાર રૂપ છે.

(૨૧-૨૨-૨૩) વધુ કેટલું કહીએ जं उग्गमेणं उप्पायणेसणाए । આધાકર્મી વિગેરે ઉદ્ગમ સંબંધી દોષો, ધાત્રી વિગેરે ઉત્પાદન સંબંધી દોષો અને શંકિત વગેરે એષણા સંબંધી દોષો... તે સૌ અતિચાર છે.

આમ, તેવીસ અતિચાર પદોને આશ્રયી જે મેં અશુદ્ધ વહોર્યું, અશુદ્ધ વાપર્યું, પરઠવવા યોગ્યને ન પરઠવ્યું ઈત્યાદિ જે જે અતિચાર સેવ્યાં તે સર્વે મિથ્યા થાઓ ! મિથ્યા થાઓ !

**विषयनिर्देशिका । :-**

एवं गोचरातिचारप्रतिक्रमणमभिधाय स्वाध्यायाद्यतिचार-प्रतिक्रमणमाह-

**અર્થપ્રભા :-**

ગોચરીચર્યાના અતિચારોનું પ્રતિક્રમણ કહ્યું. હવે સ્વાધ્યાય-સંબંધક અતિચારોનું પ્રતિક્રમણ કહે છે...

**मूलम् । :-**

पडिक्कमामि चाउक्कालं सज्झायस्स अकरण-याए । उभओकालं भंडोवगरणस्स अप्पडिलेहणाए । दुप्पडिलेहणाए । अप्पमज्जणाए । दुप्पमज्जणाए । अइक्कम्मे । वइक्कम्मे । अइयारे अणायारे । जो मे देवसिओ अइयारो कओ तस्स मिच्छा मि दुक्कडम् ॥

**वृत्तिः । :-**

पडिक्कमामि चाउक्कालं सज्झायस्सेत्यादि यावत् तस्य मिच्छा मि दुक्कडं । प्रतिक्रमामि पूर्ववत् । कस्य चतुःकालं ? दिवसरजनीप्रथम-चरमप्रहरावित्यर्थः । स्वाध्यायस्य सूत्रपौरूषी लक्षणस्याऽकरणतया अनासेवनया योऽतिचारः कृतस्तस्येति योगः ।

तथोभयकालं प्रथम-पश्चिमपौरूषीलक्षणम् । भाण्डोप -करणस्य भाण्डं पात्रादि, उपकरणं वस्त्रादि, समाहारद्वन्द्वे भाण्डोपकरणं तस्य । पात्र-वस्त्रादिअप्रत्युपेक्षणया चक्षुषाऽ -निरीक्षणेन । दुष्प्रत्युपेक्षणया दुर्निरीक्षणेन तथा अप्रमार्जनया दुष्प्रमार्जनया च रजोहरणादिना । तथातिक्रमे, व्यतिक्रमे, अतिचारे, अनाचारे यो मया दैवसिकोऽतिचारः कृतस्तस्य मिथ्या दुष्कृतं प्राग्वत् नवरमतिक्रमादीनां स्वरूपमेवम् । यथा आधाकर्म्मनिमन्त्रणे कृते सति तत्प्रतिश्रवणे प्रथमः, तदर्थं गच्छतो द्वितीयः, तत्र गृहीते तृतीयः, भोजनार्थं कवलग्रहणे सति चतुर्थः एवं यथार्हं प्रतिसेवान्तरे [प्यूह्यम्] ।

**અર્થપ્રભા :-**

(૧) દિવસનો પહેલો અને છેલ્લો પ્રહર તેમજ રાત્રિનો પણ પહેલો અને છેલ્લો પ્રહર, આ ચાર સ્વાધ્યાય કાળ છે. આ સ્વાધ્યાય વેળાનું આસેવન ન કર્યું હોય તો તે દોષનું પ્રતિક્રમણ કરું છું.

(૨) भण्डोवगरणस्स उभओकालं अप्पडिलेहणाए ।

પાત્રા વિગેરેને ભાંડ કહેવાય અને વસ્ત્રાદિકને ઉપકરણ કહેવાય. ભાંડ અને ઉપકરણ, બંનેનું ઉભયકાળ પડિલેહણ કરવાનું છે તે પડિલેહણમાં अप्पडिलेहणाए આંખોથી જરા પણ નિરીક્ષણ નહીં કરવા સ્વરૂપ સંપૂર્ણ અપડિલેહણ કર્યું હોય કે પછી दुप्पडिलेहणाए થોડું-થોડું, અરધું-જેવું-તેવું નિરીક્ષણ કરવા રૂપ દુષ્પ્રતિલેખન કર્યું હોય. એ જ રીતે રજોહરણ વિગેરે વડે બિલકુલ નહીં પૂજવા રૂપ અપ્રમાર્જના કરી હોય

કે પછી જેવી તેવી પ્રમાર્જના કરવા સ્વરૂપ દુષ્પ્રમાર્જના કરી હોય. આમ, આ પાંચે પાંચ દોષસ્થાનો : (૧) સ્વાધ્યાય અકરણ, (૨) અપ્રતિલેખન, (૩) દુષ્પ્રતિલેખન, (૪) અપ્રમાર્જન, (૫) દુષ્પ્રમાર્જનને વિશે જે અતિક્રમ સેવ્યો, વ્યતિક્રમ સેવ્યો, અતિચાર સેવ્યો કે અનાચાર સેવ્યો હોય તે તમામનું પ્રતિક્રમણ કરું છું અને તે તે દોષ વિશેષનું મિચ્છા મિ દુક્કડમ્ આપું છું.

**❋ અતિક્રમ વિગેરેનું સ્વરૂપ :-**

દોષ સેવનની ચાર કક્ષા છે. પહેલી કક્ષા એટલે અતિક્રમ. બીજી કક્ષા એટલે વ્યતિક્રમ. ત્રીજી કક્ષા એટલે અતિચાર. ચોથી કક્ષા એટલે અનાચાર. આ ચારેનું સ્વરૂપ એક દષ્ટાંત દ્વારા સમજીએ.

(૧) એક વ્યક્તિએ સાધુ માટે આધાકર્મી ભિક્ષા બનાવી અને તેને વહોરવાનું આમંત્રણ આપ્યું. સાધુ તે આમંત્રણ સ્વીકારે ત્યાં **'અતિક્રમ'** દોષ તેને લાગે.

(૨) પછી તેવી ગોચરી વહોરવા નીકળે ત્યાં **'વ્યતિક્રમ'** દોષ લાગે. એટલે કે આધાકર્મી આહાર સંબંધી દોષના સેવનમાં દોષની Grade ઉપર ચડી તેમ કહેવાય.

(૩) ત્યાર બાદ ગૃહસ્થના ઘરે જઈ તેવી આધાકર્મી ભિક્ષા વહોરે એટલે **'અતિચાર'** સેવન થયું કહેવાય. મતલબ કે દોષ ત્રીજા સ્ટેજ પર પહોંચ્યો.

(૪) પછી તેવી ભિક્ષા વાપરે એટલે **'અનાચાર'** સેવ્યો કહેવાય. મતલબ કે દોષ ચોથા સ્ટેજ પર પહોંચ્યો.

**विषयनिर्देशिका । :-**

सांप्रतमेकविधादिभेदेन प्रतिक्रमणं प्रतिपादयन्नाह -

**અર્થપ્રભા :-**

હવે, એક, બે, ત્રણ વિગેરે ભેદો વડે પ્રતિક્રમણનું પ્રતિપાદન કરતાં કહે છે...

## मूलम् । :-

पडिक्कमामि एगविहे असंजमे । पडिक्कमामि दोहिं बंधणेहिं रागबंधणेणं दोसबंधणेणं । पडिक्कमामि तिहिं दंडेहिं मणदंडेणं वयदंडेणं कायदंडेणं । पडि-क्कमामि तिहिं गुत्तीहिं मणगुत्तीए वयगुत्तीए काय-गुत्तीए । पडिक्कमामि तिहिं सल्लेहिं मायासल्लेणं नियाणसल्लेणं मिच्छादंसणसल्लेणं । पडिक्कमामि तिहिं गारवेहिं इड्ढिगारवेणं रसगारवेणं साया गारवेणं । पडिक्कमामि तिहिं विराहणाहिं नाणविराहणाए दंसण-विराहणाए चरित्तविराहणाए ।

**वृत्तिः । :-**

पडिक्कमामि एगविहे असंजमे इत्यादि । प्रतिक्रमामीति प्राग्वत् । एकविधे एकप्रकारेऽसंयमेऽविरतिलक्षणेऽतिचारः कृत इति गम्यते । तस्य मिच्छा मि दुक्कडमित्यन्ते वक्ष्यमाणेन

सम्बन्धः एवमन्यत्राऽपि योज्यम् ।

प्रतिक्रमामि द्वाभ्यां बन्धनाभ्यां हेतुभूतानां योऽतिचार इति, बध्यतेऽष्टविधेन कर्मणा येन हेतुभूतेनाऽऽत्मा स्नेहाभ्यक्त इव रजसा तद् बन्धनं दर्शयन्ति, रागोऽभिष्वङ्गलक्षणो द्वेषोऽप्रीति-लक्षणो बन्धनत्वं चानयोः स्पष्टम् । इतः प्रतिक्रमामीति क्रिया-हेत्वर्थादौ तृतीया क्वचित् सप्तमी च सर्वस्य व्याख्येयाऽधिकः शब्दार्थस्तु व्याख्यास्यते । दण्ड्यते चारित्रे तच्चर्याऽपहारतोऽति-चारी क्रियते एभिरात्मेति दण्डास्तैर्दुष्प्रयुक्तैर्मनोवाक्कायैरिति । गोपनं गुप्ती रक्षा, मनसो गुप्तिः वाचां गुप्तिः, कायस्य गुप्तिस्ताभिः अतिचाररूपाभिस्तथा च **योगशास्त्रे** –

विमुक्तकल्पनाजालं समत्वे सुप्रतिष्ठितम् ।
आत्मारामं मनस्तज्ज्ञैर्मनोगुप्तिरूदाहृता ॥

संज्ञादिपरिहारेण यन्मौनस्यावलम्बनम् ।
वाग्वृत्तेः संवृतिर्वा या सा वाग्गुप्तिरिहोच्यते ॥

उपसर्गप्रसंगेऽपि कायोत्सर्गजुषो मुनेः ।
स्थिरीभावः शरीरस्य कायगुप्तिर्निगद्यते ॥

शयनासननिक्षेपादानं चङ्क्रमणेषु यः ।
स्थानेषु चेष्टानियमः कायगुप्तिस्तु सा परा ॥

तासाञ्च करणातिचारं प्रति प्रतिषिद्धकरणाऽऽकृत्याः करणाऽश्रद्धानविपरीतप्ररूपणादिनाप्रकारेण शल्यतेऽनेनेति शल्यं, मायानिकृतिः मिथ्यात्वम् ।

योऽतिचारमासाद्य माययाऽनालोचयत्यन्यथा वाऽभिनि-वेदयत्यभ्याख्यानं वा यच्छति तदा सैव [तदिदं] शल्यमशुभ-कर्मबन्धनेनात्मशल्यनात् तेन । निदानं दिव्यमानुषर्धिदर्शनश्रवणाभ्यां तदभिलषतोऽनुष्ठानं तदेव शल्यमधिकरणाऽनुमोदनेनात्मशल्यनात् तेन । मिथ्या विपरीतं दर्शनं तदेव शल्यं तत्प्रत्ययकर्मादानेनाऽऽत्मा शल्यते तेन । त्रिभिः शल्यैः गुरोर्भावे गौरवम् । अभिमान-लोभाभ्यामात्मनोऽशुभभावः गुरुत्वम्, तत्र नरेन्द्रपूजार्चादीनामृद्ध्या तथेष्टरसैः सातेन च शरीरसुश्रूषादिना सुखेन प्राप्त्यभिमाना-ऽप्राप्तिसंप्रार्थनद्वारेणेति । ऋद्धि-रस-सातागारवैस्त्रिभिर्विराधना ।

ज्ञानविराधना सा च ज्ञाननिन्दया, गुर्वादिनिह्नवेन, 'काया वयायतेच्चिय' इत्याद्याशातनया, स्वाध्यायिकाद्यन्तरायकरणेनाऽकाल-स्वाध्यायादिविसंवादयोगेन च पञ्चधा । एवं दर्शनसम्यक्त्वं तत् प्रभावकशास्त्राणि संमत्यादीन्य [नुल] क्ष्य तद् विराधनाऽपि पञ्चधा भावनीया । चारित्रविराधना व्रतादिखण्डनलक्षणा तया ।

**અર્થપ્રભા :-**

એક પ્રકારમાં **અવિરતિ** એટલે કે જે કંઈ અસંયમનું સેવન કર્યું હોય તેનાથી પ્રતિક્રમણ કરું છું અને તેનું મિથ્યાદુષ્કૃત આપું છું. 'પ્રતિક્રમણ કરું છું' અને 'મિથ્યાદુષ્કૃત આપું છું' પદોનો સંબંધ હવે પછી બે-ત્રણ વિગેરે સ્થાનોમાં અંત સુધી જે જે અતિચાર પદો કહેવાય તે સહુની સાથે જોડવો.

રાગ એટલે પ્રેમ અને દ્વેષ એટલે અપ્રીતિ. બંને એવા બંધન છે જેનાથી આત્મા આઠે કર્મો વડે બંધાય. શરીર પર **Oil** લગાડનારા

વ્યક્તિ પર ધૂળ જેમ ખૂબ ચોંટે તેમ રાગ-દ્વેષ એ ચીકાશ છે તેના વડે કર્મરૂપી રજ આત્મા પર પુષ્કળ જમા થાય છે.

જેના વડે આત્મા દંડાય છે તે દંડ છે. ચારિત્રધર આત્મા ચારિત્રની જે ચર્યા નહીં કરવાથી અતિચારવંત બને તેવા યોગને દંડ કહેવાય. તે ત્રણ છે : મનદંડ, વચનદંડ, કાયદંડ. અર્થ એ છે કે ચારિત્રને અતિચાર લગાડે તેવા મન-વચન-કાયાને દંડ કહેવાય.

ગુપ્તિ એટલે રક્ષણ. તેના પણ ત્રણ પ્રકાર છે. મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ. **योगशास्त्र** માં તેનું આ મુજબ નિરૂપણ થયેલું છે.

**કલ્પનાઓના જાળાથી મુક્ત થયેલું, શમત્વમાં સ્થિર બનેલું અને આત્મરમણતા કરનારું મન એટલે મનોગુપ્તિ એવું જ્ઞાનીનું કથન છે.**

**ઈશારા-સંકેતો વિગેરેને પણ છોડી દઈને જે મૌનને ધારણ કરવું અથવા તો વાણીનું જે સંવરણ કરવું તેને વચનગુપ્તિ કહેવાય.**

**ઉપસર્ગો આવી પડે તો યે કાયોત્સર્ગમાં રહેલ મુનિ જે શરીરની નિષ્કંપતા ધારણ કરે તે તેમની કાયગુપ્તિ છે અથવા તો આસન-શયન વિગેરેના આદાન-પ્રદાનમાં શરીરનું જે નિયમન કરવું તેને કાયગુપ્તિ કહેવાય.**

આ ત્રણ ગુપ્તિના આસેવન સંબંધી અતિચારો અંગેના અને તેથી વિરુદ્ધ એટલે કે ગુપ્તવિરોધી આસેવન અંગેના વિપરીત પ્રરૂપણા, આચરણની અશ્રદ્ધા વિગેરે જે અતિચારો છે તેના વડે આત્મા શલ્યને પામે છે. તેથી હવે ત્રણ શલ્ય અંગે કહે છે. (૧) માયાશલ્ય, (૨) નિદાનશલ્ય, (૩) મિથ્યાત્વશલ્ય.

માયાને વશ બની દોષની યથાસ્થિત આલોચના ન કરવી, માયાપૂર્ણ આલોચના કરવી કે માયાપૂર્વક દોષનું અન્ય ઉપર આરોપણ કરવું... આ પ્રકારની પ્રવૃત્તિ કે જેના વડે આત્મા શલ્ય પામે તેને **માયાશલ્ય** કહેવાય.

દૈવી કે માનવસંબંધી ઋદ્ધિને જોવાથી કે સાંભળવાથી તે ઋદ્ધિને મેળવવાની ઈચ્છા જાગે અને તેને પ્રતિફળ તરીકે મેળવવા માટે જે ધર્માનુષ્ઠાન થાય તે અધિકરણરૂપ હોવાથી આત્માને શલ્ય પમાડે છે. આવા અનુષ્ઠાનને **નિદાનશલ્ય** કહેવાય.

મિથ્યામત પ્રત્યે તે સમ્યક્ છે તેવો વિશ્વાસ કરવો તે **મિથ્યાત્વશલ્ય**.

આ ત્રણ શલ્યોના ભારથી ભારિત આત્મા જે ભારેપણાને પામે તેને ગારવ કહેવાય. તે ત્રણ છે - (૧) રસગારવ, (૨) ઋદ્ધિગારવ, (૩) શાતાગારવ... માનકષાય અને લોભકષાય. મુખ્યત્વે આ બેના કારણે નિષ્પન્ન થયેલો અશુભપરિણામ એ ગારવ છે.

રાજા વિગેરે વડે સન્માન મળે તેના અભિમાનથી કે તે મેળવવાના પ્રયાસો કરવાથી, સારા-સારા રસ મળે તેના અભિમાનથી કે તે મેળવવાનો પુરુષાર્થ કરવાથી તેમજ શરીરની સુખાકારી મળે તેનું અભિમાન કરવાથી કે તે મળે તેની પ્રાર્થના કરવાથી અનુક્રમે ઋદ્ધિગારવ, રસગારવ, સાતાગારવ ધારણ થાય છે...

આ ત્રણ ગારવને આધીન થયેલો આત્મા ત્રણ વિરાધના કરે છે. (૧) જ્ઞાન વિરાધના (૨) દર્શન વિરાધના (૩) ચારિત્ર વિરાધના.

જ્ઞાન વિરાધનાના પાંચ પ્રકારો છે - (૧) જ્ઞાનની નિંદા

કરવાથી, (૨) જ્ઞાનદાતા ગુરુના નામ-ઉપકારને છૂપાવવાથી કે તેમનો વિરોધ કરવાથી, (૩) જ્ઞાનદાતા ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા નહીં રાખી તેમના અવર્ણવાદ વિગેરે આશાતના કરવાથી (૪) સ્વાધ્યાય-કર્તાને અંતરાય કરવાથી (૫) અને કાળવેળા - અસજ્ઝાયકાળમાં સ્વાધ્યાય કરવાથી...

એ જ રીતે દર્શનવિરાધના પણ ઉપર મુજબ પાંચ પ્રકારે સમજવી. તે પ્રકારો संमतितर्क વિગેરે જે દર્શનપ્રભાવક શાસ્ત્રો છે તેને અનુલક્ષીને તેમજ તેવા શાસ્ત્રાનુસારી ઉપદેશ વડે સમ્યગ્દર્શન પમાડનારાં જે તારક ગુરુદેવો હોય તેઓને અનુલક્ષીને પણ સમજવા.

ચારિત્રવિરાધના એટલે પંચ મહાવ્રત તેમજ ઉત્તર ગુણોનું દેશ કે સર્વથી જે ખંડન કરવું તે... આમ, ત્રણ પ્રકારે વિરાધના થઈ.

**मूलम् । :-**

**पडिक्कमामि चउहिं कसाएहिं कोहकसाएणं माणकसाएणं मायाकसाएणं लोभकसाएणं । पडिक्क-मामि चउहिं सन्नाहिं आहारसन्नाए भयसन्नाए मेहुण-सन्नाए परिग्गहसन्नाए । पडिक्कमामि चउहिं विकहाहिं इत्थीकहाए भत्तकहाए देसकहाए रायकहाए । पडिक्क-मामि चउहिं झाणेहिं अट्टेणं झाणेणं रूद्देणं झाणेणं धम्मेणं झाणेणं सुक्केणं झाणेणं ।**

**वृत्तिः । :-**

कष्यते प्राणी विविधदुःखैरस्मिन्निति कषः संसारस्तस्या -ऽऽयोलाभो येभ्यस्ते कषायास्तत्र क्रोधोऽप्रीत्यात्मकः, मानः स्तब्धता, माया कौटिल्यं, लोभो मूर्च्छा, तेषाञ्चानुदीर्णानामुदय-निरोधस्योदीर्णानामुदयविफलीकरणस्याऽकरणेनाऽतिचारः । संज्ञानं संज्ञा तत्राऽऽहारसंज्ञा क्षुद्वेदनीयोदयादाहाराऽभिलाषः, भयसंज्ञा मोहनीयोदयाद् भयोत्पादः, मैथुनसंज्ञा वेदोदयाद् मैथुनाभिलाषः, परिग्रहसंज्ञा तीव्रलोभोदयात् परिग्रहाभिलाषस्तया । कथा विकथा तत्र स्त्रीकथा जातिकुलरूपनेपथ्यविषया, भक्तकथा घृतादिद्रव्य-व्यञ्जनभेदछागतित्तिरारम्भरूपकशनादिसूलापाकगोचरा । देशकथा गम्याऽगम्या भोजन-विवाह-कूप-वप्रगृह-देवकुल-नेपथ्यविषया । राजकथा प्रवेश-निर्गम-बल-कोशगोचरा तया । यन्नु [च्च] **स्थानाङ्गे** सप्तविकथा उक्ताः, **इत्थिकहा, भत्तकहा, देसकहा, रायकहा, मिउकारुणिया, दंसणभेयणी, [चारित्त भेयणी]** तत्र पुत्रादिवियोगदुःखितमात्रादिकृतकरूणरसगर्भप्रलापप्रधाना मृदुकारूणिकी । दर्शनभेदिनी कुतीर्थिकज्ञानादिप्रशंसारूपा । चारित्रभेदिनी 'न सम्भवतीदानीं महाव्रतानि साधूनां प्रमादबहु -लत्वादतिचारशोधकाचार्य [तः] तत्कारकशुद्धीनामभावादित्यादि । अत्र चान्त्यानां तिसृणामुपलक्षणत्वात्संग्रहो ज्ञेयः ।

ध्यातिर्ध्यानं स्थिराध्यवसायो मन एकाग्रावलम्बनमित्यर्थः, कालतोऽन्तर्मुहूर्तमात्रं तच्चतुर्धा तत्रार्त्तं विषयानुरञ्जितम्, रौद्रं हिंसाद्यनुरञ्जितम्, धर्मं जिनवचनार्थनिर्णयात्मकम्, शुक्लं निरञ्जनं तेन । एतेषाञ्च विशेषव्याख्या ध्यानशतकादवसेया ।

**અર્થપ્રભા :-**

હવે ચારના સ્થાનમાં કષાય, સંજ્ઞા, વિકથા અને ધ્યાન ચાર-ચાર રીતે વર્ણવે છે.

**❀ ચાર કષાયો :-**

ચાર પ્રકારના કષાયો પૈકી જે કોઈ કષાય કે કષાયોનું સેવન કર્યું હોય તેથી હું પ્રતિક્રમણ કરું છું અને તેનું મિચ્છા મિ દુક્કડમ્ આપું છું.

જેના વડે આત્મા વિવિધ દુઃખો વડે કષાય છે તેને કહેવાય કષ. કષ એટલે જ સંસાર અને તેનો આય = લાભ એટલે કે વૃદ્ધિ જેથી થાય તેને કહેવાય કષાય. તેના ચાર પ્રકાર છે - ક્રોધ, માન, માયા અને લોભ. ક્રોધ અપ્રીતિરૂપ છે, માન અક્કડ પરિણામ રૂપ છે. માયા એટલે કુટિલ પરિણામો અને લોભ ગૃદ્ધિ રૂપ છે.

ઉદય નહીં પામેલાં કષાયોના પરિણામોના ઉદયનો રોધ કરવો જોઈએ અને ઉદય પામેલાં કષાયના પરિણામોને વિફળ કરવા જોઈએ. આ બે કાર્ય ન કરવા તે અતિચારરૂપ છે.

**❀ ચાર સંજ્ઞા :-**

હવે ચાર સંજ્ઞા અંગે કહે છે. ક્ષુધાવેદનીયના ઉદયથી આહારનો જે અભિલાષ થાય તે આહારસંજ્ઞા. મોહનીયના ઉદયથી ભયનો અનુભવ જે થાય તે ભયસંજ્ઞા. વેદના ઉદયથી મૈથુનની જે ઈચ્છા જાગે તે મૈથુનસંજ્ઞા અને તીવ્રલોભના ઉદયથી પરિગ્રહનો જે અભિલાષ થાય તે પરિગ્રહ સંજ્ઞા.

આ ચાર સંજ્ઞાને હું આધીન થયો હોઉં તો તેથી પ્રતિક્રમણ કરું છું અને તેનું મિચ્છા મિ દુક્કડમ્ આપું છું.

### ❋ વિકથા - ચાર અને સાત :-

વિકથા પ્રસ્તુત સૂત્રમાં ચાર કહી છે. સ્ત્રીકથા, ભોજનકથા દેશકથા, રાજકથા.

સ્ત્રીની જાતિ, કુલ, રૂપ, વસ્ત્ર, અલંકારો વિગેરેની ચર્ચા કરવી તે સ્ત્રીકથા. ઘી વિગેરે ભોજ્ય વ્યંજનના ભેદ, સ્વાદ, નામ પાક પદ્ધતિ વિગેરેની ચર્ચા કરવી તે ભક્તકથા. જે-તે દેશના પ્રગટ-અપ્રગટ, જાણેલા-નહીં જાણેલા ભોજન, લગ્ન વિગેરેના રીવાજ, કૂવા, કિલ્લા, ગૃહપંક્તિ, દેવમંદિરો વિગેરેની ચર્ચા તે દેશકથા અને રાજાના પ્રવેશની સવારી, યુદ્ધના પ્રયાણો, સૈન્યની **march**, ધન-ધાન્ય ભંડારો વિગેરેની ચર્ચા તે રાજકથા.

**સ્થાનાઙ્ગસૂત્ર** માં આ ચાર ઉપરાંત બીજી ત્રણ કથા કહી છે : મૃદુકારૂણિકી કથા, દર્શનભેદિની કથા, ચારિત્રભેદિની કથા... આમ ૪ + ૩ = ૭ વિકથા થઈ.

પુત્રાદિકના વિયોગથી વિહ્વળ બનેલી માતાના કરૂણ પ્રલાપો જેવા કરૂણ ભાવોની ચર્ચા તે મૃદુકારૂણિકી કથા. કુતીર્થિકના જ્ઞાન વિગેરેની પ્રશંસા તે દર્શનભેદિની કથા અને 'હાલ સાધુને મહાવ્રતો હોય શકે નહીં કેમકે તેમનામાં પ્રમાદની બહુલતા છે અને અતિચારની શુદ્ધિ કરાવી શકે તેવા વિશિષ્ટ ગીતાર્થ આચાર્યનો પણ અભાવ છે' જેવી ચર્ચા ચારિત્રભેદિની કથા.

આ સાત પૈકી જે પણ વિકથા કરી હોય તેથી પ્રતિક્રમણ કરું છું અને તેનું મિચ્છા મિ દુક્કડમ્ આપું છું.

### ❋ ચાર પ્રકારે ધ્યાન :-

મનની એકાગ્રતા એટલે જ ધ્યાન. તેના ચાર ભેદ છે: દરેક ધ્યાનભેદની સમયાવધિ અંતર્મુહૂર્ત માત્ર છે. વિષયથી સંલિપ્ત

અધ્યવસાય એટલે આર્તધ્યાન. હિંસાદિકથી લિપ્ત અધ્યવસાય એટલે રૌદ્રધ્યાન. જિનવાણીમાં નિર્ણય પામેલો અધ્યવસાય એટલે ધર્મધ્યાન અને નિરંજન પરિણામમાં સ્થિર અધ્યવસાય એટલે શુક્લધ્યાન.

ધ્યાનની વિશેષ વ્યાખ્યા ધ્યાનશતક ગ્રંથ દ્વારા જાણી લેવી. આ ચાર ધ્યાન પૈકી અશુભ ધ્યાન ધ્યાયા હોય તેમજ શુભ ધ્યાન ન કર્યા હોય તો તેથી અનુક્રમે પ્રતિક્રમણ કરું છું અને મિચ્છા મિ દુક્કડમ્ આપું છું.

**मूलम् । :-**

पडिक्कमामि पंचहिं किरिआहिं काईआए अहिगरणियाए पाउसिआओ पारितावणिआओ पाणाइवाय-किरियाए । पडिक्कमामि पंचहिं कामगुणेहिं सद्देणं रूवेणं रसेणं गंधेणं फासेणं । पडिक्कमामि पंचहिं महव्वएहिं पाणाइवायाओ वेरमणं मुसावायाओ वेरमणं अदिन्नादाणाओ वेरमणं मेहूणाओ वेरमणं परिग्गहाओ वेरमणं । पडिक्कमामि पंचहिं समिइहिं ईरियासमिइए भासासमिइए एसणा समिइए आयाणभंडमत्तनिक्खे-वणासमिइए उच्चारपासवण-खेल-जल्ल-सिंघाणपारिट्ठा-वणिया समिइए ।

**वृत्तिः । :-**

पञ्चभिः क्रियाभिर्व्यापाररूपाभिस्तत्र कायेन निर्वृत्ता

कायिकी सा च त्रिधा, मिथ्यादृष्टेरविरत सम्यग्दृष्टेरपि [देशविर] तसम्यग्दृष्टेश्चाऽऽविरतकायिकी । प्रमत्तसंयतस्येन्द्रियविषया दुष्प्र-णिहितकायिकी । अप्रमत्तसंयतस्य प्रायः सावद्ययोगोपर -तस्योपरतकायिकी । अधिक्रियते आत्मा नरकादिषु येन तदधि-करणं तेन निर्वृत्ता अधिकरणिकी तया । सा च द्विधा, चक्र-रथ-पशुबन्ध - मन्त्रतन्त्रादिप्रवर्तनी खड्गादिनिवर्तनी चेति ।

प्रद्वेषोमत्सरस्तेन निर्वृत्ता प्रद्वेषिकी साऽपि जीवाजीव-विषयेति द्वेधा । परितापनं ताडनादिदुःखं तेन निर्वृत्ता पारिताप -निकी तया । साऽपि स्वदेह-परदेहविषयतया द्विधा ।

प्राणातिपातिकी क्रियापि स्व-परविषयतया द्वेधा तत्राद्या निर्वेदात् स्वर्गाद्यर्थं वा गिरिपतनादिना स्वं घ्नतः, द्वितीया मोह-क्रोधादिवशात् परं घ्नत इति । काम्यन्त इति कामाः शब्दादयस्त एव आत्मस्वरूपबन्धहेतुत्वाद् गुणास्तथाहि । शब्दाद्यासक्तः कर्मणा बध्यन्त इति तैः महाव्रतैः प्राणातिपातविरमणादिभिस्तेषु प्रतिषिद्ध-करणादिनाऽतिचारसम्भवोऽथवा संघट्टनपरितापनादिभिः प्राणाति-पातविरमणे, पयलाउल्लेमरुए,' इत्यादिभिः सूनृते ऽदत्ततृण-डगलभस्मादिग्रहणेनाऽस्तेये, करकर्मादिभिर्ब्रह्मगुप्तीनां सम्यग -ननुपालने नवब्रह्मणि, शय्यातरदारकममत्वेन गवादिसंरक्षणादिना शय्यास्थानादिममकारेण वा परिग्रहविरतौ चातिचारा भावनीयाः ।

पञ्चभिः समितिभिः समेकीभावे चेति चेष्टा समितिः । ईर्यायां विषये समितिरीर्यासमितिः शकटादिवाहनाक्रान्तेषु मार्गेषु सूर्यरश्मिप्रतापितेषु प्रासुकविविक्तेषु युगमात्रदृष्टिना यतिना गमना

-गमनं कर्तव्यमिति तया । एवं भाषासमितिर्हित-मिता -ऽसंदिग्धभाषणं तया । एषणासमितिर्गोचरगतेन मुनिना सम्यगुप -युक्तेन नवकोटिविशुद्धं ग्राह्यमिति ।

आदानभाण्डमात्रनिक्षेपणासमितिरादानं ग्रहणं निक्षेपणा मोचनम्, भाण्डमात्रं सर्वोपकरणम्, मध्येस्थितो भण्डमात्रशब्दः काकाक्षिगोलकन्यायेनोभयत्रापि लग्यते ततश्च भाण्डमात्रस्यादाने निक्षेपणायाञ्च समितिः प्रक्षेपणप्रमार्जनपूर्विका सुन्दरचेष्टा तया । उच्चारादीनां परिस्थापनाऽपुनर्ग्रहणतया न्यासस्तत्र भवा पारिष्ठाप -निकी सा चाऽसौ समितिश्च प्रत्युपेक्षणादिपूर्वा सुचेष्टा तया । तत्रोच्चारः पुरीषः, प्रश्रवणं मूत्रं, खेलो निष्ठीवनं, सिंघानं नासिका-श्लेष्मः, जल्लो मलः ।

**અર્થપ્રભા :-**

હવે પાંચના સ્થાનમાં પાંચ પ્રકારે ક્રિયાઓ, પાંચ કામગુણો, પાંચ મહાવ્રતો અને પાંચ સમિતિનું વર્ણન કરે છે.

**❋ પાંચ પ્રકારે ક્રિયાઓ અને તેના અવાંતર ભેદો :**

ક્રિયાઓ પાંચ પ્રકારની છે - (૧) કાયિકી, (૨) અધિકરણિકી, (૩) પ્રદ્વેષિકી, (૪) પારિતાપનિકી, (૫) પ્રાણાતિપાતિકી...

અહીં પહેલી કાયિકી ક્રિયાના ત્રણ પેટા ભેદ છે. એક, અવિરતકાયિકી. બે, દુષ્પ્રણિહિતકાયિકી. ત્રણ, ઉપરતકાયિકી. અવિરતકાયિકી ક્રિયા મિથ્યાદષ્ટિને, અવિરતિધર સમ્યગ્દૃષ્ટિને અને દેશવિરતિધરને ઘટે. દુષ્પ્રણિહિતકાયિકી ક્રિયા છટ્ઠા ગુણસ્થાનકે રહેલાં પ્રમત્ત સંયમીને ઘટે અને ઉપરતકાયિકી ક્રિયા સાતમા ગુણસ્થાનકવર્તી અપ્રમત્તસંયમીને સંભવે.

બીજો ક્રિયા પ્રકાર છે અધિકરણિકી ક્રિયાનો. નરકાદિ દુર્ગતિમાં જેના વડે આત્મા ધકેલાય તેને અધિકરણિકી ક્રિયા કહેવાય. તેના પણ બે ભેદ છે. એક, પ્રવર્તન અધિકરણિકી અને બે, નિવર્તન અધિકરણિકી. ચક્ર, રથ, ગાડુ-વાહન વિગેરે ચલાવવું, તેમાં બેસવું, ઉપલક્ષણથી પેટ્રોલ-ડિઝલ-ઈલેક્ટ્રીકથી ચાલતા વાહનમાં બેસવું અને ઘોડા-બળદ વિગેરે બાંધવા જેવી ક્રિયા પ્રવર્તન અધિકરણિકી છે તેમજ ખડ્ગ એટલે કે તલવાર, છરી, ધારિયું જેવા શસ્ત્રો રાખવા, વાપરવા, બનાવવા તે નિવર્તન અધિકરણિકી છે.

ત્રીજી પ્રદ્વેષિકી ક્રિયાના પણ બે પ્રકાર છે. એક, જીવ પ્રદ્વેષિકી, બે, અજીવ પ્રદ્વેષિકી. પ્રદ્વેષ એટલે નફરત, અણગમો, ઈર્ષ્યા, દુર્ભાવ અને તેનાથી પ્રેરાયેલી ક્રિયા એટલે પ્રદ્વેષિકી.

ચોથી પારિતાપનિકી ક્રિયાના પણ બે પ્રકાર છે. એક, સ્વદેહ પારિતાપનિકી. બે, પરદેહ પારિતાપનિકી. પરિતાપ એટલે લાઠી વિગેરેથી મારવું, કૂટવું વિગેરે...

પાંચમી પ્રાણાતિપાતિકી ક્રિયાના પણ બે પ્રકાર છે. એક, સ્વપ્રાણાતિપાત. બે, પરપ્રાણાતિપાત. દુઃખના ત્રાસથી કે સ્વર્ગાદિ સુખોના અભિલાષથી ગિરિ ઉપરથી ખીણમાં પડીને આપઘાત કરવો કે કોઈપણ રીતે આપઘાત કરવો તે સ્વપ્રાણાતિપાત. ક્રોધ કે મોહના આવેશને અંધ થઈ અન્યને હણી નાંખવા તે પરપ્રાણાતિપાત.

**❋ પાંચ કામગુણો અને પાંચ મહાવ્રતો :-**

શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ, આ પાંચ ઈન્દ્રિયવિષયોને કામગુણો કહેવાય. તેમાં આસક્ત થવાથી તે આત્મસ્વરૂપનો વિબંધ કરનાર બને છે.

આ કામગુણોમાં રક્ત સંયમી મહાવ્રતોને વિરાધે તેવી પણ શક્યતા રહેલી છે. મહાવ્રતો પાંચ છે. (૧) પ્રાણાતિપાત વિરમણ, (૨) મૃષાવાદ વિરમણ, (૩) અદત્તાદાન વિરમણ, (૪) મૈથુન વિરમણ, (૫) પરિગ્રહ વિરમણ.

જીવોના સંઘટ્ટન, પરિતાપ વિગેરે કરવાથી પહેલાં મહાવ્રતમાં અતિચાર લાગે. માયામૃષાવાદ વિગેરેથી બીજા મહાવ્રતમાં અતિચાર લાગે. માલિકે નહીં આપેલાં તૃણ-ડગલ-ભસ્મ વિગેરે લેવાથી ત્રીજા મહાવ્રતમાં, બ્રહ્મચર્યની નવગુપ્તિનું પાલન નહીં કરવાથી અને કરકર્મ વિગેરે વડે ચોથા મહાવ્રતમાં તેમજ શય્યાતર, તેના પુત્રો, શય્યાસ્થાન, વસતિ, ગાય વિગેરેની કાળજી... જેવી બાબતોમાં મમત્વ કરવાથી પાંચમા મહાવ્રતમાં અતિચાર લાગે છે.

**❋ પાંચ સમિતિના અતિચારો :-**

સમિતિ પાંચ પ્રકારે છે - (૧) ઈર્યાસમિતિ, (૨) ભાષા-સમિતિ, (૩) એષણાસમિતિ, (૪) આદાન ભંડ મત્ત નિક્ષેપણા સમિતિ, (૫) પારિષ્ઠાપનિકાસમિતિ.

લોકો અને વાહનોના ગમનાગમનથી ખેડાયેલા તેમજ સૂર્યકિરણો વડે તપેલાં અચિત્ત ભૂમિવાળા માર્ગ પર યુગમાત્ર દૃષ્ટિ રાખીને એટલે સાડા ત્રણ હાથ લાંબી નજર રાખીને શ્રમણે કારણે ગમનાગમન કરવાનું છે. ગમનાગમનનો આ વિધિ એટલે ઈર્યા-સમિતિ.

હિતકારી, પરિમિત, સત્ય અને અસંદિગ્ધ વચન બોલવું તે ભાષાસમિતિ. આહારગ્રહણનું કારણ હોય તો જ અને તે પણ નવકોટી શુદ્ધ આહાર ગ્રહણ કરવો તે એષણાસમિતિ. ઉપકરણ, માત્રક વિગેરે વસ્તુઓ લેતાં અને મૂકતાં યતના અને પ્રમાર્જના પૂરેપૂરી કરવી તે ચોથી સમિતિ તથા કોઈ જીવ-જંતુ કે સચિત્તભૂમિ

આદિની વિરાધના નહીં થાય ને ? તેની કાળજીપૂર્વક પૂર્વનિરીક્ષણ કરીને સ્થંડિલ, માત્રુ, કફ, શર્દી, મલ વિગેરે પરઠવવા તે પાંચમી પારિષ્ઠાપનિકા સમિતિ.

આમ, પાંચ ક્રિયા, કામગુણો, મહાવ્રતો અને સમિતિના વિષયમાં જે જે અતિચાર મેં સેવ્યાં છે તેથી પાછો ફરું છું તેનું પ્રતિક્રમણ કરું છું.

## मूलम् । :-

पडिक्कमामि छहिं जीवनिकाएहिं पुढविकाएणं आउकाएणं तेउकाएणं वाउकाएणं वणस्सइकाएणं तसकाएणं । पडिक्कमामि छहिं लेसाहिं किण्हलेसाए नीललेसाए काउलेसाए तेउलेसाए पम्हलेसाए सुक्क-लेसाए । पडिक्कमामि सत्तहिं भयठाणेहिं । अट्ठहिं मयठाणेहिं । नवहिं बंभचेरगुत्तीहिं । दसविहे समणधम्मे । इगारसहिं उवासगपडिमाहिं । बारसहिं भिक्खुपडिमाहिं ।

## वृत्तिः । :-

षड्जीवनिकायाः स्पष्टाः षट्लेश्याः सकलप्रकृतिनिस्यन्दभूत कृष्णादिद्रव्य साचिख्यात् (सदृशः) स्फटिकस्येवात्मनस्तथापरिणामो लेश्या । ताश्च कृष्णलेश्याद्याः । तत्स्वरूपं ग्रामवधार्थं निर्गतचौर-जम्बूखादकषट्पुरूषदृष्टान्ताभ्यां ज्ञेयम् । जह जंबुपायवेण इति गाथाद्वयम् । अत्र च तिसृष्वाद्यासु वर्तनेनाऽन्त्यासु तिसृष्ववर्तनेन चातिचार इति ।

प्रतिक्रमामि सप्तभिर्भयस्थानैः, भयस्थानानि भयस्याश्रया-स्तत्रेहलोकभयः सजातीयमनुष्यादेर्भयः, परलोकभयः परस्मात्तिर्य-गादेः, आदानं धनं तद् चौरादिर्मा गृहीदिति भयः । अकस्मादेवं बाह्यनिमित्ताऽनपेक्षो गृहादिस्थितस्य तमसि वा भयः । आजीविका-भयो निर्धनस्य कथं दुर्भिक्षादौ मे निर्वाह इति । मरणभयाप-कीर्तिभयौ प्रतीतौ ।

अतः परं प्रतिक्रमामीति क्रियापदं स्थानपरिगणनञ्च भगवतीसूत्र [कारैरनुक्त] मिति स्वयमवसेयम् । अष्टभिर्मद-स्थानैर्जाति-कुल-रूप-बल-तपः-ऐश्वर्य-श्रुत-लाभास्तैः ।

नवभिर्ब्रह्मचर्यगुप्तिभिः ब्रह्मरक्षोपायभूताभिस्ताश्चेमाः, ब्रह्म-चारिणा गुप्त्यनुपालनपरेण मा स्त्री-पशु-पण्डक संसक्ता वसति-रासेवनीया (१), न स्त्रीणामेकाकिना कथा कथनीया (२), न स्त्रीणां निषद्या सेवनीया उत्थितानां मुहूर्तं यावत् तदासने नोपवेष्टव्यमित्यर्थः (३), न स्त्रीणामिन्द्रियाण्यवलोकनीयानि (४), न स्त्री-पुंसानां कुड्यन्तरितानां क्वणितं धूनिराकर्णितव्यः (५), न पूर्वक्रीडितानुस्मरणं कर्तव्यं (६), न प्रणीतं भोक्तव्यं स्निग्ध-मित्यर्थः (७), नातिमात्राहारोपभोगः कर्तव्यः (८), न विभूषा कार्या (९) इति ।

दशविधे श्रमणधर्मे क्षान्त्यादिरूपे योऽतिचारः कृतः, क्षान्तिः क्रोधविवेकः (१), मार्दवं मानत्यागः (२), आर्जवं मायात्यागः (३), मुक्तिर्लोभपरित्यागः (४), तपोऽनशनादिद्वादशधा (५), संयम आश्रवनिरोधः (६), सत्यं सूनृतम् (७), शौचं संयमः

प्रति निरूपलेपता, शौचस्थाने त्याग इति केचित् स च सुविहि -तेभ्यो वस्त्रादिदानलक्षणः (८), आकिञ्चन्यं कनकादिरहित -ता (९), ब्रह्मचर्यं बस्तिसंयमः (१०) ।

एकादशभिरूपासकप्रतिमाभिः, उपासका श्रावकास्तेषां प्रतिमा अभिग्रहविशेषास्ताभिः । ताश्चैवं यस्यां श्रावको निःशङ्कादि सम्यग्दर्शनी मासं यावत् सा प्रथमा, व्रतधारी द्वितीया, कृत-सामायिकस्तृतीया, अष्टमी-चतुर्दशी-अमावास्या-पौर्णमासीषु चतुर्विधपौषधकर्ता चतुर्थी, पौषधकाले एकरात्रिक्यादिप्रतिमापन्नः दिवाब्रह्मचारी प्रकाशभोजी रात्रौ कृतपौषधः पञ्चमी, सदाब्रह्म-चारीति षष्ठी, सचित्ताहारवर्जकः सप्तमी, स्वयमारम्भकरण-वर्जकोऽष्टमी, प्रेष्यैरप्यारम्भवर्जको नवमी, क्षुरमुण्डितः शिखी वा उज्झष्ठीकृता-हारवर्जको ज्ञातिभ्यो निधानीकृतार्थजातनि -दर्शकश्चेति दशमी, क्षुरमुण्डो लुञ्चितो वा रजोहरण पतद्ग्रहकधारी श्रमणवन्निर्ममत्वः स्वज्ञातिषु विहरतीत्येकादशी । अत्र च प्रथमा मासं यावद् द्वितीया द्वौ मासौ तृतीया मासत्रयमेवं यावदेकादशी एकादशमासान् तथा यद् यत् पूर्वस्यां भणितं तत्तदुत्तरस्यां सर्वं भणनीयमेतासु वितथप्रज्ञापनादिनाऽतिचार इति ।

द्वादशभिर्भिक्षुप्रतिमाभिस्ताश्चैवम्, मासिकी, द्विमासिकी यावत् सप्तमासिकी । एवं सप्तप्रथमा सप्तरात्रिकी, द्वितीया सप्तरात्रिकी, तृतीया सप्तरात्रिकीति । पूर्वाभिः सह दशाऽहोरात्रिकी । एकरात्रिकीति द्वादश ।

एतासाञ्च प्रतिपन्नो धृतिसंहननादियुक्तो न्यूनदशपूर्वी अभिगृहीतैषणोऽलेपकृद्भक्तभोजी गच्छान्निष्प्रक्रम्य मासिकी प्रतिमा प्रपद्यते, तत्रैका दत्तिर्भक्तस्य एका च पानकस्य ततो गच्छामीति। एवं द्विमासिक्यां द्वे दत्ती यावत् सप्तमासिक्यां सप्त । प्रथमायां सप्तरात्रिक्यामपानकेन चतुर्थ [भक्ते] न ग्रामाद् बहिरूत्तान-पार्श्वादि[स्थः] दिव्याद्युपसर्गान् सहते । द्वितीयाऽप्येवं नवरं तत्र स्थानमुत्कटिका-लगण्डादि, लगण्डोवक्रकाष्ठम् । तृतीयाऽप्येव -मेव नवरं तत्र स्थानं गोदोहिका-वीरासनादि । तथैवाहोरात्रिक्यपि केवलं तत्र षष्ठभक्त-प्रलम्बितभुजश्चाऽऽस्ते । एवमेवैकरात्रिक्यपि किन्तु तत्राष्टमभक्तमन्त्यरात्रिश्चानिमेषाक्षः कायोत्सर्गं करोतीति । विशेषश्चाऽसां स्वरूपं दशाभ्यो ज्ञेयम् ।

**અર્થપ્રભા :-**

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય, આ છ'કાયના જીવોની જે કદર્થના - હિંસા કરી હોય તેનું હું પ્રતિક્રમણ કરું છું. તે પાપથી પાછો ફરું છું.

**❋ છ પ્રકારની લેશ્યાઓ :-**

લેશ્યા છ પ્રકારે છે. તેના નામ અનુક્રમે - (૧) કૃષ્ણલેશ્યા, (૨) નીલલેશ્યા, (૩) કાપોતલેશ્યા, (૪) તેજોલેશ્યા, (૫) પદ્મલેશ્યા, (૬) શુક્લલેશ્યા જાણવા.

લેશ્યા એ આત્મપરિણામ જ છે. એવો આત્મપરિણામ જે વિવિધ કર્મપ્રકૃતિઓના રસના સંસર્ગથી તેના જેવા પરિણામને પામેલો છે. કર્મને વશ આત્મા કર્મની પરવશતાના કારણે આત્મપરિણામોની

અસંખ્ય ઉચ્ચ-નીચ કક્ષાને પામતો રહે છે, તેમાં ઘૂમતો રહે છે, આવી આત્મપરિણામોની ભિન્ન-ભિન્ન ઉચ્ચ-નીચાદિ સ્થિતિ જ વિવિધ પ્રકારની લેશ્યા છે. જેના મુખ્ય છ ભેદ છે જે ઉપર અમે કહ્યાં. ગૌણ રીતે એકેક લેશ્યાના અસંખ્ય સ્થાનકો થઈ શકે.

લેશ્યા એ સર્વ કર્મ પ્રકૃતિઓના રસનાં નિષ્કર્ષ રૂપ છે. કર્મપ્રકૃતિઓ દ્રવ્યરૂપ છે અને તેના કૃષ્ણ-નીલ વિગેરે રસોને લઈને કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા વિગેરે નામો જ્ઞાનીએ આપ્યાં છે.

છ પૈકી પ્રથમ ત્રણ લેશ્યા આત્મપરિણામોની નિષ્ઠુરતા દર્શાવે છે અને પછીની ત્રણ લેશ્યા પરિણામોનો માર્દવ દર્શાવનારી છે.

પ્રથમ ત્રણ લેશ્યા ઉત્તરોત્તર ન્યૂન અશુભ પરિણામો વાળી છે અને પછીની ત્રણ લેશ્યા ઉત્તરોત્તર અધિક શુભ પરિણામો વાળી છે.

અહીં પ્રશ્ન તે સંભવે છે કે આત્મા તો ભિન્ન દ્રવ્ય છે તો પછી કર્મપ્રકૃતિ કે જે પણ અલગ દ્રવ્ય છે તેના રસસંબંધી વર્ણોની અસર આત્માને કેમ થાય છે ? તેનો જવાબ તે છે કે આત્મા સ્ફટિક જેવું નિર્મળ દ્રવ્ય છે. જેમ સ્ફટિક પાસે કાળી વસ્તુ મૂકો, લીલી વસ્તુ મૂકો તો સ્ફટિકમાં તેવા તેવા વર્ણ દેખાય છે તેમ આત્મા વસ્તુતઃ નિર્મળ હોવા છતાં કર્મપ્રકૃતિના સંસર્ગથી તેના રસના વર્ણોની અસર આત્માના પરિણામો પર અવશ્ય પડે છે અને તદનુસાર ફળ પણ તેણે ભોગવવા પડે.

અહીં, પ્રથમ ત્રણ લેશ્યામાં ચિત્તનું પ્રવર્તન થયું હોય તો અને અંતિમ ત્રણ લેશ્યાથી ચિત્ત નિવર્તન પામ્યું હોય તો તે દોષ રૂપ છે અને તેનું પ્રતિક્રમણ કરવાનું છે.

❋ છ' ચોરોનું દૃષ્ટાંત :-

૬ લેશ્યાને સમજાવવા માટે પૂર્વધરસૂરિઓએ બે દૃષ્ટાંતો આપ્યાં છે. એક, છ ચોરોનું. બે, જાંબુ ખાવા તૈયાર થયેલાં છ વટેમાર્ગુઓનું.

૬ ચોરો હતાં. ચોરી કરવા માટે નીકળ્યાં. એક ગામ તરફ જઈ રહ્યાં છે. ત્યાં એક ચોર બોલ્યો : આપણે ગામમાં જઈએ એટલે જે સામે મળે તેને મારી નાંખીશું. બધાને હણી જ નાંખવાના. બીજો બોલ્યો : પશુઓનો શો વાંક ? ગામમાં તો પશુઓ પણ હોય. આપણે પશુઓને મારવાના નહીં. મનુષ્યોને મારી નાંખીશું. ત્રીજો બોલ્યો : મનુષ્યોમાં પણ સ્ત્રીઓ અને બાળકોને મારી નાંખવાથી શો ફાયદો ? તેમને આપણે જીવતાં છોડી દઈશું અને જેટલાં પુરુષો મળે તેમને મોતને ઘાટ ઉતારી દઈશું કેમકે તેઓ જ ધનના માલિક છે.

ત્યાં ચોથો ચોર કહે છે કે બધા પુરુષોને મારવાની ક્યાં જરૂર છે ? જેઓ શસ્ત્રધારી હોય તેમની પર જ પહેલો જ પ્રહાર કરી દઈ મારી નાંખીશું. બીજાને નહીં. પાંચમો વળી તેમાંય સુધારો કરતા કહે છે કે જેટલા સશસ્ત્ર પુરુષો હોય તે તમામને મારવાની ક્યા જરૂર છે ? તેમાંથી જે આપણાથી ડરીને પલાયન કરે તેમને છોડી દઈશું અને સામનો કરે તેમને મારીશું.

અંતે, છઠ્ઠો બોલ્યો કે કોઈનેય મારવાની ક્યાં જરૂર છે. આપણે ધનનું કામ છે. ફક્ત ધન લઈશું. હિંસા કરવાની જરૂર નથી. બસ, આ છ ચારોમાં અનુક્રમે કૃષ્ણ-નીલ વિગેરે છ લેશ્યાઓ જાણવી.

❋ જાંબૂ વૃક્ષનું દૃષ્ટાંત :-

૬ મુસાફરો અટવી પસાર કરતાં હતાં. ભૂખ્યાં થયાં. ત્યાં

માર્ગમાં જાંબૂનું ઘટાટોપ વૃક્ષ દેખાયું. જાંબૂ ઘણી મોટી સંખ્યામાં પાકેલાં હતાં. તેથી તેઓ પ્રસન્ન થઈ ગયાં.

પહેલો બોલ્યો : આ વૃક્ષને મૂળમાંથી કાપીને નીચે પાડી દો એટલે સુખેથી જાંબૂ ખાઈ શકાય.

બીજો કહેવા માંડ્યો : એવું ન કરાય. આટલું મોટું વૃક્ષ ફરી ક્યારે ઉગશે ? માટે મૂળમાંથી ન કાપતાં તેની મોટી-મોટી શાખાઓ કાપી નાંખો જેથી ધરાઈને ખાઈ લઈએ.

ત્રીજો ત્યાં બોલ્યો : જાંબૂ તો નાની ડાળો પર છે ને ? મોટા ડાળને કાપવાની શી જરૂર ? ફક્ત નાની ડાળો કાપીએ.

ચોથો કહે છે : નાની ડાળો કાપવાની પણ જરૂર નથી. ડાળી પર જે જાંબૂના ગુચ્છ છે તે જ કાપી લો ને ! આપણે તો જાંબૂથી મતલબ છે !

પાંચમો ત્યાં કહે છે :- તેમાં ય કાંચા જાંબૂ તોડતાં નહીં. પાકેલાં જાંબૂના ગુચ્છ જ તોડી દો. આપણું કામ થઈ જશે.

છઠ્ઠાએ કહ્યું :- શા માટે આટલી મથામણ કરો છો ? નીચે જુઓ, કેટલાં બધાં જાંબૂ પડેલાં છે, તેમાંથી જ સારા-સારા જાંબૂ વીણી લઈએ. પેટ ભરાઈ જશે.

આ છ મુસાફરોમાં પરિણામોનું જે તારતમ્ય છે તેવું જ તારતમ્ય છ લેશ્યાઓમાં રહેલું છે.

આમ, લેશ્યા એ ચિત્તપરિણામ છે. કર્મપ્રકૃતિના સંસર્ગથી તે તથારૂપે નીપજે છે. તેના કૃષ્ણ વિગેરે નામો કર્મપ્રકૃતિના રસના વર્ણોને અનુલક્ષીને અપાયા છે, મુખ્ય ભેદો ૬ છે અને અપેક્ષાએ એકેકના અસંખ્ય ભેદો સંભવે.

❋ **સાત પ્રકારે ભય :-**

સાત પ્રકારના ભયો પૈકી જે પણ ભય ચિત્તમાં જાગ્યો હોય, ભાવ્યો હોય તેનું હું પ્રતિક્રમણ કરું છું.

ભયના પરિણામભેદો આમ તો અસંખ્ય છે છતાં મુખ્ય ભેદો સાત કહ્યાં છે. તે આ પ્રમાણે - (૧) **ઈહલોકભય :** મનુષ્યને મનુષ્ય સ્ત્રી-પુરુષ વિગેરેથી જે ડર લાગે તે. (૨) **પરલોકભય :** મનુષ્યને કૂતરા, બિલાડા, શિયાળ, સિંહ વિગેરે તિર્યંચોથી અને ઉપલક્ષણથી વ્યંતરાદિ દેવોથી જે ડર લાગે તે. (૩) **આદાનભય :** મારું ધન-ચોરાઈ જશે તો ? તેવો ચોરીનો ડર. (૪) **અકસ્માતભય :** પ્રત્યક્ષ નિમિત્તની ગેરહાજરીમાં અંધકાર વિગેરેના કારણે કે એકલતાના કારણે કે તથા વિકલ્પોના કારણે જે ડર લાગે તે. (૫) **આજીવિકાભય :** જીવનનિર્વાહ નહીં થાય તો ? નોકરી ચાલી જશે તો ? ધંધો બંધ થઈ જશે તો જેવો નિર્વાહનો ડર. (૬) **અપયશ ભય :** મારી અપકીર્તિ થઈ જશે, મને કોઈ બેઆબરૂ કરશે તો ? જેવો ઈજ્જતનો ડર. (૭) **મરણભય :** હું મરી જઈશ... મરી જઈશ' દુઃખના પ્રસંગે કે ચિંતાગ્રસ્ત સ્થિતિમાં જીવનનાશનો ભય જાગે તે...

❋ **મદના આઠ પ્રકારો :-**

(૧) જાતિનું અભિમાન, (૨) કુલનું અભિમાન, (૩) રૂપનું અભિમાન, (૪) બલનું અભિમાન, (૫) તપનું અભિમાન, (૬) ઐશ્વર્યનું અભિમાન, (૭) જ્ઞાનનો ઘમંડ, (૮) લાભનો ગર્વ. આ આઠ પૈકી જે પણ મદ કર્યો હોય તેથી પ્રતિક્રમણ કરું છું.

❋ **બ્રહ્મચર્યની નવ ગુપ્તિ :-**

બ્રહ્મચર્યની રક્ષા માટેનો ઉપાય એટલે જ બ્રહ્મચર્યની ગુપ્તિ જેને બ્રહ્મચર્યની નવ વાડ પણ કહેવામાં આવે છે.

(૧) સ્ત્રી (વિજાતીય), પશુ, નપુંસકના વસવાટવાળી વસતિમાં રહેવું નહીં.

(૨) એકલી સ્ત્રીઓને વ્યાખ્યાન કે હિતશિક્ષા આપવા નહીં.

(૩) સ્ત્રી બેઠી હોય તે આસન પર એક મુહૂર્ત = ૪૮ મિનિટ સુધી બેસવું નહીં.

(૪) દિવાલ કે પડદા પાછળ જ સ્ત્રી કે પુરુષ રહેલ હોય તેમના (વિજાતીય) સ્વર - વાર્તાલાપ સાંભળવા નહીં. આ રીતે રહેવું પણ નહીં.

(૫) સ્ત્રીના અવયવો અવલોકવા નહીં.

(૬) પૂર્વે (સંસારવાસમાં) કામક્રીડા કરી હોય તેનું સ્મરણ કરવું નહીં.

(૭) અતિમાત્રામાં આહાર લેવા નહીં.

(૮) ખૂબ વિગઈવાળો સ્નિગ્ધ આહાર લેવો નહીં.

(૯) શરીર શણગાર કરવો નહીં.

આ નવગુપ્તિ પૈકી જે ગુપ્તિનો ભંગ કર્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું.

**❋ દશવિધ સંયમધર્મ :-**

શ્રમણધર્મ દશ પ્રકારે છે - (૧) ક્ષમા : ક્રોધનો ઉપશમ કરવો. (૨) માર્દવ : ગર્વ છોડી દેવો. (૩) આર્જવ : માયા-કપટ ન કરવા. (૪) મુક્તિ :- લોભને ત્યજી દેવો. (૫) તપ :- અનશન વિગેરે ૧૨ પ્રકારે. (૬) સંયમ :- આશ્રવનો નિરોધ કરવો. (૭) શૌચ : અસંયમથી અલિપ્ત રહેવું. (૮) સત્ય. (૯) અકિંચન્ય : નિષ્પરિગ્રહભાવ ધરવો. (૧૦) બ્રહ્મચર્ય :- બસ્તિ સંયમ રાખવો.

દશ પૈકી જે યતિધર્મ થોડો કે વધુ વિરાધ્યો હોય તેથી પ્રતિક્રમણ કરું છું.

**❋ શ્રાવકની અગ્યાર પ્રતિમાઓ :-**

પ્રતિમા એટલે અભિગ્રહવિશેષ. શ્રાવકે અગ્યાર પ્રતિમા કરવી જોઈએ.

**પહેલી પ્રતિમા :-** એક મહિનાની આ પ્રતિમા હોય છે અને તેમાં એક પણ અતિચાર લગાડ્યાં વિના સમ્યગ્દર્શન ધરવાનું રહે છે.

**બીજી પ્રતિમા :-** તેમાં સ્થૂલથી પ્રાણાતિપાતાદિ પાપની વિરતિ કરવાની છે.

**ત્રીજી પ્રતિમા :-** સામાયિક કરવી, રોજે, પર્વદિનમાં કે ધારણાનુસાર.

**ચોથી પ્રતિમા :-** આઠમ, ચૌદશ, પૂનમ, અમાવાસ વિગેરે પર્વદિનોમાં પૌષધ કરવો.

**પાંચમી પ્રતિમા :-** તે જ રીતે પૌષધ કરવો, પરંતુ દિવસે-રાતે બ્રહ્મચર્ય, ચોવિહારો ઉપવાસ, રાતે પૌષધ અને તેમાં રાતભર કાઉસ્સગ્ગ મુદ્રામાં રહેવું.

**છટ્ઠી પ્રતિમા :-** પરિપૂર્ણ બ્રહ્મચર્ય સ્વીકારવું.

**સાતમી પ્રતિમા :-** સચિત્ત આહાર છોડી દેવો.

**આઠમી પ્રતિમા :-** પોતે આરંભકાર્ય કરવા નહીં.

**નવમી પ્રતિમા :-** સેવકો દ્વારા પણ આરંભકાર્ય કરાવવા નહીં.

**દસમી પ્રતિમા :-** માથે મુંડન કરાવવું કે શિખા રાખવી, અંત-પ્રાંત આહાર લેવો, પોતાના નિમિત્તે આહાર બનાવડાવવો નહીં અને જ્ઞાતિજનને પોતે જે નિધાન કર્યા હોય તે બતાવી દઈ નિવૃત્ત રહેવું.

**અગિયારમી પ્રતિમા :-** મુંડન અથવા લોચ કરાવી ચરવળો-પાત્રા રાખી સાધુની જેમ ગોચરી ચર્યા કરવી, સદા પૌષધધારી અને નિષ્પરિગ્રહી બની ઘરે રહેવું કે જ્ઞાતિજનોમાં વિહરવું.

**❋ પ્રતિમાઓની સમયમર્યાદા :-**

શ્રાવકની ૧૧ પ્રતિમાઓની સમયમર્યાદા તેમના ક્રમ પ્રમાણેના મહિના જેટલી છે. એટલે કે પહેલી પ્રતિમા ૧ માસની, બીજી બે મહિનાની, ત્રીજી ત્રણ મહિનાની એમ આગળ પણ સમજવું અને અંતે અગ્યારમી ૧૧ મહિનાની જાણવી.

આ અગ્યાર પ્રતિમાઓ અંગે અયથાસ્થિત પ્રરૂપણા કરી હોય તો તેનું પ્રતિક્રમણ કરું છું.

**❋ સાધુની ૧૨ પ્રતિમાઓ :-**

સાધુની ૧૨ પ્રતિમાઓનું સંક્ષિપ્ત સ્વરૂપ અહીં લખીએ છીએ.

સૂક્ષ્મ સ્વરૂપ **દશાશ્રુતસ્કંધ** આદિ છેદસૂત્રોમાંથી અને **પંચાશકપ્રકરણ** વિગેરે દ્વારા જાણી લેવું.

બારે પ્રતિમા વહનનો અધિકાર માત્ર ગીતાર્થને છે, તે પણ દશપૂર્વથી ન્યૂન અભ્યાસ છે પરંતુ જઘન્યથી અંગસૂત્રોનો તો અભ્યાસ છે જ તેવા ગીતાર્થને આ અધિકાર અપાયેલો છે. તેવા ગીતાર્થ પાસે તેવું ધૈર્ય, સંહનન બળ, હોવું જરૂરી છે. શુષ્ક આહાર લેવા છતાં સંયમ નિરતિચાર પણે આરાધી શકનાર તેઓ હોવા ઘટે.

આવા ગીતાર્થે પણ પ્રત્યેક પ્રતિમા કરતાં પહેલાં તેનું પ્રતિકર્મ ગચ્છમાં રહીને કરવાનું છે અને તેમાં સફળ બની, ગુર્વાજ્ઞા લઈ તે પછી પ્રતિકર્મ કરેલી પ્રતિમા ગચ્છથી બહાર નીકળી એકાકી રહી આરાધવાની છે. એ પછી ફરી ગચ્છમાં આવી જવાનું છે. ત્યારબાદ ગચ્છમાં રહી બીજી પ્રતિમાનું પ્રતિકર્મ કરી પૂર્વવત્ ફરી એકાકી થઈ બીજી પ્રતિમા આરાધવાની છે.

આમ, બારે પ્રતિમાના પ્રતિકર્મ ગચ્છમાં રહીને અનુક્રમે કરવાના છે અને એક પછી એક પ્રતિકર્મ સફળ થતાં અનુક્રમે એકથી બાર પ્રતિમા વહન કરવાની છે.

અનુક્રમમાં ફરક પણ કરી શકાતો નથી.

**પહેલી પ્રતિમા :-** એક મહિનાની હોય છે અને તે દરમ્યાન એક દત્તી ભોજનની અને એક દત્તી પાણીની ગ્રહણ કરી શકાય છે. વધુ નહીં.

એ જ રીતે બીજી પ્રતિમા બે માસની છે અને તેમાં પ્રતિદિન બે દત્તિ ભોજન અને બેદત્તિ પાણી લઈ શકાય છે. આ જ રીતે ત્રીજી પ્રતિમા ત્રણ મહિનાની, ચોથી ચાર મહિનાની, પાંચમી, છઠ્ઠી અને સાતમી અનુક્રમે પાંચ, છ અને સાત માસની છે અને તે તે પ્રતિમાના કાળ દરમ્યાન ભોજન અને પાણીની અનુક્રમે ત્રણ, ચાર, પાંચ, છ અને સાત દત્તિ વહોરી શકાય. વધુ નહીં. આમ, સાત પ્રતિમા થઈ. આઠમી, નવમી, અને દશમી પ્રતિમામાં ત્રણેનો કાળ સાત-સાત રાત્રિનો છે. તફાવત તે છે કે આઠમી પ્રતિમામાં ચતુર્થભક્ત-ચોવિહાર ઉપવાસ અને પારણે આયંબિલ કરવાના છે તેમજ રાતે ગામ બહાર જઈ શૂન્યગૃહ વિગેરેમાં રાત્રિપર્યંત ઉભા-ઉભા, ચત્તા સૂઈને કે એક જ પડખે સૂઈને કાઉસ્સગ્ગ કરવાનો છે

અને તેમાં જે પણ ઉપસર્ગ થાય, તે સહન કરવાના છે. જ્યારે નવમી અને દશમી પ્રતિમામાં બીજું બધું આઠમી પ્રતિમા જેવું જ જાણવું પરંતુ સાતે રાત્રિના કાયોત્સર્ગ નવમીમાં ઉત્કટિકા - લગંડ આદિ આસનોમાં વ્યતીત કરવાના છે અને દશમી પ્રતિમામાં ગોદોહિકા-વીરાસનમાં વ્યતીત કરવાના છે.

**અગ્યારમી પ્રતિમા :-** એક દિવસ અને એક રાત પ્રમાણની આ પ્રતિમા સંપૂર્ણપણે ઉભા-ઉભા કાઉસ્સગ્ગમાં વ્યતીત કરવી પડે અને તેમાં છઠ્ઠ ભક્તનું પચ્ચક્ખાણ જરૂરી છે.

**બારમી પ્રતિમા :-** ફક્ત એક રાત્રિની આ પ્રતિમા અઠ્ઠમ ભક્ત પચ્ચક્ખાણમાં કરવાની છે, તેમાં પચ્ચક્ખાણની છેલ્લી રાતે સંપૂર્ણપણે કાઉસ્સગ્ગ કરવાનો છે અને તે કાઉસ્સગ્ગમાં એકાદવાર પણ આંખનું મટકું પણ લાગવું ન જોઈએ.

આ બારપ્રતિમાની પ્રરૂપણામાં અયથાર્થ દેશના કરી કે તેને વહન કરવામાં અનિચ્છાદિ કર્યા હોય તો તેનું પ્રતિક્રમણ કરું છું.

**मूलम् । :-**

**तेरसहिं किरियाठाणेहिं, चउदसहिं भूअगामेहिं, पन्नरसहिं परमाहम्मिएहिं, सोलसहिं गाहासोलसएहिं, सत्तरसविहे असंजमे, अट्ठारसविहे अबंभे, एगूणवीसाए नायज्झयणेहिं, वीसाए असमाहिठाणेहिं ।**

**वृत्तिः । :-**

त्रयोदशभिः क्रियास्थानैः क्रियाः कर्मबन्धहेतुश्चेष्टास्तस्याः

स्थानानि । [१. सप्रयोजनक्रिया निर्वाहदुर्लभे संयमे दोषिताहारा -देर्यदादानं सैषा, २. निष्प्रयोजनक्रिया अपुष्टहेतावपि दोषप्रति- पत्तिर्या सेयम्, ३. हिंसायै क्रिया] सर्पादौ तद्धिनस्ति हिंसिष्यतीति वा हिंसायै क्रिया। ४. अन्यस्मै निःसृष्टे शरादावन्यघातः अकस्मात् क्रिया । ५. मित्रमप्यमित्रमित्यचौरमपि चौरमितिकृत्वाऽर्हतीति दृष्टिविपर्यासक्रिया । ६. मृषाक्रिया [स्वस्मायन्यस्मै वाऽनृतं यत्रोच्यते सैषा] ७. अदत्तादानक्रिया [स्व-परहेतवे चतुर्धा यददत्तं स्वामि-जीव-तीर्थंकरगुरूभेदभिन्नं गृह्यतेऽत्रैषा] ८. अध्यात्मक्रिया निर्हेतुकं दौर्मनस्यं, ९. मानक्रिया [कुल-श्रुतादिमदमत्ततया -ऽन्येषामवज्ञादिर्यत्र सा], १०. मित्रद्वेषक्रिया मित्र-पित्रादिष्वप्य -ल्पाऽपराधे तीव्रदण्डकरणम्, ११. मायाक्रिया [कपटायत्तवृत्त्या यदसहजवर्तनं सा], १२. लोभक्रिया [लोलुपमनस्कत्वेन सदोष -स्याऽन्यस्य वा ग्रहणं भिक्षादेर्यत्रैषा], १३. ईर्यापथिकी क्रिया पढमे समये बंधं बीए समए उदिण्णं तइए समए निजिण्णंति त्रिसामयिका [वीतरागस्यैवैषा] ।

चतुर्दशभिर्भूतग्रामैः भूतानां ये समूहास्तैः । ते चेत्थं सूक्ष्मा बादराश्चैकेन्द्रिया द्विधा, द्वि-त्रि-चतुरिन्द्रिया विकलास्त्रिधा, संज्ञिनोऽसंज्ञिनश्चेति द्विधा पञ्चेन्द्रियाः, सप्तापि पर्याप्ताऽपर्याप्त- भेदाश्चतुर्दश ।

पञ्चदशभिः परमाधार्मिकैः संक्लिष्टाऽसुरविशेषैस्ते चाऽम्बा -म्बरीषश्यामशबल-रौद्रोपरौद्र-कालमहाकालाऽसिपत्रधनुः-कुम्भ- वालुकावैतरणी-खरस्वर-महाघोषाऽऽख्या ।

षोडशभिर्गाथाषोडश, गाथाऽऽख्यं षोडशमध्ययनं येषु तानि तैः सूत्रकृतांगाद्यश्रुतस्कन्धाऽध्ययनैरित्यर्थः । तानि चामूनि समयो १, वेयालीय २, उवसग्गपरिण्णा ३, थीपरिण्णा ४, निरयविभत्ती ५, वीरत्थ [वो] ६, कुसीलपरिभासा ७, वीरयं ८, धम्मो ९, समाही १०, मग्गे ११, समोसरणं १२, अहतहं १३, गंथो १४, जमईयं १५, गाहा १६ ।

सप्तदशविधसंयमेऽसंयमे वा । संयमस्य सप्तदशविधत्वे तद्विपक्षोऽसंयमोऽपि तावद्विधः । पृथ्वीकायसंयमः, अप्कायसंयमः, तेजस्कायसंयमः, वायुकायसंयमः, वनस्पतिकायसंयमः, द्वीन्द्रिय-संयमः, त्रीन्द्रियसंयमः, चतुरिन्द्रियसंयमः, पञ्चेन्द्रियसंयम इति नव । अजीवसंयमः पुस्तक-चर्मपञ्चकादीनामनुपभोगो यतनाकरणेन परिभोगो वा हिरण्यत्यागो वा । प्रेक्षासंयमः स्थानादेर्यत्र चक्षुषा प्रेक्षां कुर्यात् । उपेक्षासंयमो व्यापाराऽव्यापारविषयतया द्वेधा, तत्र सदनुष्ठाने सीदतः साधूनुपेक्षातो व्यापारयेत् प्रेरयेदित्यर्थः, गृहिणस्त्वारम्भे सीदत उपेक्षेत न व्यापारयेदित्यर्थः । प्रमार्जना-संयमः पथि पादयोः विधिना प्रमार्जनम् । पारिष्ठापनासंयमो -ऽविशुद्धभक्तोपकरणादेर्विधिना परित्यागः । मनःसंयमो वाक्-संयमः कायसंयमोऽकुशलानां मनोवाक्कायानां निरोध इत्यर्थः ।

अष्टादशविधेऽब्रह्मणि तत्रौदारिकं तिर्यग्मनुष्याणामब्रह्म-चर्यं कृत-कारितानुमतिमनोवाक्कायभेदान्नवधा, एवं दिव्यम -पीत्यष्टादशविधमब्रह्म ।

तथा एकोनविंशत्या ज्ञाताध्ययनैर्ज्ञाताधर्मकथाङ्गप्रथम-श्रुतस्कन्धाऽध्ययनैस्तानि चामूनि - उक्खित्तनायं १, संघाडनायं २, अंडनायं ३, कुम्भनायं ४, सेलनायं ५, तुंबनायं ६, रोहिणी नायं ७, मल्लिनायं ८, मायंदीनायं ९, चंदिमानायं १०, दावद्दव नायं ११, उदगनायं १२, मंडूक्कनायं १३, तेतलीनायं १४, नंदिफलनायं १५, अपरकंकानायं १६, आइण्णनायं १७, सुंसुमानायं १८, पुंडरीयनायं १९ ।

न समाधिरसमाधिस्तस्य स्थानानि आश्रयास्तैः तानि चामूनि- (१) द्रुत-द्रुतचारी, (२) अप्रमार्जितेऽवस्थानादिकर्ता, (३) दुष्प्रमार्जिते च, (४) [अतिरिक्तशय्यासेवी], (५) अति-रिक्तासनादिसेवी, (६) रत्नाधिकपराभवकारी, (७) स्थविरोपघाती, (८) [पृथ्व्यादिभूतघाती], (९) तत्क्षणकोपी, (१०) सुदीर्घकोपी, (११) पराङ्मुखावर्णवादी, (१२) अभीक्ष्णं चौरस्त्वमित्यवद्यभाषी, (१३) उपशान्ताधिकरणोदीरकः, (१४) अकालस्वाध्यायकारी, (१५) सरजस्कपाणिपाद [स्तथापि क्रियाकरः], (१६) रात्र्यादा -वुच्चैः शब्दकरः, (१७) कलहकरः, (१८) झंझाकरो झंझागण-भेदः, (१९) सूरप्रमाणभोजी, (२०) अनेषणासमितः । एवंविधः परेषामात्मनश्चाऽसमाधिं चित्ताऽस्वास्थ्यलक्षणमुत्पादयतीत्य -समाधिस्थानानि ।

**અર્થપ્રભા :-**

તેર ક્રિયાસ્થાનો અશુભ કર્મોનો બંધ કરાવનારા છે તે પૈકી જે કોઈ ક્રિયા મેં આચરી હોય તેથી હું પ્રતિક્રમણ કરું છું.

### ❀ તેર ક્રિયાસ્થાનો :-

(૧) **સપ્રયોજન ક્રિયા :-** સંયમારાધના દરમ્યાન એવા વિકટ સંયોગો ઉભા થઈ જવા પામે કે સંયમનો નિર્વાહ પણ દુર્લભ બની જાય ત્યારે સંયમનિર્વાહ માટે આધાકર્મી આદિ દોષિત ગોચરીનું ગ્રહણ કરવું પડે તે સપ્રયોજન ક્રિયા.

(૨) **નિષ્પ્રયોજન ક્રિયા :-** એવો કોઈ પુષ્ટ હેતુ જ નથી કે દોષિત વસ્તુ વાપરવી પડે છતાં દોષિત આહારાદિનો સ્વીકાર કરીએ તે નિષ્પ્રયોજન ક્રિયા.

(૩) **હિંસાર્થે ક્રિયા :-** સંઘ કે ગુરુના વૈરી આદિને કે સાપ વિગેરેને હણી નાંખ્યા, હણે છે કે હણશે સંબંધી જે ત્રૈકાલિક ક્રિયા તે.

(૪) **અકસ્માત્ ક્રિયા :-** અન્ય કોઈ વ્યક્તિ પર ડંડો કે બાણ વિગેરે ફેક્યાં અને તે લાગી ગયા બીજી જ વ્યક્તિને, તેથી તેને વ્યથા થઈ તેને કહેવાય અકસ્માત ક્રિયા.

(૫) **દૃષ્ટિવિપર્યાસ ક્રિયા :-** મિત્ર છે છતાં દુશ્મન સમજી બેસે, ચોર છે છતાં ચોર નથી તેવું માની લે અને એ રીતે વર્તે તે આ પાંચમી ક્રિયા.

(૬) **મૃષાક્રિયા :-** પોતાના માટે કે પારકા માટે જે જૂઠ બોલાય તે મૃષાક્રિયા.

(૭) **અદત્તાદાન ક્રિયા :-** સ્વામીઅદત્ત, જીવઅદત્ત, તીર્થંકર અદત્ત અને ગુરુઅદત્ત, આ ચાર પૈકી કોઈપણ અદત્તનું પોતાના કે પારકા માટે સેવન થાય તે.

(૮) **અધ્યાત્મક્રિયા :-** નિષ્કારણ વૈમનસ્ય ફેલાવનારી ક્રિયા.

(૯) **માન ક્રિયા :-** જાતિમદ, ઐશ્વર્યમદ વિગેરે મદથી મત્ત બની બીજાને ઉતારી પાડવા-અવજ્ઞા કરવી વિગેરે.

(૧૦) **મિત્રદ્વેષ ક્રિયા :-** મિત્ર, ભાઈ કે પિતાને પણ તેમની નાનકડી ભૂલને લઈ મારવા, તાડન-તર્જન કરવું.

(૧૧) **માયા ક્રિયા :-** કપટ કરીને જાણે કરી જ ન હોય તેવું દાંભિક વર્તન કરવું.

(૧૨) **લોભક્રિયા :-** દોષિત કે નિર્દોષ વસ્તુને લોલુપ બનીને વહોરવી - સ્વીકારવી - વાપરવી તે.

(૧૩) **ઈર્યાપથિકી ક્રિયા :-** આ ક્રિયા ફક્ત વીતરાગ-સર્વજ્ઞને જ હોય છે. તેઓ પ્રથમ સમયે કર્મનો બંધ, બીજા સમયે ઉદીરણા અને ત્રીજા સમયે નિર્જરા જે કરે તેને ઈર્યાપથિકી ક્રિયા તરીકે તેરમા ક્રિયાસ્થાનમાં વિવક્ષિત કરવામાં આવી છે. આ તેર ક્રિયા વિશે ગલતપ્રરૂપણા કરવી - માન્યતા બાંધવી તે અતિચાર.

**❀ ચૌદ ભૂતગ્રામો :-**

ભૂત એટલે જીવો. વિવક્ષાભેદે તેના ચૌદ પ્રકારો થાય છે. (૧) સૂક્ષ્મ એકેન્દ્રિય, (૨) બાદર એકેન્દ્રિય, (૩) બેઈન્દ્રિય, (૪) તેઈન્દ્રિય, (૫) ચઉરિન્દ્રિય, (૬) અસંજ્ઞી પંચેન્દ્રિય, (૭) સંજ્ઞી પંચેન્દ્રિય...

આ સાતે ભેદ અપર્યાપ્ત અને પર્યાપ્ત એમ બે રીતે ગણતાં ૧૪ ભેદ થાય. તે પૈકી કોઈપણ જીવસ્થાનની વિરાધના-કિલામણા-વિતથ પ્રરૂપણા કરી હોય તો તેનું પ્રતિક્રમણ કરું છું.

**❀ પંદર પરમાધામીઓ :-**

ભવનપતિ નિકાયમાં અતિસંક્લિષ્ટ ચિત્ત પરિણામો ધરાવતાં

અસુરોની પંદર પ્રજાતિ છે અને તેમને પંદર પરમાધાર્મિક કહેવાય છે. તેમના અંગે અયથાર્થ પ્રરૂપણા કરી હોય તો તેથી પ્રતિક્રમણ કરું છું.

પંદર પરમાધાર્મિકના નામો :- અંબ, અંબરીષ, શ્યામ, શબલ, રૌદ્ર, ઉપરૌદ્ર, કાલ, મહાકાલ, અસિપત્ર, ધનુષ્ય, કુંભ, વાલુકા, વૈતરણી, ખરસ્વર અને મહાઘોષ...

**❋ ગાથા ષોડશ અંગે :-**

સૂત્રકૃતાંગસૂત્ર નામે બીજા અંગસૂત્રના પહેલાં શ્રુતસ્કંધમાં ૧૬ અધ્યયનો છે અને તેમાં ૧૬મું ગાથા અધ્યયન છે. ઉક્ત સોળ અધ્યયનના નામો આ પ્રમાણે :- (૧) સમય અધ્યયન, (૨) વેતાલીય અધ્યયન, (૩) ઉપસર્ગ પરિજ્ઞા, (૪) સ્ત્રી પરિજ્ઞા, (૫) નરકવિભક્તિ, (૬) વીરસ્તવ, (૭) કુશીલ પરિભાષા, (૮) વીર્ય, (૯) ધર્મ, (૧૦) સમાધિ, (૧૧) માર્ગ, (૧૨) સમવસરણ, (૧૩) યથાતથ, (૧૪) ગ્રંથ, (૧૫) યદતીત, (૧૬) ગાથા અધ્યયન.

સોળ અધ્યયનોનો અસ્વાધ્યાય, વિપરીતપ્રરૂપણા, અયોગ્યને અધ્યાપન વિગેરે કરાવ્યું હોય-કર્યું હોય તેનું પ્રતિક્રમણ કરું છું.

**❋ સત્તર પ્રકારે - અસંયમ :-**

સંયમ સત્તર પ્રકારે હોવાથી તેનો વિપક્ષ પણ એટલે કે અસંયમ પણ સત્તર પ્રકારનો થાય છે. તે નિમ્નાંકિત છે.

(૧) પૃથ્વીકાયનો અસંયમ, (૨) અપ્કાય અસંયમ, (૩) તેઉકાય અસંયમ, (૪) વાયુકાય અસંયમ, (૫) વનસ્પતિકાય અસંયમ, (૬) બેઈન્દ્રિય અસંયમ, (૭) તેઈન્દ્રિય અસંયમ, (૮) ચઉરિન્દ્રિય અસંયમ, (૯) પંચેન્દ્રિય અસંયમ, (૧૦) અજીવ અસંયમ

કે જેમાં સોનુ-ચાંદી વિગેરે વાપરવામાં આવે, પુસ્તક વિગેરેનો યોગ્ય ઉપયોગ ન થાય તેવા વિષય આવે છે.

(૧૧) પ્રેક્ષા અસંયમ : જમીન-મકાન વિગેરેમાં સૂક્ષ્મ નજરથી યતના ન કરવી તે. (૧૨) ઉપેક્ષા અસંયમ : તેના બે ભેદ પડે - એક વ્યાપાર વિષયક અને બે અવ્યાપાર વિષયક. સદનુષ્ઠાનમાં સીદાતાં સાધૂને ઉપેક્ષા છોડી દેવાની પ્રેરણા ન કરવી તે અવ્યાપાર વિષયક ઉપેક્ષા અસંયમ અને ગૃહસ્થને આરંભના કાર્યોમાં ઉપેક્ષાના સ્થાને પ્રેરણા કરવી તે વ્યાપાર વિષયક ઉપેક્ષા અસંયમ.

(૧૩) પ્રમાર્જના અસંયમ : માર્ગમાં પગ વિગેરેને પ્રમાર્જવાનું ભૂલી જવું.

(૧૪) પારિષ્ઠાપના અસંયમ : અભક્ષ્ય દોષિત ગોચરી-પાણીને ન પરઠવવા.

(૧૫) મનનો અસંયમ, (૧૬) વાણીનો અસંયમ, (૧૭) કાયાનો અસંયમ.

ઉપરોક્ત સત્તર પૈકી જે પણ અસંયમ સેવ્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું.

**❋ અઢાર અબ્રહ્મના સ્થાનો :-**

તિર્યંચ કે મનુષ્ય મન-વચન અને કાયા વડે કરવા-કરાવવા અને અનુમોદવા દ્વારા જે જે અબ્રહ્મ સેવે તે નવ પ્રકારે અબ્રહ્મ થયું. એ જ રીતે દેવતાના દિવ્ય મૈથુન અંગે નવ ભેદ થાય. નવ + નવ = ૧૮ ભેદ આ રીતે થાય.

આ અઢાર અબ્રહ્મનું ક્યાંય સેવન થયું હોય તો તેનું પ્રતિક્રમણ કરું છું.

❋ **ઓગણીશ જ્ઞાતા અધ્યયન અંગે :-**

જ્ઞાતાધર્મ કથાંગ સૂત્રના પહેલાં શ્રુતસ્કંધમાં વીશ અધ્યયનો છે. જેના નામ આ પ્રમાણે :- (૧) ઉત્ક્ષિપ્તજ્ઞાત, (૨) સંઘાટકજ્ઞાત, (૩) અંડકજ્ઞાત, (૪) કૂર્મજ્ઞાત, (૫) સેલકજ્ઞાત, (૬) તુંબકજ્ઞાત, (૭) રોહિણીજ્ઞાત, (૮) મલ્લીજ્ઞાત, (૯) માકંદીજ્ઞાત, (૧૦) ચંદ્રમસજ્ઞાત, (૧૧) દાવદ્રવજ્ઞાત, (૧૨) ઉદકજ્ઞાત, (૧૩) મંડૂકજ્ઞાત, (૧૪) તેતલીજ્ઞાત, (૧૫) નંદીફળજ્ઞાત, (૧૬) અપરકંકાજ્ઞાત, (૧૭) આકીર્ણજ્ઞાત, (૧૮) સંસુમ્નાજ્ઞાત, (૧૯) પુંડરીકજ્ઞાત.

આ ઓગણીશ જ્ઞાત અધ્યયનો અંગે અકાળે સ્વાધ્યાય, વિપરીત દેશનાદિ જે દોષ સેવ્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું.

❋ **અસમાધિના ૨૦ સ્થાનો :-**

ચિત્તની રાગ-દ્વેષ વિવશતાને અસમાધિ કહેવાય. અસમાધિના વીશ સ્થાનો અહીં વિવક્ષિત છે.

(૧) દ્રુત-દ્રુતચારી :- ખૂબ ઉતાવળીયા થઈને ચાલનાર-કામ કરનાર.
(૨) નહીં પૂંજેલી જગ્યાએ બેસવું-ઉઠવું વિગેરે ક્રિયા કરવી.
(૩) જેમ-તેમ પૂંજેલી જગ્યાએ બેસવું-ઉઠવું વિગેરે ક્રિયા કરવી.
(૪) સંથારા-ઉત્તરપટ્ટાથી વધારે શય્યોપકરણ વાપરવા.
(૫) આસન માટે એક આસનથી અધિક આસનો વાપરવા.
(૬) રત્નાધિક સંયમીનો પરાભવ - આશાતના કરવી.
(૭) સ્થવિર મુનિવરોનો તિરસ્કાર-તર્જનાદિ કરવા.
(૮) જીવ-જંતુની હિંસા કરવી.
(૯) ક્ષણિક કોપ કરવો.

(૧૦) લાંબા સમય માટે કોપ કરવો.
(૧૧) બીજી વ્યક્તિની તેની ગેરહાજરીમાં નિંદા-ટીકા કરવી.
(૧૨) વારંવાર તું ચોર છે, જૂઠો છે વિગેરે સાવદ્ય ભાષા વાપરવી.
(૧૩) અન્યના શાંત થયેલાં કષાયોની ઉદીરણા કરાવવી.
(૧૪) અસજ્ઝાય કાળમાં સ્વાધ્યાય કરવો.
(૧૫) સચિત્ત રજ-જલવાળા હાથ-પગ હોય છતાં ક્રિયા કરવી.
(૧૬) રાતે મોટા અવાજે બોલવું. ઉપલક્ષણથી દિવસે પણ અસભ્ય રીતે બોલવું.
(૧૭) કલહ-કજીયા કરવા.
(૧૮) સૂર્યાસ્ત સુધી આહાર-પાણી લેતા રહેવા.
(૧૯) એષણાસમિતિ ન પાળવી.
(૨૦) ગચ્છમાં જુદાઈ થાય તેવા કામ કરવા.

આમ, વીશ પ્રકારના અસમાધિ સ્થાનો કહ્યાં છે તે પૈકી કોઈ પણ સ્થાન સેવ્યું હોય તો તેથી પ્રતિક્રમણ કરું છું.

## मूलम् । :-

इक्कवीसाए सबलेहिं । बावीसाए परीसहेहिं । तेवीसाए सुअगडज्झयणेहिं । चउवीसाए देवेहिं । पणवीसाए भावणाहिं । छव्वीसाए दसाकप्पववहाराणं उद्देसणकालेहिं ।

## वृत्तिः । :-

एकविंशत्याः शबलैश्चारित्रस्य शबलता कल्मषता तन्नि -मित्तानि क्रियाविशेषास्तेचामी । [हस्त]कर्मकारी शबलः १ । अतिक्रम-व्यतिक्रमातिचारेषु सालम्बनं दिव्यादित्रिविधमैथुनसेवी

शबलः २, अनाचारेऽनालम्बनस्तत्सेवी तु विराधक एव । दिवा गृह्णाति दिवा भुङ्क्ते इत्यादि चतुर्भङ्ग्यामतिक्रमादिना रात्रौ भुञ्जानः शबलः ३, एवं सालम्बनं यतनया सन्निध्यादिसेवी । [अथ ४ तः १०] एवमाधाकर्मराजपिण्ड-क्रीत-प्रामीत्याऽभ्याहृताऽऽच्छेद्य-भोजी असकृत् प्रत्याख्यातभोजी । ज्ञानाद्यर्थान् विना गणाद्गणान्तरं सङ्क्रमितः शबलः ११ । मासांतस्त्रिदगलेपकृत्, 'जंघद्धा संघट्टो नाभीभवोदगलेपो परेण लेपोपरि' १२ । मासान्तस्त्रिमायास्थानकारी १३ ।

आकुट्या प्राणातिपात-मृषावादादत्तादानसेवी १४-१५-१६ । आकुट्याऽनन्तरितायां सस्निग्धायां साण्डायां सप्राणीयां सबीजायाञ्च भूमौ सचित्त शिला-घघुणकृतकाष्ठादौ स्थानादि [निषद्यादि] कर्ता १७ । आकुट्या मूल-कन्द-पुष्प-फल-बीज-हरितभोजी १८ । वर्षान्तर्दशलेपकृत् १९ । वर्षान्तर्दशमायास्थान-कृत् २० । सचित्तोदकार्द्रहस्तमात्रादिदीयमानभैक्षभोजी २१ ।

द्वाविंशत्याः परिषहैः सम्यग्दर्शनादिमार्गाऽच्यवनार्थं निर्जरा-र्थञ्च परिसमन्तादायततः सोढव्याः परिषहास्तैः । ते च क्षुत्-पिपासा-शीतं-उष्णं-दंशमशकः-अचेलत्वं-[अरति]-स्त्री-चर्या-निषद्या स्वाध्यायभूमिः स्माश्नादिका च-शय्या-आक्रोशः-वधः-याञ्चा, अलाभः, रोगः, तृणस्पर्शः, मलः, सत्कारपुरस्कारः, प्रज्ञा, अज्ञानम्, सम्यक्त्वम्, एते तदा जिता भवन्ति यदि क्षुधादि-वेदनार्तोऽपि नार्तध्यानी नाप्यनेषणीयादिग्राहीस्यादिति सर्वेषु दृष्टव्यम् ।

त्रयोविंशत्याः सूत्रकृताध्ययने तानि च प्रथमश्रुतस्कन्धे षोडश द्वितीय श्रुतस्कन्धे पुण्डरिक-क्रियास्थान-महापरिज्ञा-प्रत्याख्यान-क्रिया-ऽनगारमार्द्रकीय-नालन्दाश्चेति सप्त । चतुर्विं-शत्याः दैवैः ऋषभा [दिवीरपर्यन्तै]- रथवा दशधा भुवनपतयो-ऽष्टधा व्यन्तराः पञ्चधा ज्योतिष्काः एकविधा वैमानिकाः सर्वमीलने चतुर्विंशतिः ।

पञ्चविंशत्या भावनाभिः, महाव्रतसंरक्षणाय भाव्यमिति भावनास्ताश्चेमाः ईर्यासमितिः १, अवलोक्यभोक्तृता २, पात्राद्या-दाननिक्षेपसमितिः ३, [ऐषणासमितिश्च] ४, संयमेऽदुष्टमनसः प्रवर्तकता ५, इति प्रथमव्रते पञ्च भावनाः ।

हासत्यागः १, पर्यालोच्य भाषिता २, लोभत्यागः ३, क्रोधत्यागः ४, भयत्यागः ५, अन्यथाऽनृतमपि ब्रूयादिति द्वितीय-व्रते । प्रभुमधिकृत्य स्वयमेवाऽवग्रहयाञ्चायां प्रवर्तते १, तृणाद्य-नुज्ञापनायां दातृप्रतिग्रहवचनमाकर्ण्य प्रवर्तते २, अवग्रहं स्पष्ट-मर्यादयाऽनुज्ञाप्य [वसेत्] ३, अनुज्ञाप्य गुरुं पान-भोजने भुञ्जीत ४, साधर्मिकेभ्योऽवग्रहं याचित्वा तत्र स्थानादि कुर्यात् ५, सर्वत्राऽन्यथाकरणेऽदत्तं गृह्णीयादिति तृतीयव्रते ।

नातिमात्रं स्निग्धं वा भुञ्जीत, न विभूषां कुर्याद् २, न स्त्र्यादिसंयुक्तां वसतिं सेवेत ३, न स्त्रीणां कथामेकाकी कथयेच्च ४, न स्त्रीणामङ्गोपाङ्गानीक्षेत ५, अन्यथा ब्रह्म व्रतं विराधयेदिति चतुर्थव्रते । शब्द-रूप-रस-गन्ध-स्पर्शाऽऽख्येषु पञ्चसु विषयेषु मनोज्ञाऽमनोज्ञेषु राग-द्वेषौ न कुर्यादन्यथाऽमूर्च्छाव्रतं विराधयेदिति पञ्चमव्रते । इत्येकत्र पञ्चविंशतिर्भावना । षट्विंशत्या दशाकल्प-

व्यवहाराणामुद्देशनकालिरुद्देश-समुद्देशाऽनुज्ञार्थं समयप्रसिद्ध-क्रियाविशेषास्ते चैवं, दशानां दशाऽध्ययनेषु दशकालाः, कल्पस्य षडुद्देशकेषु षड्, व्यवहारस्य दशसूद्देशकेषु दश, मीलने षड्-विंशतिः ।

**અર્થપ્રભા :-**

**❀ ૨૧ પ્રકારના શબલ :-**

શબલ શબ્દનો અહીં અર્થ છે, ચારિત્રની મલિનતા. ચારિત્રને મલિન કરનારા એકવીશ પ્રકારના શબલ અહીં કહેવાઈ રહ્યા છે. ક્યાંક એક શબલમાં એક જ અતિચાર સ્થાન સંભવે છે અને ક્યાંક એક જ શબલ દ્વારા અનેકાનેક અતિચારસ્થાનો સૂચિત થયાં છે. સમગ્રતયા ચારિત્રધર્મને મલિન કરનારી પ્રવૃત્તિઓ એટલે જ શબલ સ્થાનો અને તે સ્થાનને સેવનાર સાધુને તથાપ્રકારક શબલ કહી શકાય.

૨૧ શબલસ્થાનો પૈકી કોઈપણ સ્થાનનું સેવન કરી ચારિત્રને વિરાધ્યું હોય તો તેથી પ્રતિક્રમણ કરું છું. ૨૧ શબલ નિમ્નલિખિત છે -

(૧) હસ્તમૈથુન સેવવું.

(૨) દેવ-મનુષ્ય કે તિર્યંચના વિષયમાં કોક નિમિત્તને વશ બની જઈ મૈથુનદોષમાં અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચાર સુધી પહોંચી જવું. હા, અનાચાર જો સેવવામાં આવે તો તે શબલ નથી પરંતુ પૂર્ણ વિરાધક છે.

(૩) રાત્રિભોજનની ચતુર્ભંગીમાં દિવસે રાંધેલું દિવસે વહોરે-વાપરે, આ પહેલાં ભેદને બાદ કરતાં શેષ જે ત્રણ ભાંગા છે તેનું સેવન કરવું.

(૪) આધાકર્મી ભોજન વારંવાર લેવું.

(૫) વારંવાર રાજપિંડ લેવો, ૬-૭-૮-૯ : ક્રીત, પ્રામીત્ય, અભ્યાહૃત અને આચ્છેદ્યદોષવાળો આહાર વારંવાર લેવો.

(૧૦) જેનો અભિગ્રહ કરેલ છે તેવી વસ્તુ વાપરવી.

(૧૧) વિશેષ જ્ઞાનાભ્યાસ વિગેરે કારણને લઈને ગચ્છનાયકની આજ્ઞા લઈ અન્ય ગચ્છમાં જઈ શકાય ખરું પરંતુ છ માસમાં એકથી વધુ વાર આ રીતે ગચ્છાંતર ન થઈ શકે અને અકારણ તો કદી ગચ્છાંતર ન કરી શકાય... અકારણ ગચ્છાંતર કરવું કે પછી છ માસમાં ૧ થી વધુ વાર ગચ્છાંતર કરવું...

(૧૨) એક મહિનામાં ત્રીજી વાર 'દગલેપ' કરવો. અડધી જંઘા ડૂબે એટલા ઉંડા પાણીમાં ઉતરવું તે 'સંઘટ્ટ' કહેવાય. નાભિ ડૂબે એટલાં ઉંડા પાણીમાં ઉતરવું તે 'દગલેપ' કહેવાય અને એથી વધુ પાણીમાં ઉતરવું તે 'લેપોપરિ' કહેવાય. હવે, એક મહિનામાં વધુમાં વધુ બે વાર 'દગલેપ' કરાય. ત્રીજીવાર કરે તો શબલ બન્યો કહેવાય.

(૧૩) એક મહિનામાં ત્રણ વાર માયા-કપટ સેવવા.

(૧૪-૧૫-૧૬) જાણી બૂઝીને સંકલ્પપૂર્વક હિંસા કરવી, જૂઠ બોલવું, અદત્તાદાન કરવું.

(૧૭) ઈરાદાપૂર્વક સચિત્ત જમીન પર, જીવ-જંતુવાળી જગ્યા પર સૂક્ષ્મ ઈંડા અને સચિત્ત બીજવાળી શિલા વિગેરે પર તેમજ ઉધઈ-લક્કડખોદ વિગેરેથી ખદબદતા લાકડા પર બેસવું, ઉભા રહેવું.

(૧૮) ચાહીને કંદમૂળ, ફલ-ફૂલ-બીજ વિગેરે અભક્ષ્ય કે અકલ્પ્ય વાપરવા.

(૧૯) એક વર્ષમાં દશવાર 'દગલેપ' કરવો.

(૨૦) એક વર્ષમાં દશ વાર માયા કપટ સેવવા.

(૨૧) કાચા જળથી ભીંજાયેલા હાથે વહોરાવે છતાં તેવાની પાસે વહોરવું.

❋ **બાવીશ પરિષહ :-**

સંયમીએ પરિષહો સહન કરવા જોઈએ. બે હેતુસર. એક તો માર્ગથી આત્માનું પતન ન થાય તે માટે અને બે, પૂર્વબદ્ધ દઢકર્મોની નિર્જરા થાય તે માટે.

માર્ગ એટલે સમ્યગ્દર્શન. જિનવચનનો નિર્મળ પક્ષપાત... આવા પરિષહ બાવીશ છે તે આ પ્રમાણે-

૧. ક્ષુધા, ૨. તૃષા, ૩. ઠંડી, ૪. ગરમી, ૫. માખી-મષી-મચ્છર, ૬. થોડાં જ વસ્ત્રોથી નિર્વાહ કરવો, ૭. અણગમતું બને તે વેઠી લેવું, ૮. સ્ત્રી પરિષહ, ૯. ચર્યાપરિષહ, ૧૦. નિષદ્યા પરિષહ, ૧૧. શય્યા, ૧૨. આક્રોશ-અપમાન, ૧૩. વધ-હિંસા-તાડના, ૧૪. યાચના કરવી પડે તે, ૧૫. જરૂર છે, પ્રયાસ કરીએ છતાં ન મળે તે અલાભ પરિષહ, ૧૬. રોગ, ૧૭. ઘાસ-તણખલા વિગેરેના સ્પર્શ, ૧૮. મલપરિષહ, ૧૯. સત્કાર-સન્માન મળે તે, ૨૦. બહુબુદ્ધિમત્તા, ૨૧. જડતા, ૨૨. સમ્યક્ત્વની પરીક્ષા થાય તે...

આમ, આ બાવીશ બાબતોને સહન કરવી કે પછી તે વિષય ઉપસ્થિત થવા છતાં શ્રદ્ધા અને ચારિત્રથી વિપરીત વિચાર કે

આચરણ ન કરવું તેને પરીષહો સહન કર્યા કહેવાય. આ પરિષહો જીતાયાં ત્યારે કહેવાય જ્યારે તેને સહન કરવા છતાં આર્તધ્યાન ન કરીએ-અકલ્પ્ય ન સેવીએ.

આ બાવીશ પરિષહો શક્તિ છતાં ન સહન કર્યા અથવા તો તેને સહન કરતાં આર્તધ્યાન કર્યું હોય તો તેથી પ્રતિક્રમણ કરું છું.

**❀ તેવીશ સૂયગડાંગ અધ્યયનો :-**

સૂયગડાંગ સૂત્રના પહેલાં શ્રુતસ્કંધના સોળ અધ્યયન અને બીજા શ્રુતસ્કંધના સાત અધ્યયન જે સાતના નામ આ પ્રમાણે... પુંડરિક, ક્રિયાસ્થાન, મહાપરિજ્ઞા, પ્રત્યાખ્યાનક્રિયા, અણગાર, આર્દ્રકીય, નાલંદા... આ ૧૬ + ૭ = ૨૩ અધ્યયન વિશે જે અકાળ સ્વાધ્યાય-અસ્વાધ્યાય-વિપરીત દેશનાદિ થયું હોય તેથી પ્રતિક્રમણ કરું છું.

**❀ ૨૪ પ્રકારે દેવો :-**

દેવોના ચોવીશ પ્રકાર બે રીતે ઘટાવી શકાય. એક, શ્રી ઋષભદેવ પ્રભુથી શ્રી વર્ધમાન પ્રભુ સુધીના ૨૪ તીર્થંકરોની અવજ્ઞા-અવર્ણવાદ કર્યા હોય તો...

બે, દશ પ્રકાર ભવનપતિ દેવોના, વ્યંતરોના આઠ પ્રકાર, જ્યોતિષ્કદેવોના પાંચ પ્રકાર અને વૈમાનિકોનો એક પ્રકાર... આમ, બધા મળીને દેવગતિસંબંધી દેવોના ૨૪ પ્રકારો... તેમની પણ જે નિંદા-વિપરીત પ્રરૂપણા કરી હોય... તે બંનેનું પ્રતિક્રમણ કરું છું.

**❀ પાંચ મહાવ્રતોની પચ્ચીશ ભાવના :-**

મહાવ્રતોના સંરક્ષણ માટે જેનું ભાવન અને અનુપાલન અનિવાર્ય છે તેવી આ પચ્ચીશ ભાવનાઓ છે. પ્રત્યેક મહાવ્રતની

પાંચ-પાંચ ભાવના શ્રુતધરોએ કહી છે જેનો સંક્ષેપમાં પરિચય અહીં આપીએ છીએ.

**❋ પહેલાં મહાવ્રતની પાંચ ભાવના :-**

(૧) જતાં-આવતાં, બેસતા-ઉઠતાં, ઈર્યાસમિતિનું પાલન કરવું.

(૨) વસ્તુઓ લેતાં, મૂકતાં કે વાપરતાં સૂક્ષ્મ દષ્ટિથી નિરીક્ષણ કરીને પછી વપરાશ કરવો.

(૩) આહાર-પાણીના ગ્રહણ અને વપરાશમાં એષણા સમિતિનું બરોબર પાલન કરવું.

(૪) પાત્રા-માત્રાની કુંડી વિગેરેના અનુસંધાનમાં આદાનભંડમત્ત નિક્ષેપણા સમિતિનું પુરેપુરું પાલન કરવું.

(૫) અસંયમનો વિચાર પણ મનમાં ન કરવો, થઈ જાય તો તુરંત તેને ટાળી દેવો, આમ મનોગુપ્તિ પાળવી.

**❋ બીજા મહાવ્રતની પાંચ ભાવના :-**

જૂઠના કારણરૂપ...

(૧) લોભનો ત્યાગ કરવો... (૨) ક્રોધનો ત્યાગ કરવો... (૩) ભયનો ત્યાગ કરવો... (૪) હાસ્યનો ત્યાગ કરવો... (૫) પરિણામના વિચાર પૂર્વક ખૂબ પર્યાલોચનપૂર્વક બોલવું.

આ પાંચ ભાવનાના અભાવમાં મૃષાવાદ થવો અત્યંત સરળ બની જાય છે.

**❋ ત્રીજા મહાવ્રતની પાંચ ભાવના :-**

(૧) ઈન્દ્ર, રાજા, માંડલિક, શય્યાતર અને સાધુ... આ પાંચના અવગ્રહ સાધુએ જાળવવાના છે, તેમાં પૂર્વ-પૂર્વ કરતાં ઉત્તર-ઉત્તર અધિક બળવાન છે. આ અવગ્રહને ધ્યાનમાં રાખી માલિક પાસે જાતે જ અવગ્રહ = અનુજ્ઞાની માંગણી કરવી.

(૨) ઘાસ, શય્યાસ્થાન, પાટલા વિગેરે તેના દાતાના મુખે 'આ આપ વાપરજો' જેવા સ્પષ્ટ વચન સાંભળી ફરી-ફરી અનુજ્ઞા મેળવવી.

(૩) પોતે યાચેલાં સ્થાનોમાં પોતાની અવગ્રહ મર્યાદા સ્પષ્ટ કરી-તેને પાળીને રહેવું.

(૪) ગુરુની આજ્ઞા મેળવીને આહાર-પાણી લેવા.

(૫) માંડલી વ્યવહાર એક હોય તેવા શ્રમણ-શ્રમણીવૃંદ પરસ્પર સાધર્મિક કહેવાય. આવા સાધર્મિક શ્રમણાદિકની અનુજ્ઞા યાચીને તેમના સ્થાનમાં જરૂર પડે તો વસવાટ કરવો.

આમ, આ મર્યાદા ન પળાય તો ચોરીનું પાપ જરૂર લાગે.

**❀ ચોથા મહાવ્રતની પાંચ ભાવના :-**

(૧) અતિમાત્રામાં આહાર ન વાપરવો અને વધુ વિગઈવાળો સંસક્ત આહાર ન લેવો.
(૨) શરીરની વિભૂષા-ટાપટીપ ન કરવી.
(૩) એકલી સ્ત્રી સાથે વાત ન કરવી.
(૪) સ્ત્રીના અંગો-ઉપાંગો ન નીરખવા.
(૫) સ્ત્રી સંસર્ગવાળી વસતિમાં ન રહેવું...

આમ, આ ભાવના ન પળાય તો ચોથું વ્રત જરૂરથી સ્ખલના પામે છે.

**❀ પાંચમા મહાવ્રતની પાંચ ભાવના :-**

સુંદર કે અસુંદર શબ્દો, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ : આ પાંચ વિષયોમાં રાગ કે દ્વેષ ન કરવો... આ પાંચમા મહાવ્રતની ભાવના છે.

આ પાંચ મહાવ્રતની પચ્ચીશ ભાવના ન કરી હોય કે તે પૈકી ક્યાંય સ્ખલના થઈ હોય તો તેથી પ્રતિક્રમણ કરું છું.

**❀ ૨૬ કાલગ્રહણો :-**

સૂત્રના ઉદ્દેશ-સમુદ્દેશ અને અનુજ્ઞા માટે જે યોગવહન અંતર્ગત સૂત્રોક્ત ક્રિયા કરવાની છે તેને કાલગ્રહણ કહેવાય. દશાકલ્પ વ્યવહારસૂત્રના દશ અધ્યયનના દશ કાલગ્રહણ, કલ્પસૂત્રના છ ઉદ્દેશાના છ કાલગ્રહણ, વ્યવહારસૂત્રના દશ ઉદ્દેશાના દશ કાલગ્રહણ... આમ ૨૬ કાલગ્રહણ અંગે અયથાર્થ ક્રિયા-પ્રરૂપણા થઈ હોય તો તેનું પ્રતિક્રમણ કરું છું.

## मूलम् । :-

सत्तावीसाए अणगारगुणेहिं । अट्ठावीसाए आयारप्पकप्पेहिं । एगूणतीसाए पावसुअप्पसंगेहिं । तीसाए मोहणीअठाणेहिं । इगतीसाए सिद्धाइगुणेहिं । बत्तीसाए जोगसंगहेहिं ।

**वृत्तिः । :-**

सप्तविंशतिविधैरनगारगुणैः साधुगुणैस्ते चाऽमी, व्रतषट्कं ६, पञ्चेन्द्रियजयः ११, भावशुद्धिः १२, प्रत्युपेक्षादिकरणशुद्धिः १३, क्षमा १४, वैराग्यं १५, अकुशलमनो-वाक्-कायनिरोधः १८, षट्कायरक्षा २४, संयमयोगयुक्तता २५, शीतादिवेदनासहनं २६, मारणान्तिकोपसर्गादिसहनं २७ ।

अष्टाविंशतिविधैराचारप्रकल्पैराचारेण सहितः प्रकल्पस्त-स्मिन्, आचाराङ्गप्रकल्पे निशीथाऽध्ययनं पञ्चमचूला । [आचा-राङ्गस्य] पञ्चविंशत्यध्ययनात्मकत्वात् पञ्चविंशतिविधः आचारः [प्रकल्पस्तत्र] उद्घातिममनुद्घातिममारोपणेति त्रिधा, प्रकल्प-संमीलनेऽष्टाविंशतिः [-आचारप्रकल्पस्य] । पञ्चविंशत्यध्यय-नान्यमूनि, सत्थपरिण्णा १, लोकविजओ २, सीओसणियं ३, सम्मत्तं ४, आवंतीलोगसारं ५, धूयं ६, विमोहो ७, उवहाणसुयं ८, महापरिण्णा ९, पिंडेसणा १०, सिज्जा ११, इरिया १२, भासाजायं १३, वत्थेसणा १४, पाणेसणा १५, उग्गहपडिमा १६, गणसत्तिकयं १७, निसिहिया सत्तिकयं १८, उच्चारपासवण-सत्तिकयं १९, सद्दसत्तिकयं २०, रूपसत्तिकयं, २१, परक्किया सत्तिकयं २२, अन्नोन्नकिरिया सत्तिकयं २३, भावणा २४, विमुत्ति २५ इति ।

एकोनत्रिंशत्पापश्रुतप्रसंगैः, पापोपादानानि श्रुतानि पाप-श्रुतानि तेषां प्रसङ्गास्तथासेवनरूपास्ते चामी, तत्र दिव्यं व्यन्त-राट्टहासादिविषयं १, उत्पातः रूधिरवृष्ट्यादिविषयं २, अन्त-रिक्षं ग्रहभेदादि विषयं ३, भौमं भूमिविकारदर्शनादेवाऽस्येदं भविष्यतीत्यादिविषयं ४, अङ्गमङ्गचेष्टाविषयं ५, स्वरं षड्जादि स्वरविषयं ६, व्यञ्जनं मषादि तद्विषयं ७, लक्षणं लाञ्छनं रेखादि तद्विषयं ८, पुनर्दिव्यादावैकैकं त्रिविधं सूत्रं वृत्तिर्वार्तिकञ्चेत्येवमष्टौ त्रिगुणाश्चतुर्विंशतिभेदास्तथा गान्धर्वं, नाट्यं, वास्तु विद्या वैद्यकं धनुर्वेदश्चेत्येकोनत्रिंशत् । अंगविज्जापयन्नासूत्रे तु निमित्ताङ्गाष्टक

[मेवंक्रमः], अङ्गं, स्वप्नः स्वरो भौमं व्यञ्जनं लक्षणं उत्पातो -ऽन्तरिक्षमित्युक्तम् ।

त्रिंशता मोहनीयस्थानैश्चतुर्थकर्मबन्धकारणैस्तानि चामूनि, जल बोलनेन त्रसानां विहिंसनं १, एवं हस्तादिना मुखादिस्त्रोतस्यां स्थगनेन २, वर्धादिना शिरोवेष्टनेन ३, मुद्गरादिना डिम्भो -ऽभिघातेन ४, भवोदधिपतितजन्तूनां द्वीपकल्पस्य देहिनो [सूरि-प्रमुखस्य] हननं ५, सामर्थ्ये सत्यपि घोरपरिणामाद् ग्लानस्य न ही प्रतिचरणम् ६, [बलात्कारेण साधुधर्मात् साधोर्भ्रंशनम् ७], [गृहस्थान् संयमाभिलषतः रोधनम् ८], जिननिन्दाकरणं ९, आचार्यादिखिंसनं १०, आचार्यादीनां ज्ञानदानादिनोपकारिणां कार्ये -ष्वप्रतितर्पणं ११, पुनः पुनोऽधिकरणस्य नृपप्रयाणकदिनादेः कथनं १२, तीर्थभेदनं १३, वशीकरणादिकरणं १४, प्रत्याख्यान भोगप्रार्थनं १५, अभीक्ष्णमबहुश्रुतत्वेऽप्यात्मनो बहुश्रुतप्रकाशनं १६, एवमतपस्विनोऽपि तपस्वताप्रकाशनं १७, बहुजनस्यान्तर्धूमेना -ऽग्निना हिंसनं १८, स्वयंकृतस्य पापस्याऽकृतत्वाविर्भावन [मन्योपर्याक्षेपनं वा] १९, अशुभपरिणामात् सत्यस्यापि मृषेति सभायां प्रकाशनं २०, अक्षीणकलहत्वं २१, विश्रम्भोत्पादनेन परधनाऽपहरणं २२, एवं परदारालोभनं २३, अकुमारत्वेऽप्यात्मनः कुमारत्वभणनं २४, एवमब्रह्मचारित्वेऽपि ब्रह्मचारिताप्रकाशनं २५, येनैश्वर्यं प्रापितस्तस्यैवद्रव्यलोभकरणं २६, यत्प्रभावेन ख्याति -ङ्गतस्तस्य कथञ्चिदन्तरायकरणं २८, अपश्यतोऽपि देवान् पश्यामीति मायया भणनं २९, अवज्ञया देवेष्वहमेव देव इति

प्रख्यापनमिति इव ३० । एतानि कुर्वन् संक्लिष्टचित्तत्वान्मोहनीयं बध्नाति ।

एकत्रिंशत् सिद्धादिगुणैरादौ गुणा आदिगुणाः युगपद्-भाविनो न क्रमभाविनः । सिद्धानामादिगुणाः सिद्धादिगुणास्तैस्ते चामी, पञ्च-पञ्च-द्वि-पञ्च-अष्ट-त्रिभेदानां परिमण्डल-वृत्त-समचतुरस्रादिसंस्थान-वर्ण-गन्ध-रस-स्पर्श-वेदानामभावः, अशरीरत्वमसङ्गत्वमजन्मित्वञ्चेकत्रिंशत् । अथवा ज्ञानावरणी-यादिकर्मणां पञ्च-नव-द्वि-द्वि-चतु-र्द्वि-द्वि-पञ्चविधानां क्षया-देकत्रिंशत् सिद्धादिगुणाः । तत्र मोहस्य दर्शनमोह-चारित्र-मोहभेदान्नाम्नः शुभाऽशुभभेदाद् द्वैविध्यम् ।

द्वात्रिंशद् योगसङ्ग्रहैः प्रशस्तमनोवाक्कायव्यापारसङ्ग्रह-निमित्तैरालोचनादिप्रकारैस्ते चामी, शिष्येणाचार्याय सम्यगालोचना दातव्या १, आचार्योऽपि दत्तायामालोचनायां निरपलापः स्याद् [अन्यस्मै न कथयेत्] २, आपत्सु धर्मदृढता ३, ऐहिकादि फलानपेक्षोपधानकारिता ४, ग्रहणासेवनारूपद्विविधशिक्षासेविता ५, निष्प्रतिकर्म्मशरीरता ६, तपसि परिजनाऽज्ञापिता ७, अलोभता ८, परिषहादिजयः ९, आर्जवः १०, संयमव्रतविषये शुचिता ११, सम्यक्त्वशुद्धिः १२, चेतः समाधिः १३, आचाराग्लानता १४, विनयपरता १५, धृतिप्रधानता १६, संवेगपरता १७, निर्मायता १८, सुविधिकारिता १९, संवरकारिता २०, आत्मदोषोपसंहारकारिता २१, सर्वकामविरक्तत्वभावना २२, मूलगुणविषयप्रत्याख्यानकारिता २३, उत्तरगुणविषयप्रत्याख्यानकारिता २४, क्षण-क्षण सामाचार्य

-नुष्ठानपालनं २५, [द्रव्य-भावोभयविषय व्युत्सर्गकारिता] २६, [अप्रमत्तभावानुगामिता] २७, ध्यानसंवृत्तता २८, मारणान्तिकी-वेदनोदयेप्यक्षोभता २९, सज्ञानां ज्ञपरिज्ञा प्रत्याख्यानपरिज्ञा च ३०, प्रायश्चित्तकारिता ३१, आराधनाञ्च मरणान्ते कर्तव्या ३२, इति द्वात्रिंशद्योगसङ्ग्रहः ।

**અર્થપ્રભા :-**

**❋ સાધુના ૨૭ ગુણો :-**

સાધુભગવંતના ગુણો સત્તાવીશ કહ્યાં છે. તે આ મુજબ જાણવા... (૧) સર્વથા પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત, (૨) સર્વથા મૃષાવાદ વિરમણ મહાવ્રત, (૩) સર્વથા અદત્તાદાન વિરમણ મહાવ્રત, (૪) સર્વથા મૈથુન વિરમણ મહાવ્રત, (૫) સર્વથા પરિગ્રહ વિરમણ મહાવ્રત, (૬) રાત્રિભોજન વિરમણ વ્રત, (૭) સ્પર્શનેન્દ્રિય જય, (૮) રસનેન્દ્રિય જય, (૯) ઘ્રાણેન્દ્રિય જય, (૧૦) ચક્ષુરિન્દ્રિય જય, (૧૧) શ્રોત્રેન્દ્રિય જય, (૧૨) ભાવશુદ્ધિ, (૧૩) પ્રત્યુપેક્ષાદિ = પડિલેહણ વિગેરે ક્રિયાની વિશુદ્ધિ, (૧૪) ક્ષમાભાવ, (૧૫) વૈરાગ્યસ્થિરતા, (૧૬-૧૭-૧૮) અપ્રશસ્ત એવા મન-વચન અને કાયાનો નિરોધ, (૧૯) પૃથ્વીકાય રક્ષા, (૨૦) અપ્કાય રક્ષા, (૨૧) તેઉકાય રક્ષા, (૨૨) વાયુકાય રક્ષા, (૨૩) વનસ્પતિકાય રક્ષા, (૨૪) ત્રસકાય રક્ષા, (૨૫) સંયમયોગોનું વહન, (૨૬) ઠંડી-ગરમી વિગેરે કષ્ટો સહેવા, (૨૭) મારણાંતિક ઉપસર્ગોને સહન કરવા. આ સત્તાવીશ પૈકી જે-જે સાધુગુણોની ખંડના-વિરાધના કરી હોય તેથી પ્રતિક્રમણ કરું છું.

**❋ ૨૮ આચાર + પ્રકલ્પ અધ્યયનો :-**

આચારાંગ સૂત્રના ૨૫ અધ્યયનો છે. તેના નામ આ પ્રમાણે... (૧) શસ્ત્રપરિજ્ઞા, (૨) લોકવિજય, (૩) શીતોષ્ણીય, (૪) સમ્યક્ત્વ, (૫) આવંતીલોકસાર, (૬) ધૂત, (૭) વિમોહ, (૮) ઉપધાનશ્રુત, (૯) મહાપરિજ્ઞા, (૧૦) પિંડેષણા, (૧૧) શય્યા, (૧૨) ઈર્યા, (૧૩) ભાષાજાત, (૧૪) વસ્ત્રેષણા, (૧૫) પાનેષણા, (૧૬) અવગ્રહપ્રતિમા, (૧૭) ગણસતક, (૧૮) નિષદ્યાસતક, (૧૯) ઉચ્ચાર-પ્રશ્રવણ સતક, (૨૦) શબ્દ સતક, (૨૧) રૂપ સતક, (૨૨) પરક્રિયા સતક, (૨૩) અન્યોન્ય ક્રિયા સતક, (૨૪) ભાવના, (૨૫) વિમુક્તિ.

આચારાંગ શ્રુતની પાંચમી ચૂલાનું નામ નિશીથાધ્યયન છે જેનું અપર નામ પ્રકલ્પાધ્યયન પણ છે. આ પ્રકલ્પઅધ્યયનના ત્રણ ભેદ : ઉદ્ઘાતિમ, અનુદ્ઘાતિમ અને આરોપણા...

ઉપરોક્ત આચારાંગના ૨૫ અધ્યયનોમાં તેની પંચમચૂલા સ્વરૂપ નિશીથના આ ત્રણ ભેદ ઉમેરતાં ૨૮ થાય. આ ૨૮ અધ્યયનોનો અસ્વાધ્યાય, અપાત્રને તેનું દાન, વિપરીત પ્રરૂપણાદિ જે કર્યું હોય તેથી પ્રતિક્રમણ કરું છું...

**❋ ૨૯ પ્રકારના પાપશ્રુત :-**

પાપબંધ અને આગળ વધતાં પાપઅનુબંધનું પણ ઉપાદાન જે બની રહે છે તેવા શ્રુતને પાપશ્રુત કહેવાય. તેના ભેદો નિમ્નાંકિત છે.

(૧) **દિવ્યશ્રુત :-** વ્યંતરોના અટ્ટહાસ વિગેરેને ઓળખી લેવા અને તેના વડે ફળાદેશ કરવો.

(૨) **ઉત્પાત વિદ્યા :-** રૂધિરની વૃષ્ટિ થશે વિગેરે ઉત્પાતો જેના વડે

જાણી શકાય.

(૩) **અન્તરિક્ષ વિદ્યા :-** ગ્રહચાર વિગેરેના જ્ઞાન વડે ફળાદેશ કરવો.

(૪) **ભૌમ વિદ્યા :-** ભૂમિને જોઈને તેના ગુણ કે વિકાર જાણી અહીં કૂવો થશે કે નહીં થાય વિગેરે જેના વડે કહી શકાય.

(૫) **અંગવિદ્યા :-** હાથ-મુખ વિગેરે અંગોના ફરકવાથી શું ફળ મળશે તેની જાણકારી આપનાર વિદ્યા.

(૬) **સ્વર વિદ્યા :-** પક્ષી વિગેરેના સ્વર સાંભળીને ભૂત-ભાવિનું કથન જેના વડે થઈ શકે છે.

(૭) **વ્યંજનવિદ્યા :-** શરીરના તલ-મષા વિગેરે જોઈને ફળાદેશ કરવો.

(૮) **લક્ષણવિદ્યા :-** હસ્તરેખા, પગની રેખાઓ, લાંછન વિગેરે જોઈને ફળાદેશ કરવો.

આ અષ્ટાંગ નિમિત્ત છે. આ આઠેના ત્રણ-ત્રણ પેટાભેદ પડે છે - (૧) સૂત્ર, (૨) વૃત્તિ, (૩) વાર્તિક. આમ, આઠને ત્રણ વડે ગુણતાં ચોવીશ થાય. આ ચોવીશે ચોવીશ વિદ્યાઓ પાપશ્રુત છે.

તે પછી ગાંધર્વ વિદ્યા, નાટ્ય વિદ્યા, વાસ્તુ વિદ્યા, વૈદ્યક વિદ્યા અને ધનુષ્યાદિ શસ્ત્રકળા... આ પાંચ વિદ્યાઓ તેમાં ઉમેરવાની રહે છે. ૨૪ + ૫ = ૨૯ થાય. પૂર્વની જેમ અંતિમ પાંચ પણ પાપશ્રુત છે.

अंगविज्जा નામના પયન્નામાં ઉક્ત અષ્ટાંગ નિમિત્તના ક્રમમાં મતાંતર છે તે આ પ્રમાણે... (૧) અંગવિદ્યા, (૨) સ્વપ્નવિદ્યા, (૩) સ્વરવિદ્યા, (૪) ભૌમવિદ્યા, (૫) વ્યંજનવિદ્યા, (૬) લક્ષણવિદ્યા, (૭) ઉત્પાતવિદ્યા, (૮) અંતરિક્ષવિદ્યા.

આ ઓગણત્રીશ પાપશ્રુતનું અધ્યયન-અધ્યાપન-પ્રકાશન કર્યું હોય તો તેથી પ્રતિક્રમણ કરું છું.

**❋ મોહનીયકર્મ બંધાવનારા ૩૦ સ્થાનો :-**

મોહનીયકર્મ બંધાવનારી ૩૦ પ્રવૃત્તિઓ છે - (૧) સ્ત્રી વિગેરે ત્રસ જીવોને પાણીમાં ડૂબાડીને પીડવી-હણવી. (૨) એ જ રીતે મોઢું-ગળું દબાવી દઈને તેમને હણી નાંખવા. (૩) માથે વાધર વીંટીને જીવોને હણી નાંખવા. (૪) મુદ્ગર વિગેરે શસ્ત્ર પ્રહાર કરીને જીવોને હણવા. (૫) સંસારમાં ડૂબતાં જીવોને ટાપૂ સમાન ધર્માચાર્યને હણવા. (૬) શક્તિ હોવા છતાં નિષ્ઠુર પરિણામથી ગ્લાનની વૈયાવચ્ચ ન કરવી. (૭) સાધુને બળાત્કારે ધર્મભ્રષ્ટ કરવો. (૮) સંયમેચ્છુ ગૃહસ્થને સંયમ લેતાં રોકવો. (૯) જિનવરની નિંદા કરવી. (૧૦) આચાર્યના અવર્ણવાદ કરવા. (૧૧) આચાર્ય વિગેરે જ્ઞાનદાતા ઉપકારીનો પ્રત્યુપકાર ન કરવો. (૧૨) રાજાને પ્રયાણમુહૂર્ત આપવા, ગૃહસ્થને લગ્નમુહૂર્તાદિ આપવા જેવા અધિકરણ કાર્યો કરવા. (૧૩) તીર્થભેદ કરતી પ્રવૃત્તિ કરવી. (૧૪) વશીકરણ કરવું. (૧૫) જેના ત્યાગનો નિયમ છે તે ચીજ ભોગવવાની દાનત કરવી. (૧૬) પોતે અબહુશ્રુત હોવા છતાં વારંવાર બહુશ્રુત તરીકેની ખ્યાતિ કરવી. (૧૭) તપસ્વી ન હોવા છતાં તપસ્વી તરીકેની ખ્યાતિ કરવી. (૧૮) અનેક લોકોને સળગાવીને મારી નાંખવા. (૧૯) પોતાનું પાપ બીજાના શિરે ચડાવવું. (૨૦) અશુભ પરિણામપૂર્વક સભામાં સત્યને મિથ્યા કહેવું. (૨૧) વારંવાર કલહ કરવો. (૨૨) વિશ્વાસમાં લઈને તે માણસની સંપત્તિ છીનવી લેવી. (૨૩) પરપત્નીને લોભાવવી. (૨૪) પોતે કુમાર ન હોવા છતાં કુમાર છું તેવો દાવો કરવો. (૨૫) પોતે બ્રહ્મચારી ન હોવા છતાં બ્રહ્મચારી છું એવો દાવો કરવો. (૨૬) જે વ્યક્તિની કૃપાથી ધન-ઐશ્વર્ય મેળવ્યું તેના

જ ધનનો લોભ કરવો. (૨૭) જેનાથી વિખ્યાતિ પામ્યો તેને જ અંતરાયરૂપ બનવું. (૨૯) દેવોને જોતો ન હોવા છતાં મને દેવપ્રત્યક્ષ છે તેવો મૃષાવાદ ચલાવવો. (૩૦) હું જ દેવ છું તેવો મિથ્યા પ્રચાર ચલાવવો.

આ ત્રીશે પ્રવૃત્તિ કરવાથી ચિત્ત સંક્લિષ્ટ બને છે અને તેથી મોહનીયકર્મનો બંધ થાય છે. ત્રીશ પૈકી જે પણ મોહસ્થાન સેવ્યું હોય તેનું પ્રતિક્રમણ કરું છું.

**❋ સિદ્ધભગવંતના ૩૧ ગુણો :-**

આ એકત્રીશે એકત્રીશ ગુણો એક સાથે પેદા થનારા છે, ક્રમિક રીતે પેદા થનાર નથી તેથી તેને આદિ ગુણ કહેવાય છે. સિદ્ધાવસ્થાની આદિમાં જ એક સાથે પેદા થનારા ગુણો છે તેથી 'સિદ્ધાદિ ગુણ' તરીકે તે વિવક્ષિત થયાં છે.

– ૧ થી ૫ :- સમચતુરસ્ર વિગેરે પાંચ સંસ્થાનોનો અભાવ.
– ૬ થી ૧૦ :- રક્ત-પીત વિગેરે પાંચે વર્ણોનો અભાવ.
– ૧૧ અને ૧૨ :- સુરભિ અને દુરભિ ગંધનો અભાવ.
– ૧૩ થી ૧૭ :- મધુર-અમ્લાદિ પાંચ રસનો અભાવ.
– ૧૮ થી ૨૫ :- મૃદુ-કર્કશ વિગેરે આઠ સ્પર્શનો અભાવ.
– ૨૬ થી ૨૮ :- સ્ત્રી-પુરુષ-નપુંસક વેદનો અભાવ.

તદુપરાંત અશરીરીપણું, અપુનર્જન્મપણું અને અસંગપણું... આ ત્રણ ગુણો ઉમેરતાં એકત્રીશ ગુણો થયાં. તે પૈકી કોઈપણ ગુણ અંગે ઉપેક્ષા-વિતથ પ્રરૂપણાદિ કર્યા હોય તો તેનું પ્રતિક્રમણ કરું છું.

**❋ યોગસંગ્રહના ૩૨ પ્રકાર :-**

મન, વચન, કાયાના પ્રશસ્ત વ્યાપારોને યોગસંગ્રહ કહેવાય.

તેના ૩૨ પ્રકારો છે - (૧) શિષ્યે આચાર્યને યથાર્થ આલોચના આપવી. (૨) આચાર્ય શિષ્યે કહેલી આલોચના કોઈને ન કહે, ગુપ્ત રાખે. (૩) આપત્તિમાં પણ ધર્મમાં મક્કમતા કેળવવી. (૪) આલોક-પરલોકના સુખની ઈચ્છાથી ધર્મ ન કરવો. (૫) ગ્રહણ-આસેવન શિક્ષાનું આસેવન કરવું. (૬) શરીરનું પ્રતિકર્મ (ટાપ-ટીપ, શોભા-સફાઈ) ન કરવું. (૭) સ્વજનાદિકમાં તપની જાહેરાત ન કરવી. (૮) પરીષહોને જીતવા. (૯) ઋજુતા ધરવી. (૧૦) લોભ ન કરવો. (૧૧) સંયમમાં નિર્દોષતાના આગ્રહી રહેવું. (૧૨) સમ્યક્ત્વની શુદ્ધિ ધરવી. (૧૩) ચિત્તની સમાધિ જાળવવી. (૧૪) આચારમાં અશિથિલ રહેવું. (૧૫) વિનયી બનવું. (૧૬) ધૈર્યવંત બનવું. (૧૭) સંવેગવંત બનવું. (૧૮) નિષ્કપટ રહેવું. (૧૯) વિધિમાર્ગના આગ્રહી બનવું. (૨૦) સંવર કરવો. (૨૧) આત્માના દોષો ઘટાડવા. (૨૨) દરેક ઈચ્છાઓથી નિર્લેપ બનતા જવું. (૨૩) મૂલગુણસંબંધી પચ્ચક્ખાણો કરવા. (૨૪) ઉત્તરગુણ સંબંધી પચ્ચક્ખાણો કરવા. (૨૫) ક્ષણે ક્ષણ સામાચારીના પાલક બનવું. (૨૬) દ્રવ્ય અને ભાવ : બંનેથી ત્યાગ ગુણ કેળવવો. (૨૭) અપ્રમત્ત રહેવું. (૨૮) ધ્યાન ધરવું. (૨૯) મરણાંત વેદનામાં પણ અપ્રકંપ રહેવું. (૩૦) વિવિધ સંગને જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે જાણવા. (૩૧) પ્રાયશ્ચિત્ત કરવું. (૩૨) અંતિમ આરાધના કરવી.

આ બત્રીશ યોગસંગ્રહ યથાકાળ-યથાવિધિ ન આરાધ્યાં હોય કે વિપરીત રીતે આરાધ્યાં હોય તો તેનું પ્રતિક્રમણ કરું છું.

## मूलम् । :-

तित्तीसाए आसायणाए, १ अरिहंताणं आसायणाए,

२ सिद्धाणं आसायणाए, ३ आयरिआणं आसायणाए, ४ उवज्झायाणं आसायणाए, ५ साहूणं आसायणाए, ६ साहूणीणं आसायणाए, ७ सावयाणं आसायणाए, ८ सावियाणं आसायणाए, ९ देवाणं आसायणाए, १० देवीणं आसायणाए, ११ इहलोगस्स आसायणाए, १२ परलोगस्स आसायणाए, १३ केवलिपन्नत्तस्स धम्मस्स आसायणाए, १४ सदेवमणुआसुरस्सलोगस्स आसा -यणाए, १५ सव्वपाणभूअ-जीवसत्ताणं आसायणाए, १६ कालस्स आसायणाए, १७ सुअस्स आसायणाए, १८ सुअदेवयाए आसायणाए, १९ वायणायरिअस्स आसायणाए, २० जं वाइध्धं, २१ वच्चामेलिअं, २२ हीणक्खरं, २३ अच्चक्खरं, २४ पयहीणं, २५ विणय-हीणं, २६ घोषहीणं, २७ जोगहीणं, २८ सुट्ठुदिन्नं, २९ दुट्ठुपडिच्छिन्नं, ३० अकाले कओ सज्झाओ, ३१ काले न कओ सज्झाओ, ३२ असज्झाइए सज्झाइअं, ३३ सज्झाइअे न सज्झाइअं तस्स मिच्छा मि दुक्कडम् ।

**वृत्तिः । :-**

त्रयस्त्रिंशदाशातनास्तत्रायः सम्यग्दर्शनाद्यवाप्तिस्तस्याः शातना निरूक्तादाशातनास्ताभिः, ताश्चाऽत्र गुरूगोचरास्तद्यथा-

गुरोः पुरतः पक्षतः पृष्ठतश्च शिष्य आसन्नं गच्छतीति तिस्रः, एवं तिष्ठतीति तिस्रः, एवं निषीदतीत्यपि तिस्रः ।

एवं नव उच्चारभूमौ शिष्य आचार्येभ्यः प्रथममाचमनं करोति १० । कश्चिदालपनीयं पूर्वमालपति ११ । प्राग्वद् गमनागमनं [पूर्वं] आलोचयति १२ । अशनाद्यन्यस्मै आलोच्य ततो गुरवे आलोचयति १३ । तदेवाऽन्यस्मै उपदर्श्य ततो गुरोर्दर्शयति १४ । अशनादिभिरन्यं निमन्त्र्य गुरुं निमन्त्रयते १५ । गुरुमनापृच्छ्याऽन्येभ्योऽशन-वस्त्रादीन् ददाति १६ । गुरवे यत् किञ्चिद् दत्वा स्वयं स्निग्ध-मधुरादि खादति १७ । रात्रौ कः सुप्तः को वा जागर्तीति गुरूणा व्याहृतो जाग्रदपि तूष्णीमास्ते १८ । शेषकालेऽपि वाचालितः प्रतिवचनं न ददाति १९ । गुरूणा व्याहृतस्तत्राऽवस्थितः प्रतिश्रृणोति न पुनरासनं मुक्त्वा पुरत आगत्य भणति 'आदिशत भदंत !' इति २० । गुरु-भिराभाषितः किमिति भणति न पुनर्मस्तकेन वन्दे इति २१ । गुरुं प्रति एकवचनं प्रयुक्ते त्वमिति २२ । गुरुणा ग्लानादि-वैयावृत्त्यादिषु चोदितस्तज्जातीयेन प्रतिभणति त्वमेवेदं किं न करोषीति, त्वमलस इत्युक्ते प्राह त्वमेवालस' इत्यादि २३ । गुरोः साक्षाद् बहुतरं कर्कशञ्च ब्रूते २४ । गुरोः व्याचक्षणे नोसुमना भवति २५ । प्रकारान्तरेणार्थं कथयति गुरौ न त्वं सम्यक् स्मरसीति भणति २६ । गुरौ कथयत्यहं कथयिष्यामीति कथां छिनत्त्यन्तराले वा भाषते २७ । गुरौ व्याख्यानयति भिक्षा-वेलादिकथनेन पर्षदं भिनत्ति २८ । गुरोर्व्याख्यानान्तरमनुत्थितायां

परिषदि निजवैदग्ध्यख्यापनार्थं [तदेवार्थं विस्तरेण] कथयति २९। गुरोः शय्या-संस्तारकादि पादादिना घट्टयति ३०। गुरोः शय्यादौ आसन-शय्यादीन् करोति ३१। गुर्वासनादुच्चैरासने निषीदति ३२। समासने निषीदतीति ये चान्ये गुरूदृष्टौ पर्यस्तिकाकरणं, पक्ष पिण्डकरणं, जानूपरिपादारोपणं, अवष्टम्भग्रहणं, पादप्रसारणं, अङ्गेभ्योऽङ्गुलिस्फोटनं, गुर्वाद्यपेक्षयोत्कृष्टतरवस्त्रादिपरिभोगः, कथाप्रबन्ध-वस्त्रार्थमट्टहासः, अननुज्ञाप्य संस्तारकारोहणं, प्रतिक्रमणादौ गुरोः प्रथमं कायोत्सर्गपारणं, वन्दनके प्रथमं पश्चाच्चोत्थानं, निद्राऽनाभोगादिना कायोत्सर्गे वंदनके वा पश्चात्पतनं [पारणं], ग्लानत्वादावप्रतितर्पणं, अवर्णभाषणं, सारणादौ रोषणं, मुखरागभेद-इंगिताद्यपरिज्ञान-कुपितस्याऽप्रसादनं, प्रत्याख्यानादिषु मृदुध्वनिनाऽननुभाषणं, प्रतिक्रमणमागच्छतोऽभिमुखमगमनं, गुरावभ्युत्थितेऽनभ्युत्थानं, विश्रामणाया अकरणञ्चेत्यादय आशा -तनाभेदास्ते उपलक्षणव्याख्यानाद् यथोचितमत्रैवान्तर्भावाद्वा स्वयमभ्यूह्याः ।

एते चाऽशातना भेदा उक्ताः । अथवा साक्षादेव सूत्रे एवं त्रयस्त्रिंशदाशातना उक्ताः । एकोनविंशतिर्व्याविद्धादिपदैरर्हदादि -ष्वाशातना चतुर्दश च श्रुतविषयमिति त्रयस्त्रिंशत् ।

तत्र न सन्त्यर्हन्तोऽजानन्तो वा किमिति भुञ्जते भोगानति -कर्कशदेशिनश्चेत्यादि जल्पन्नर्हतामाशातनां कुरुते १। तथा न सन्ति सिद्धा इत्यादिजल्पँस्तथा आचार्यो लघुरकुलीनो दुर्मेधा अल्पलब्धिक इत्यादिमेवमुपाध्यायेऽप्यपवदन् तथा साधु-साध्वी

विषयेऽपि मण्डलीसम्भोगादौ किञ्चिदन्यदेवापवदन् । श्रावक-श्राविकाविषये तु ज्ञातजिनधर्मा अपि न विरतिं प्रतिपन्नाः कथमेते धन्या उच्यन्ते इति वदनात् । देव-देवी विषये एते अविरता कामप्रसक्ताः साम्यर्थ्ये सत्यपि तीर्थोन्नतिमकर्तारइत्यादिवचनाद् । इहलोक-परलोकविषयेषु वितथप्ररूपणयाऽऽशातना । केवलि-प्रज्ञप्तस्य धर्मस्य श्रुत-चारित्ररूपस्य श्रुतमिदं किंवा चारित्रेण विनेत्यादिवितथप्ररूपणया । सदेवमनुजासुरलोकस्य आशातनया, अत्र देवग्रहणादुर्ध्वलोको गम्यते मनुज ग्रहणान्मर्त्यलोकोऽसुर-ग्रहणाच्चाधोलोक इति ।

सर्वप्राणि-भूत-जीव-सत्त्वानामाशातनयेति तत्र प्राणिनो द्वीन्द्रियादयो व्यक्तोच्छ्वासनिःश्वासाः, अभूवन् भवन्ति भविष्यन्ति चेति भूतानि पृथिव्यादयो जीवन्तीति जीवा आयुःकर्मानुभवयुक्ताः सर्वे इत्यर्थः । सत्त्वाः सांसारिक-संसारातीतभेदा एकार्थिका वा नानादेशजविनेयानुग्रहार्थमुपात्ता आशातना तु वितथप्ररूपणादि -नैव.................... कालस्याशातना तु नास्त्येव कालइति जगत् कालपरिणतिर्वा । श्रुताशातना तु - को आउरस्स कालो, मइलं वरधोवणेय को कालो । जइ मुहहेउनाणं को कालो तस्स काले वा ॥ कायावयाय ते च्चिय, ते चेव पमाय अप्पमायाय । मोक्खाहिगारियाणं जोइसजोणीहि किं कथ्थं । इत्यादिका प्राग्वद् श्रुताशातनोक्ता । इह तु स्व[विषया] तत्र श्रुतविषयेति न पुनरुक्तम् ।

श्रुतदेवताशातना तु श्रुतदेवता न विद्यते अकिञ्चित्करी

चेत्यादिका । वाचनाचार्याशातना तु प्रभूतवारं वन्दनं [गृह्णातीति प्रतिकूलाध्यवसाय-देशनादिभिः]

[अथ] एतानि चतुर्दशसूत्राणि श्रुतक्रियाकालगोचरत्वान्न पुनरुक्तता । तथा दोषदृष्ट्या यदधीतं तद्, यथा व्याविद्धं विपर्यस्तसूत्रप्रोक्तरत्नमालावदनेन या आशातना तया हेतुभूतया योऽतिचारः कृतस्तस्य मिथ्यादुष्कृतमिति, एवमन्यत्रापि योज्यम् ।

व्यत्याम्रेडितं अन्यान्यशास्त्रपल्लवमीलनेन कोलिक-वायसवत् कृतम् । हीनाक्षरमक्षरन्यूनम् । अत्यक्षरमधिकाक्षरम् । पदहीनं छन्दश्चतुर्थांशादिन्यूनम् । विनयहीनमकृतचित्तविनयम् । घोषहीनं उदात्तादिघोषहीनम् । योगरहितं सम्यगकृतयोगोपचारम् । सुष्ठुदत्तं गुरूणा सुष्ठुशब्दस्य प्राच्यभाषयाऽधिकार्थोक्तत्वादल्प-श्रुतार्धपात्रस्य बहुतरं दत्तमित्यर्थः । दुष्ठुप्रतीच्छितं कलुषान्तरात्मना [शिष्यस्याऽध्यापनम्] । अकाले कृतः स्वाध्यायः । काले न कृतः स्वाध्यायो यो यस्याऽध्ययन काल उक्तः [तत्राऽनध्ययनम्] । अस्वाध्यायिके स्वाध्यायः, तत्राऽध्ययनमध्यायः, शोभनयामर्या -दयाध्यायः स्वाध्यायः स एव स्वाध्यायिक तत्कारणमपि च रूधिरादिकारणे कार्योपचारात् अस्वाध्यायिकनिर्युक्तेः स्वाध्यायितं तथा स्वाध्यायिके विपर्ययलक्षणेनाऽस्वाध्यायितम् । इत्थमाशातना-[भि]र्योऽतिचारः कृतस्तस्य मिथ्या दुष्कृतमिति ।

एवमेकादिभिः त्रयस्त्रिंशत्पर्यंतैः स्थानैरतिचारः प्रतिक्रमण-सूत्रे भणितमेवमन्यदपि ज्ञेयं यथा चतुस्त्रिंशदर्हदतिशयैः, पञ्चत्रिंशती

जिनवचनातिशयैः, षट्त्रिंशदुत्तराध्ययनैरेवं यावच्छततरं समवा-यांगानुसारेण ज्ञेयम् ।

**અર્થપ્રભા :-**

આશાતના તેત્રીશ પ્રકારે છે અને તે પણ બે રીતે. એક તો ગુરુની તેત્રીશ આશાતના અને બે, અહીં યતિપ્રતિક્રમણ સૂત્રમાં મૂળમાં જ રજૂ થયેલી અરિહંત વિગેરેની ૧૯, તદુપરાંત શ્રુતવિષયક ૧૪, એમ ૧૯ + ૧૪ = ૩૩ આશાતના.

**❈ આશાતના શબ્દનો નિરૂક્તાર્થ :-**

આ એટલે આય થવો અને શાતના એટલે જે આય થયો તેનો નાશ થવો. સમ્યગ્દર્શન આદિ લોકોત્તર ગુણ સામગ્રીનો જે આય = લાભ થયો છે તેનો નાશ = હાનિ જેથી થાય છે તેને આશાતના કહેવાય.

**❈ ગુરુની તેત્રીશ આશાતના :-**

(૧) **પુરોગમન** = ગુરુની આગળ ચાલવું.
(૨) **પક્ષગમન** = ગુરુની પડખે વધારે નજીક ચાલવું.
(૩) **પૃષ્ઠગમન** = ગુરુની પાછળ વધુ નજીકમાં ચાલવું.
(૪) **પુરોવસ્થાન** = ગુરુની આગળ ઉભા રહેવું.
(૫) **પક્ષઅવસ્થાન** = ગુરુની પડખે વધુ નજીકમાં ઉભા રહેવું.
(૬) **પૃષ્ઠ અવસ્થાન** = ગુરુની પાછળ વધુ નજીકમાં ઉભા રહેવું.
(૭) **પુરોનિષદ્યા** = ગુરુની આગળ બેસી જવું.
(૮) **પક્ષનિષદ્યા** = ગુરુની પડખે વધુ નજીકમાં બેસી જવું.
(૯) **પૃષ્ઠ નિષદ્યા** = ગુરુની પાછળ જાણે અડીને બેસી જવું.
(૧૦) **પૂર્વ આચમન** = સ્થંડિલભૂમિ સાથે ગયાં છે અને પાછા ફરતાં ગુરુથી પહેલાં હાથ-પગની શુદ્ધિ કરવી.

(૧૧) **પૂર્વ આલાપ** = કોક ગુરુ પાસે વંદનાદિ કરવા આવ્યું છે અને ગુરુ સંબોધન કરે તે પહેલાં પોતે જ તેની સાથે વાર્તાલાપ શરૂ કરી દેવો.

(૧૨) ગુરુ સાથે બહારથી આવીને ગુરુથી પહેલાં ઈરિયાવહિયં કરવી.

(૧૩) ગોચરી જઈને આવ્યા અને બીજા પાસે પહેલાં ગોચરી આલોચવી પછી ગુરુ પાસે આલોચવી.

(૧૪) ગોચરી લાવ્યાં તે અન્યને પહેલાં દેખાડવી, ગુરુને તે પછી દેખાડવી.

(૧૫) ગોચરી વાપરવા માટે બીજાને પહેલાં નિમંત્રણ કરવું, ગુરુને તે પછી નિમંત્રણ કરવું. (૧૬) ગુરુની રજા લીધા વિના અન્યને પોતાની ગોચરી કે વસ્ત્ર વિગેરે આપવા. (૧૭) ગુરુને જેવી-તેવી વાનગી આપી દઈ સ્નિગ્ધ-રસાળ-ટેસ્ટી પોતે વાપરવું.

(૧૮) રાત્રિ સમયે કોણ સૂતું છે ? કોઈ જાગે છે ? એવું કારણે ગુરુ પૂછે ત્યારે પોતે જાગવા છતાં જવાબ જ ન આપવો. (૧૯) દિવસે પણ બોલાવવા-પૂછવા છતાં પ્રત્યુત્તર ન આપવો. (૨૦) ગુરુ બોલાવે ત્યારે આસન પર જ બેઠાં રહેવું, ઉભા થઈને 'ફરમાવો ભગવંત ! શી આજ્ઞા છે' એમ વિનય ન કરવો.

(૨૧) ગુરુ બોલાવે ત્યારે કેમ ? શું છે ? વિગેરે પ્રતિપ્રશ્નો કરવા પરંતુ ઉભા થઈ માથું નમાવી મત્થેણ વંદામિ કહી હાજર ન થવું. (૨૨) ગુરુને તૂંકારે બોલાવવા. (૨૩) ગુરુ બિમાર સાધુની વૈયાવચ્ચ માટે પ્રેરણા કરે ત્યારે સામા એવા જવાબ આપવા કે તમે જ કેમ ચાકરી નથી કરતાં ? ગુરુ કહે : તું આળસું છે તો યે સામે બોલવું કે તમે જ આળસ કરો છો.

(૨૪) ગુરુ સામે કઠોર વચનો બોલવા. બહુ બોલવું. (૨૫) ગુરુના વ્યાખ્યાન-વાંચના સાંભળતાં રાજી ન થવું જાણે કે અંદરથી ઈર્ષ્યા થવી કે શું મારા કરતાં સારી વક્તૃત્વ કળા છે ? (૨૬) ગુરુ વિશેષ જ્ઞાનના કારણે વિવક્ષાન્તરે અર્થપ્રકાશન કરતાં હોય ત્યારે પોતાની સમજમાં તે અર્થ નથી એટલાં માત્રથી ગુરુને ઉપાલંભ આપવો કે તમે સૂત્રના અર્થ બરાબર યાદ નથી રાખતાં. શાસ્ત્રના અર્થ ભૂલો છો... વિગેરે... વિગેરે.

(૨૭) ગુરુ વ્યાખ્યાન કરતાં હોય ત્યારે 'હું તમને તેમના પછી વધારે સારી રીતે સમજાવીશ' તેવું પર્ષદાને કહી ગુરુની અવજ્ઞા કરવી. (૨૮) ગુરુ વ્યાખ્યાન કરતાં હોય - રસ જામ્યો હોય ત્યારે 'ચાલો, પુરું કરો, હવે ગોચરીનો ટાઈમ થયો' વિગેરે કહીને સભાભંગ કરવો. (૨૯) ગુરુના વ્યાખ્યાન પછી હજુ સભા બેઠી છે ત્યાં ગુરુની કહેલી જ વાત વધુ વિસ્તારથી સભાને કહી પોતાની વિદ્વત્તા દેખાડવી.

(૩૦) ગુરુના આસન-સંથારાને પગ અડાડવો. (૩૧) ગુરુના આસન-શય્યા વિગેરે પર બેસવું-સૂઈ જવું. (૩૨) ગુરુ કરતાં ઉંચા આસને બેસવું. (૩૩) ગુરુના આસનથી સમાસન પર એટલે સમાન લેવલવાળા આસન પર બેસવું.

આ ઉપરાંત ઉપલક્ષણથી નીચે લખેલી બાબતો પણ ગુરુની ૩૩ આશાતનામાં સાંકળી લેવી. જેમકે ગુરુ સામે પગ પર પગ ચઢાવીને બેસવું, ગુરુ સામે ઘમંડ બતાવવો, ગુરુ સામે પગ કરવા, ગુરુ સામે ચપટી વગાડવી, આંગળા મરડવા, ગુરુથી મોંઘા-દેખાવડા વસ્ત્ર-પાત્ર વાપરવા, ગુરુની રજા વગર સંથારો કરવો, પ્રતિક્રમણમાં ગુરુ કરતાં પહેલાં કાઉસ્સગ્ગ પારવો, વાંદણા આપતાં ગુરુથી પહેલાં અથવા વધુ વિલંબથી બેસવું તેમજ ઉભા થવું, ગુરુની બિમારીમાં સરખી સેવા ન કરવી, ગુરુના અવર્ણવાદ કરવા, ગુરુ સારણા-

વારણા કરે ત્યારે તેમની સામે રોષ કરવો, ગુરુના ઈશારાને ન સમજવા, ગુરુ અપ્રસન્ન બને તો તેમને પ્રસન્ન ન કરવા, ગુરુ ઉભા હોય તો યે બેઠાં રહેવું, ગુરુ પ્રતિક્રમણાદિ માંડલીમાં આવતા હોય ત્યારે સન્મુખ ન જવું. ઈત્યાદિ પ્રવૃત્તિઓ પણ ગુરુની આશાતના કરનારી છે.

**❀ અરિહંત વિગેરે ૩૩ આશાતના :-**

હવે પ્રસ્તુત સૂત્રમાં શ્રી અરિહંત વિગેરેની ૧૯ આશાતનાઓ તેમજ **जं वाइद्धं** પદથી લઈને શ્રુતવિષયક ૧૪ આશાતના કહી છે તે ૩૩નો વિચાર કરીએ.

(૧) અરિહંતની આશાતના = અરિહંતો કોણે જોયા છે ? થયાં જ નથી. તેમણે ભોગ ત્યજીને પણ અતિશયોની ઋદ્ધિ કેમ ભોગવી ? વિગેરે જેમ-તેમ બોલવું તે આશાતના.

(૨) તે જ રીતે સિદ્ધો નથી, મોક્ષાવસ્થાની વાતો ફોગટ છે વિગેરે પ્રલાપો સિદ્ધભગવંતની આશાતના રૂપ છે.

(૩) આચાર્ય મહારાજ ખાનદાન ઘરના નથી, જોઈએ તેટલાં બુદ્ધિમાન નથી, પ્રભાવરહિત છે વિગેરે બોલ-બોલ કરવું તે આચાર્યની આશાતના.

(૪) આચાર્યની જેમ ઉપાધ્યાય માટે ઘસાતું બોલવું તે તેમની આશાતના.

(૫-૬) સાધુ અને સાધ્વીના વિષયમાં કે તેમની માંડલી = ગચ્છ-સમુદાયના વિષયમાં દ્વેષ-જુગુપ્સા-અનાદર પેદા કરતી વાતો કરવી તે સાધુ અને સાધ્વીની આશાતના.

(૭-૮) શ્રાવકો-શ્રાવિકાની આશાતનાઃ આ લોકો નકામો આડંબર

કરે છે, વાહ-વાહ મેળવવી છે, ખરેખર ધર્મ પસંદ છે તો દીક્ષા લેતાં કેમ નથી ? જેવી દ્વેષભરી વાતો કરવી તે.

(૯-૧૦) દેવ અને દેવીની આશાતના : આ દેવો કામસુખોમાં મગ્ન-મસ્ત છે, તાકાત છે છતાં શાસનોન્નતિ કરતાં નથી જેવી ઘસાતી ભાષા બોલવી તે તેમની આશાતના.

(૧૧-૧૨) ઈહલોક અને પરલોકના વિષયમાં જિનવચનથી વિપરીત પ્રરૂપણા કરવી તે ઈહલોક-પરલોક આશાતના.

(૧૩) કેવલિકથિત ધર્મ એટલે સમ્યક્ચારિત્ર અને સમ્યક્શ્રુત. બંનેના વિષયમાં પરસ્પરને કે ઉભયને હાનિ પહોંચે, અવજ્ઞા થાય તેવી વાતો કરવી તે આશાતના.

(૧૪) દેવ, માનવ અને અસુર, ત્રણ જ્યાં રહે છે તે ઉર્ધ્વ, તિર્ચ્છા અને અધોલોક કહેવાય અથવા તો દેવાદિ સમૂહને પણ દેવલોક કહેવાય. તેમના અંગે વિતથ પ્રરૂપણા કરવી તે આશાતના.

(૧૫) બેઈન્દ્રિય વિગેરે પ્રગટ શ્વાસોચ્છ્વાસ કરનારા જીવોને પ્રાણી કહેવાય. પૃથ્વીકાય વિગેરેને ભૂત કહેવાય. આયુષ્ય કર્મનો ભોગવટો કરનારાને જીવ કહેવાય અને સંસારી કે સંસારાતીત આત્માઓને સત્ત્વ કહેવાય. હવે આવા પ્રાણી, ભૂત, જીવ, સત્ત્વ વિગેરેના વિષયમાં વિપરીત પ્રરૂપણા કરવી તે આશાતના.

(૧૬) કાળ જેવી ચીજ જ નથી અથવા તો સંપૂર્ણ જગત કાલ-પરિણતિરૂપ છે વિગેરે ભાષણ કરવું તે કાલઆશાતના.

(૧૭) શ્રુતની આશાતના એટલે બિમારને વળી કાળવેળા કેવી અને કાળવેળાનો અભાવ કેવો ? મેલા કપડા ધોવામાં વળી કાળની મર્યાદા કેવી ? જો જ્ઞાન એ મોક્ષનો જ હેતુ છે તો તેવા જ્ઞાનને ભણવામાં કાળ અને અકાળ કેવા ? જ્યોતિષગ્રંથો ખરેખર સત્ય હશે ? .... જેવા જેવા સ્વચ્છંદ અભિપ્રાય બોલવા તે.

યદ્યપિ પૂર્વ **શ્રુતઆશાતના** માં આ જ વિષય કહેવાયો છે છતાં અહીં પુનરૂક્તિ નથી થતી કેમકે ત્યાં શ્રુતધર્મને વિષય બનાવવામાં આવ્યો છે અને અહીં વ્યક્તિને વિષય બનાવવામાં આવ્યો છે.

(૧૮) શ્રુતદેવતા જેવું કોઈ છે નહીં અથવા શ્રુતદેવતા કશું કરતી નથી જેવા અભિપ્રાય આપવા તે શ્રુતદેવતાની અશાતના.

(૧૯) વાચનાચાર્યની આશાતના એટલે આ તો બહુવાર વંદન લે છે જેવા પ્રલાપો કરવા તે.

(૨૦) **વ્યાવિદ્ધ** = સૂત્રો કે સૂત્રપદો-શબ્દો અસ્ત-વ્યસ્ત બોલવા.

(૨૧) **વ્યત્યામ્રેડિત** = જુદાં જુદાં શાસ્ત્રોના પેરા ઉપાડીને મનઘડંત ગ્રંથ બનાવવા કે તથાકલ્પિત અર્થઘટન સિદ્ધ કરવા.

(૨૨) **હીનાક્ષર** = અક્ષર ઓછો બોલવો.

(૨૩) **અત્યક્ષર** = અક્ષર વધુ બોલવો.

(૨૪) **પદહીનં** = ગાથામાંથી એકાદ પદ કે શ્લોક ઓછા કરી દેવા.

(૨૫) **વિનયહીનં** = આદર-બહુમાન વિના ભણવું.

(૨૬) **ઘોષહીનં** = ઉદાત્ત વિગેરે નિર્દેશિત સ્વરે સૂત્રો ન બોલવા.

(૨૭) **યોગહીનં** = આગમાદિ સૂત્રોના યોગ કર્યા વિના તે તે સૂત્રના ઉપદેશ-અધ્યયન-ભણન કરવા.

(૨૮) **सुट्ठुदिन्नं** = જેને ઓછું શ્રુત આપવા લાયક છે તેને વધુ શ્રુત આપી દેવું.

(૨૯) **दुट्ठुपडिच्छिन्नं** = દુભાતા મને શિષ્યાદિને ભણાવવું.

(૩૦-૩૧) કાળવેળામાં બાધ્ય શ્રુતનો સ્વાધ્યાય કરવો અને તે શ્રુતના અભ્યાસ માટે માન્ય કાળમાં સ્વાધ્યાય ન કરવો.

(૩૨-૩૩) અસજ્ઝાય કાળમાં ભણવું અને સ્વાધ્યાય પોરિસિમાં ન ભણવું.

**❃ આશાતનાસ્થાન ૩૩ થી વધુ પણ સંભવે :-**

આમ, તેત્રીશ આશાતનાઓ પ્રસ્તુત સૂત્રમાં આ રીતે વર્ણવી છે. તે અહીં અમે જણાવી. ઉપલક્ષણથી તે જ રીતે ૩૪, ૩૫, ૩૬ વિગેરે આશાતના સ્થાનો પણ સંભવે. જેમકે અરિહંતના ૩૪ અતિશયો છે તે અંગે અશ્રદ્ધા-વિતથપ્રરૂપણા કરી હોય. અરિહંતના વાણીના ગુણ ૩૫ છે તે અંગે અશ્રદ્ધાદિ કર્યા હોય. ઉત્તરાધ્યયનના છત્રીશ અધ્યયન છે તેના યોગ્ય અર્થઘટનાદિ ન કર્યા. એમ સો = ૧૦૦ અને એથી ઉપર પણ આશાતના સ્થાનો **સમવાયાંગસૂત્ર** અનુસાર ઘટી શકે.

આ તેત્રીશ આશાતનાઓ જે ગુરુદેવ અંગે અને તે સિવાય કહી તે પૈકી જે પણ આશાતના સ્થાન સેવ્યું હોય તેથી હું પ્રતિક્રમણ કરું છું.

**विषयनिर्देशिका । :-**

एवमतिचारविशुद्धिं कृत्वा नमस्कारमाह अथवा प्रकृता -ऽशुभसेवनायाः प्रतिक्रान्तोऽपुनःकरणाय प्रतिक्रमे नमस्कार-पूर्वकमाह -

**અર્થપ્રભા :-**

આ પ્રમાણે અતિચારોની વિશુદ્ધિ કરી. હવે નમસ્કાર કરતાં કહે છે અથવા તો પ્રસ્તુત અતિચારોના આસેવનથી પાછો ફરતો એવો હું સાધુ તેને ફરી નહીં સેવવા માટે નિશ્ચય કરું છું તે અર્થે નમસ્કારપૂર્વક કહે છે -

## मूलम् । :-

नमो चउवीसाए तित्थयराणं उसभाइ महावीर-पज्जवसाणाणं इणमेव निग्गंथं पावयणं सच्चं अणुत्तरं केवलिअं पडिपुन्नं नेआउअं संसुद्धं सल्लगत्तणं सिद्धि-मग्गं मुत्तिमग्गं निज्जाणमग्गं निव्वाणमग्गं अवितह-मविसंधि सव्वदुक्खप्पहीणमग्गं ।

**वृत्तिः । :-**

नमो चउवीसाए तित्थयराणमित्यादि । नमश्चतुर्विंशतये तीर्थंकरेभ्यः ऋषभादिमहावीरपर्यवसानेभ्यः । इत्थं नमस्कृत्य प्रस्तुतस्य प्रवचनस्य गुणव्यावर्णनायाह - इणमेवनिग्गंथमित्यादि। इदमेव सामायिकादिप्रत्याख्यानपर्यन्तं द्वादशाङ्गं वा गणिपिटकं। निर्ग्रन्था बाह्याभ्यन्तरेण ग्रन्थिनिर्गताः साधवः, निर्ग्रन्थानामिदं निर्ग्रन्थं प्रावचनमिति । प्रकर्षेणाऽभिवचनेनोच्यन्ते जीवादयो यस्मिँस्तत् प्रावचनम् । तत्किं स्वरूपमित्याह - सद्भ्यो हितं सत्यं सन्तो मुनयो गुणाः पदार्था वा सद्भुतं सत्यम् ।

नयदर्शनमपि स्वविषये सत्यं भवत्येवेत्यत आह - अणुत्तरंति, नास्योत्तरं विद्यत इति अनुत्तरं यथावस्थितसमस्तवस्तुप्रतिपादकत्वादुत्तममित्यर्थः । अन्यदप्येवं भविष्यति ? इत्याह - केवलिअं केवलमद्वितीयं नापरमित्थम्भूतमित्यर्थः । केवलमेव कैवलिकम् ।

तथा प्रतिपूर्णमपवर्गप्रापकैर्गुणैर्भृतमित्यर्थः । सर्वनयमय -त्वात् सर्वविषयं वा नेयाउयंति नयनशीलं नैयायिकं मोक्षगमक -मित्यर्थः न्यायोपपन्नं वा । तदप्यसंशुद्धं भविष्यतीति आह - संसुद्धंति सामस्त्येन शुद्धं संशुद्धं कष-च्छेद-तापकोटिशुद्धत्वात् एकान्ताकलङ्कमित्यर्थः । कषादिस्वरूपञ्चेत्थमाचक्षति प्राव -चनिकाः ।

पाणिवहाइयाणं पावठाणाण जोउपडिसेहो ।<br>
झाणज्झयणाईणं जोयविही एस धम्मकसो ॥१॥

पज्जाणुट्ठाणेणं जेण नवाहिज्जएत्तयं नियमा ।<br>
संभवइय परिसुद्धं सो पुण धम्मंमि छेउत्ति ॥२॥

जीवाइ भाववाओ बंधाइ पसाहगो इहं तावो ।<br>
एएहिं परिसुद्धो धम्मो धम्मत्तणमुवेइ ॥३॥

एवम्भूतमपि कथञ्चित् स्वभावान्नालं भवनिबन्धनकर्तनाय भविष्यतीत्याह- सल्लगत्तणंति कृन्ततीति कर्तनं शल्यानि मायादीनि तेषां कर्तनं । परमतनिषेधार्थमाह - सिद्धिमग्गं मुत्तिमग्गंति, सेधनं सिद्धिर्हितार्थप्राप्तिस्तस्या मार्गः सिद्धिमार्गस्तद् ।

आर्षत्वान्नपुंसकत्वम् । मोचनं मुक्तिः रहितार्थकर्मविच्युतिस्तस्या मार्गस्तत्, केवलज्ञानादिहितार्थप्राप्तिद्वारेणाऽहितकर्मविच्युतिद्वारेण च मोक्षसाधनमिति भावना, अनेन च केवलज्ञानादिविकलाः सकर्मकाश्च मुक्ता इति दुर्नयिनो विप्रतिपत्तिनिरासः ।

निज्जाणमग्गं यान्तीति यानं निरूपमं यानं निर्वाणं मोक्षपदं तस्य मार्गो निर्याणमार्गस्तद्, अनेनानियतसिद्धिक्षेत्रप्रतिपादनपर दुर्नयनिरासः । [निव्वाणमग्गं सकलकर्मनिवृत्त्याऽनावृत्तात्मसुखं यदैकान्तिकं तस्य मार्गः, अनेन सुख-दुःखोभयविकला मुक्ति -रिति कुनयनिरासः] ।

अवितहमविसंधि सव्वदुक्खप्पहीणमग्गंति । अवितथं सत्यं यदि पुनरुक्तिशङ्का तदा पूर्वत्र सच्चंति सार्चं सप्तजगत्पूजा -स्पदत्वादिति व्याख्येयं । अविसंधि अव्यवच्छिन्नं सर्वदा महाविदेहादिषु भावात् । सर्वदुःखप्रहीनमार्गः सर्वदुःखप्रहीनो -मोक्षस्तत्कारणमित्यर्थः ।

**અર્થપ્રભા :-**

શ્રી ઋષભદેવ પ્રભુથી લઈને શ્રી મહાવીરપ્રભુ સુધીના વર્તમાન ચોવીશીના ચોવીશે તીર્થંકરોને નમસ્કાર થાઓ !

**❀ ગણિપીટક = જિનાગમના ૧૪ ગુણો :-**

જિનમતમાં વર્ણવાયેલ સામાયિક વિગેરે તમામ સૂત્રો કે જેને ગણિપીટક કહેવાય તે કેવા ગુણવંત છે તે કહે છે...

(૧) જિનાગમો નિર્ગ્રન્થ છે. બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારની

ગ્રંથિથી જેઓ રહિત છે તેવા જિનમતના સાધુઓ છે, સાધુઓ સંબંધી આ આગમ છે, વળી તે પણ નિર્ગ્રન્થો વડે કહેવાયેલું, પ્રવર્તેલું અને નિર્ગ્રન્થભાવપ્રધાન છે તેથી નિર્ગ્રંથ છે.

(૨) જીવાદિ સકળ તત્ત્વોનું સ્વરૂપ આગમમાં પ્રકૃષ્ટ રીતે નિરૂપાયેલ છે માટે તે પ્રવચન કહેવાય છે.

(૩) આ આગમો સત્ય છે કેમકે તેમાં પ્રત્યેક ગુણો, પદાર્થો જે સદ્ભુત છે તે જ અને તેવા જ કહેવાયા છે.

(૪) નૈયાયિકદર્શન પણ પોતાના મતને સત્ય કહે છે તેનો છેદ કરવા માટે હવે કહે છે કે જિનાગમ અનુત્તર છે એટલે કે જિનાગમથી ઉત્તમ શાસ્ત્ર બીજું કોઈ નથી કેમકે અહીં જ સમસ્ત વસ્તુઓ યથાસ્થિત પણે પ્રરૂપાયેલી છે.

(૫) જિનાગમ સમાન શાસ્ત્ર પણ બીજું કોઈ નથી માટે જિનાગમ કેવલિક છે એટલે કે અદ્વિતીય છે.

(૬) જિનાગમ પ્રતિપૂર્ણ છે કેમકે અપવર્ગ આપનાર ગુણો તેનામાં પૂરેપૂરા રહેલાં છે.

(૭) જિનાગમ તેના આસેવકને મોક્ષ સુધી લઈ જનાર છે એટલે પણ નેआउअं છે અને સમગ્રતયા ન્યાયસંપન્ન છે તેથી પણ નેआउअं છે.

(૮) કોઈ તેવી શંકા કરે કે આવું પણ જિનાગમ ક્યાંક તો અશુદ્ધ રહી શકે છે, તેના અંશોમાં તો શુદ્ધિ ઓછી-વત્તી હોઈ શકે ને ? તે શંકાનો છેદ કરતાં કહે છે, ના, જિનાગમમાં અંશમાત્ર પણ અશુદ્ધિ નથી. તે કષ, છેદ અને તાપ, ત્રણ-ત્રણ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલું શુદ્ધ સુવર્ણવત્ સંશુદ્ધ છે.

(૯) આવું પણ જિનાગમ ક્યાંક સ્વભાવથી જ સંસારનો ક્ષય કરવાનું સામર્થ્ય ન ધરાવે તેવું ન બને ? તેવી શંકાનો છેદ કરતાં કહે છે કે આ જિનાગમ તમામ શલ્યોનું કર્તન કરનાર છે. માયા-નિદાન અને મિથ્યાત્વ ત્રણે શલ્યોનું કર્તન કરનાર છે.

(૧૦-૧૧) અન્ય કુતીર્થિકોના મતનો નિષેધ કરવા માટે હવેના બે ગુણ કહેવાય છે કે જિનાગમ સિદ્ધિનો માર્ગ છે અને મુક્તિનો માર્ગ છે. હિતના સાધનની પ્રાપ્તિને સિદ્ધિ કહેવાય અને સકળ કર્મથી નિર્મુક્તિને મુક્તિ કહેવાય. આ બંનેની સંપ્રાપ્તિના માર્ગરૂપ આ ગણિપીટક છે. કેવળજ્ઞાન વિગેરે હિતના કારણને સિદ્ધિ કહેવાય અને કર્મના ક્ષયને મુક્તિ કહેવાય તેવો નિષ્કર્ષ અહીં સમજવો રહ્યો.

આ બે ગુણ દ્વારા કર્મયુક્ત જીવો પણ મુક્તાત્માઓ હોય છે અને કેવળજ્ઞાન વિનાનાઓ પણ મોક્ષમાં જઈ શકે છે તેવા કુમતનો છેદ થઈ જાય છે.

(૧૨) ગમન માટેનો જે નિરૂપમ માર્ગ છે તેને નિર્યાણમાર્ગ કહેવાય અને જિનાગમ આવા નિર્યાણમાર્ગ રૂપ છે. આ વિશેષણ દ્વારા સિદ્ધભગવંતોનું ક્ષેત્ર અનિયત છે તેવા કુતર્કનો રકાસ થઈ જાય છે.

(૧૩) સકળ કર્મોની નિવૃત્તિથી પૂર્ણપણે પ્રગટેલું જે આત્મસુખ તેને નિર્વાણ કહેવાય અને તેનો માર્ગ એટલે જિનાગમ. આ અભિપ્રાય દ્વારા મોક્ષ સુખ અને દુઃખ બંનેથી રહિત છે તેવા કુનયનું નિરસન થાય છે.

(૧૪) જિનાગમ અવિતથ છે એટલે કે સત્ય છે, સદા અવિચ્છિન્ન છે અને સર્વદુઃખોના શાશ્વત અંતના માર્ગરૂપ છે... अवितह-मविसन्धिसव्वदुक्खप्पहीणमग्गं । અહીં અવિતથ શબ્દના સત્ય એવા અર્થઘટનથી પુનરુક્તિ જણાતી હોય તો પૂર્વે જે सच्चं ગુણ કહ્યો તેનો અર્થ सार्च કરવો, સાર્ચ એટલે ત્રણે જગતની પૂજાને ધારણ કરનારાં.

અવિસંધિનો અર્થ અવિચ્છિન્ન થાય છે તે પણ નિરાબાધ પણે ઘટે છે કેમકે મહાવિદેહક્ષેત્રમાં સદાકાળ જિનાગમનો સદ્ભાવ રહે છે.

**विषयनिर्देशिका । :-**

साम्प्रतं परार्थकरणद्वारेणाऽस्य चिन्तामणित्वमुपदर्शयन्नाह -

**અર્થપ્રભા :-**

જિનપ્રવચનના ગુણો ઉપર કહ્યાં, હવે આત્મા પર અપૂર્વ ઉપકાર કરવા દ્વારા આ નિર્ગ્રંથ પ્રવચન કેવું ચિંતામણિરત્નતુલ્ય બને છે તે દર્શાવે છે -

## मूलम् । :-

इत्थं ठिआ जीवा सिज्झंति बुज्झंति मुच्चंति परिनिव्वायंति सव्वदुक्खाणमंतं करंति, तं धम्मं सद्दहामि पत्तिआमि रोएमि फासेमि पालेमि अणुपालेमि, तं धम्मं सद्दहंतो पत्तिअंतो रोअंतो फासंतो पालंतो अणुपालंतो,

तस्स धम्मस्स केवलिपन्नत्तस्स अब्भुट्ठिओमि आराहणाए विरओमि विराहणाए, असंजमं परिआणामि, संजमं उवसंपज्जामि, अबंभं परिआणामि, बंभं उवसंपज्जामि, अकप्पं परिआणामि, कप्पं उवसंपज्जामि, अन्नाणं परिआणामि, नाणं उवसंपज्जामि, अकिरिअं परिआणामि, किरिअं उवसंपज्जामि, मिच्छत्तं परिआणामि, सम्मत्तं उवसंपज्जामि, अबोहिं परिआणामि, बोहिं उवसंपज्जामि, अमग्गं परिआणामि, मग्गं उवसंपज्जामि, जं संभरामि जं च न संभरामि, जं पडिक्कमामि जं च न पडिक्कमामि, तस्स सव्वस्स देवसिअस्स अइआरस्स पडिक्कमामि ।

**वृत्तिः । :-**

इत्थं ठिआ जीवा सिज्झंति इति । अत्र नैर्ग्रन्थे प्रवचने स्थिताः जीवाः सिध्यन्तीत्यणिमादि अतिशयफलं प्राप्नुवन्ति । बुज्झंतीति बुध्यन्ते केवलिनो भवन्ति । मुच्चंतीति मुच्यन्ते भवोपग्राहिकर्मणा । परिनिव्वायंतीति परिसमन्तान्निर्वान्ति विमुक्तं भवति । सव्वदुक्खाणमंतं करंतीति सर्वदुःखानां शारीर–मानस भेदानामन्तं विनाशं कुर्वन्ति ।

इत्थमभिधायाऽधुनाऽत्र चिन्तामणिकल्पे [निर्ग्रन्थप्रवचने] कर्ममलप्रक्षालनसलिलौघे श्रद्धानमाविष्कुर्वन्नाह – तं धम्मं

सद्दहामीति । य एष निर्ग्रन्थप्रवचनलक्षणो धर्म उक्तस्तं धर्मं श्रद्दधे तथेतिसामान्येनाप्येवं स्यादिति । पत्तिआमीति प्रत्येमि प्रतिपद्ये वा प्रीतिकरणद्वारेण । रोएमित्ति रोचयामि अभिलाषा -तिरेकेणाऽऽसेवनाभिमुखतया । प्रीतिः रूचिश्च भिन्ने एव यतः क्वचिद् दध्यादौ प्रीतिसद्भावेऽपि न सर्वदा रूचिः । फासेमीति स्पर्शामि आसेवनाद्वारेण । पालेमीति पाठोऽतिरिक्त इव लक्ष्यते -ऽतिरूढश्चेत्तदा पालयाम्यतिचारेभ्यो रक्षामीति व्याख्या । एवं पालंतो इत्यपि । अणुपालेमीति अनुपालयामि पौनः पुनः करणेन।

तं धम्मं सद्दहंतो इत्यादि । तं धर्मं श्रद्दधानः प्रतीयन् प्रतिपद्यमानो वा रोचयन्ननुपालयन् । तस्स धम्मस्स अब्भुट्ठिओमि आराहणाएत्ति । तस्य धर्मस्य प्रागुक्तस्याऽभ्युत्थितोऽस्म्याराधना -यामाराधनाविषये, विरतोऽस्मि निवृत्तोऽस्मि तस्यैव विराधनायाः सम्यगननुपालनातः ।

एतदेव भेदेनाह - असंयमं प्राणातिपातादिरूपं परिजाना -मीति ज्ञपरिज्ञया परिज्ञाय प्रत्याख्यानपरिज्ञया प्रत्याख्यामीत्यर्थः। तथा संयमं प्रागुक्तस्वरूपमुपसंपद्येऽङ्गीकुर्वे इत्यर्थः । प्रधान- संयमाङ्गं वा ब्रह्म अतस्तत् [प्रतिपक्ष] परिहारार्थमाह - अबंभमित्यादि अब्रह्म [मैथुनाऽ] नियमलक्षणं तद् विपरीतं ब्रह्म, शेषं पूर्ववत् । असंयमाङ्गत्वादेतदथाह - अकल्पोऽकृत्यं कल्पस्तु कृत्यमिति । अकल्पश्चाऽज्ञानादेव भवत्यतस्तत्परिहारायाह - अन्नाणमित्यादि, सम्यग्ज्ञानादन्यज्ञानं, ज्ञानं तु भगवद्वचनम्। अज्ञानभेदपरिहारणायैवाह - अकिरियमित्यादि, अक्रिया नास्तिक-

वादः क्रिया सम्यग्वादः । अज्ञानं पुनः मिथ्यात्वमूलं तत्परि-हारायाह - मिच्छत्तमित्यादि, मिथ्यात्वं पूर्वोक्तं सम्यक्त्वमपि । एतदङ्गत्वादेवाह - अबोधिर्जिनधर्माऽनवाप्तिर्मिथ्यात्वस्य कार्यं बोधिस्तु सम्यक्त्वस्येति । मिथ्यात्वं चाऽमार्गो मोक्षस्येत्यस्याप्य-मार्गस्य परिहाराय सामान्येनाह - अमग्गमित्यादि, अमार्गो मिथ्यात्वकथादिः, मार्गस्तु सम्यग्दर्शनं प्रशमादिरिति । उक्तपदानां पाठक्रमज्ञानाय पुनरियं संग्रहगाथा -

संयम-बंभे कप्पे, नाणे किरिआए सम्म बोहीसु ।
मग्गे सविवक्खेसु, परिन्न-उवसंपया कमसो ॥

इदानीं छद्मस्थत्वादशेषदोषशुद्ध्यर्थमाह - जं संभरामित्ति, यत् किञ्चित् स्मरामि छद्मस्थत्वादनाभोगान्नेति च । यत् प्रतिक्रमामि आभोगाद् विदितं यच्च न प्रतिक्रमामि सूक्ष्ममविदितं । अनेन प्रकारेण यः कश्चिदतिचारः 'तस्स सव्वस्स देवसियस्स अइयारस्स पडिक्कमामीति, [स्पष्टम्] ।

**અર્થપ્રભા :-**

પ્રસ્તુત નિર્ગ્રન્થ પ્રવચનનો પક્ષ કરીને તેમાં સુસ્થિર રહેલાં જીવો જ અણિમાદિ લબ્ધિના અતિશયો રૂપ સિદ્ધિને પામે છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ રૂપ બોધાતિશયને પામે છે. ભવોપગ્રાહી = અઘાતી કર્મોના ક્ષય રૂપ મુક્તિને પણ પામે છે. ઘાતી-અઘાતી સર્વ કર્મની અને યોગોની નિવૃત્તિ રૂપ પરિનિર્વાણને પામે છે તેમજ શારીરિક-માનસિક સકળ દુઃખોના વિનાશને કરે છે.

આમ, આથી જ નિર્ગ્રન્થ પ્રવચન ચિંતામણિરત્ન જેવું છે.

કર્મમળના ઓઘને ધોઈ નાંખવા માટે જે સમર્થ છે તેવી શ્રદ્ધાની ધારાને આ નિર્ગ્રંથ પ્રવચનને વિશે પ્રગટ કરતાં કહે છે કે -

આ નિર્ગ્રંથ પ્રવચનરૂપ ધર્મની શ્રદ્ધા કરું છું. તે ધર્મ પ્રત્યે પ્રીતિ કરીને તેને અંગીકાર કરું છું. તે ધર્મની ખૂબ અભિલાષા કરવા રૂપ રૂચિ તે ધર્મને વિષે રાખું છું.

પ્રીતિ અને રૂચિ જુદા-જુદાં મનોવલણ છે. દહીં પર પ્રેમ હોય છતાં હંમેશા તેની રૂચિ રહે તેવું ન બને. આથી અહીં રૂચિને અલગથી જણાવવામાં આવી છે.

નિર્ગ્રંથ પ્રવચનના આસેવન વડે તેને સ્પર્શું છું. હવે પછી આવતો पालेमि પાઠ યદ્યપિ વધારાનો લાગે છે છતાં ચિરકાળથી રૂઢ થયો છે તેથી તેનો સ્વીકાર કરીએ તો તેનો અર્થ તે ધર્મની અતિચારોથી રક્ષા કરું છું. अणुपालेमि એટલે અતિચારોથી વારંવાર રક્ષા કરું છું.

આવા નિર્ગ્રંથ પ્રવચનને શ્રદ્ધા કરતો, સ્વીકારતો, ગમાડતો, રક્ષા કરતો હું તે ધર્મની આરાધના માટે ઉપસ્થિત થયો છું, વિરાધનાથી વિરામ પામવા જઈ રહ્યો છું.

પ્રાણાતિપાત વિગેરે જે અસંયમ છે તેને જ્ઞપરિજ્ઞા વડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે તેનું પચ્ચક્ખાણ કરું છું અને સંયમનો સ્વીકાર કરું છું.

સંયમનું પ્રધાન અંગ બ્રહ્મચર્ય છે તેથી પ્રધાન પ્રતિપક્ષ પણ અબ્રહ્મ બન્યું. તેનાથી વિરામ કરાવતાં કહે છે કે અબ્રહ્મને ભેદ-ઉપભેદથી જાણીને તેનું પચ્ચક્ખાણ કરું છું અને બ્રહ્મનો સ્વીકાર કરું છું.

અસંયમનું જ અંગ અકલ્પ છે તેથી હવે તે અંગે કહે છે કે

અકલ્પ રૂપ અનાચરણનું પરિજ્ઞાન કરી તેથી નિવૃત્ત થઉં છું અને કલ્પ = આચારમાં પ્રવૃત્ત બનું છું.

અકલ્પનું સેવન પણ અજ્ઞાનના કારણે વધુ સંભવે છે તેથી હવે તે અંગે કહે છે. સમ્યગ્જ્ઞાનથી વિપરીત જ્ઞાન તે અજ્ઞાન અને જ્ઞાન એટલે જિનવચન. અજ્ઞાનને જાણીને જ્ઞાનનો સ્વીકાર કરું છું.

અજ્ઞાનના જ ભેદ રૂપ અક્રિયા છે તેથી હવે તે અંગે કહે છે... અક્રિયા એટલે નાસ્તિકવાદ. ક્રિયા એટલે સમ્યગ્વાદ. પ્રથમને ત્યજીને પછીનાને સ્વીકારું છું.

અજ્ઞાન પણ મિથ્યાત્વમૂલક છે એટલે કહે છે કે મિથ્યાત્વને ત્યજીને સમ્યક્ત્વને સ્વીકારું છું. આ બેના જ અંગરૂપ અબોધિ અને બોધિ છે. જિનમતની અપ્રાપ્તિ એટલે અબોધિ અને બોધિ એટલે સમ્યક્ત્વપ્રાપ્તિ. અબોધિથી હટીને બોધિને અંગીકાર કરું છું.

મિથ્યાત્વ એ મોક્ષનો માર્ગાભાસ છે અને સમ્યક્ત્વ એ રાજમાર્ગ છે તેથી કહે છે કે મિથ્યાત્વકથા વિગેરે અમાર્ગનો ત્યાગ કરું છું અને પ્રશમાદિ સમ્યક્ત્વભેદોને સ્વીકારું છું.

હવે, છદ્મસ્થતાના કારણે શેષ રહી ગયેલ અશુદ્ધિને પણ શુદ્ધ કરવા કહે છે. જે - જે દોષ યાદ આવે છે અને અનાભોગથી નથી પણ યાદ આવ્યાં... જે-જે અતિચારના તેને જાણી શકવાથી પ્રતિક્રમણ કર્યા અને સૂક્ષ્મ અતિચારો ન જાણી શકવાથી જો રહી ગયાં હોય તો તે સર્વ દોષો-અતિચારોનું પ્રતિક્રમણ કરું છું.

**विषयनिर्देशिका । :-**

इत्थं प्रतिक्रम्य पुनरप्यकुशलप्रवृत्तिपरिहारायाऽऽत्मान -मालोचयन्नाह -

અર્થપ્રભા :-

આ પ્રમાણે પ્રતિક્રમણ કરીને ફરી વાર અકુશળ પ્રવૃત્તિઓના પરિહાર માટે આત્માને આલોચતાં કહે છે કે -

**मूलम् । :-**

समणोहं संजय-विरय-पडिहय-पच्चक्खाय पाव-कम्मे, अनिआणो, दिट्ठिसंपन्नो, मायामोसविवज्जिओ, अड्ढाइज्जेसु दीवसमुद्देसु पन्नरससु कम्मभूमीसु जावंत के वि साहू रयहरणगुच्छपडिग्गहधारा पंच महव्वयधारा अट्ठारससहस्ससीलंगधारा अक्खुयायारचरित्ता ते सव्वे सिरसा मणसा मत्थएण वंदामि ॥

खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ति मे सव्वभूएसु वेरं मज्झ न केणइ ॥१॥

एवमह आलोइय निंदिअ गरहिअ दुगंछिअं सम्मं ।
तिविहेण पडिक्कंतो वंदामि जिणे चउव्वीसं ॥२॥

**वृत्तिः । :-**

समणोहमित्यादि, श्रमणोऽहं तत्रापि न चरकादिः, किं तर्हि ? संयतः सामस्त्येन यत इदानीं विरतो निवृत्तो [ऽतिचाराद] तीतस्य [भवि]ष्यतश्च संवरद्वारेण । प्रतिहतमिदानीमकरणतया प्रत्याख्यातमतीतनिन्दया पक्षमकरणतया पापकर्म येनेति [प्रतिहत-

प्रत्याख्यातपापकर्मा] । निदानस्य भवमूलत्वेन प्रधानदोषत्वात् तद्रहितो [-ऽहम्] । माया-मृषाविवर्जको मायागर्भमृषावाद-परिहारी। एवम्भूतः किमित्याह -

अड्ढाइज्जेषु इत्यादि, अर्धतृतीयेषु द्वीप-समुद्रेषु जम्बूद्वीप-धातकीखण्ड-पुष्करार्धेषु, समुद्रग्रहणं कदाचित् चारणमुन्यादयः समुद्रेऽपि प्राप्यन्त इति ज्ञापनार्थम्, तत्रापि पञ्चदशसु भरतैरावत-महाविदेह पञ्च-पञ्चसु कर्मभूमिषु । जावंत [के वि साहू यावन्त केचनातीन्द्रियज्ञानिनोऽन्येऽपि साधवः] । [कीदृशास्ते ? रजोहरण-गोच्छक-पतत्ग्रहधराः] पत्तं-पत्ताबंधो-पायठवणं च पायकेसरिया। पडलाइं रयत्ताणं गोच्छोभयनियोगोत्ति । क्रमेणाद्यन्तग्रहणे मध्य-ग्रहणमितिन्यायात् सप्तविधः पात्रोपधिस्तस्य धारकाः । तथा पञ्चमहाव्रतेषु प्रकर्षेण धारणा येषां ते पञ्चमहाव्रतधराः । एकाङ्गादिविकलप्रत्येकबुद्धादिसङ्ग्रहायाह - अष्टादशसहस्र-शीलाङ्गधारकाः, केचिद् भगवन्तो रजोहरणादिधारिणो न भवन्त्यपि अष्टादश सहस्रशीलाऽङ्गानि दधते [तेनेदं योग्यमेव], [शीलांगान्येवम्] -

जोए - करणे सण्णा - इंदियपुढवाइसमणधम्मे अ ।
सीलंगसहस्साणं अट्ठारसगस्स निप्फत्ति ॥

भावना त्वेवं, मणसा न करेइ आहार सण्णामुक्कोसो इंदिय संवुडो खंती संपन्नो पुढविकायारंभं । एवं मद्दवसंपन्नो, एवं समणधम्मेण दसलद्धा, एवं आउ-तेऊ-वाऊ-वणस्सई-बि-ति-चउ-पणिंदि-अजीवे हिंसयं, एवं पंचहिं इंदिएहिं पंचसया

चउहिंसण्णाहिं दोसहस्स मणं, वइ काएहिं छसहस्सा एवं करणेणं लद्धा, कारावणेण वि छ, अणुमईएवि छ, एवं अट्ठारससहस्सा।

तथाक्षताकारचरित्राः आकारः स्वरूपं, अक्षताकारमतिचार-रहितस्वरूपं च चारित्रं येषां ते । अक्खुयत्ति आर्षत्वादुकारः । तान् सर्वान् गच्छगत-[जिनकल्पिकादि] गच्छनिर्गतभेदात् । शिरसोत्तमाङ्गेन मनसाऽन्तःकरणेन मस्तकेन वंदे । वंदे इति क्रियापदमावृत्त्या योज्यम् ।

इत्थं साधूनभिवन्द्य पुनरोघतः सर्वसत्त्वक्षामनां मैत्रीं प्रदर्शयन्नाह – खामेमि गाहा' स्पष्टा नवरं सव्वे जीवा खमंतु मेति मा तेषामप्यक्षान्तिप्रत्ययः कर्मबंधो भवत्वितिकरूण-येदमुक्तम् ।

समाप्तौ स्वरूपदर्शनपूर्वं मङ्गलमाह-एवमहमालोइअ' इत्यादि, प्रतिक्रमणसूत्रोक्तप्रकारेणाऽऽलोच्य गुरोरग्रे प्रकाश्य, निन्दित्वाऽऽत्मसाक्षिकं स्वं निंदित्वा, दुगुंछियत्ति पञ्चमीलोपे जुगुप्सितात् सावद्ययोगात् त्रिविधैः मनो-वाक्-कायैः प्रतिक्रान्तो निवृत्तः सन्नहं वंदे नमस्करोमि जिनानां चतुर्विंशतिमिति ।

एतेषां आलोचना-निन्दा-गर्हा-प्रतिक्रमणानां फलं शल्यो-द्धरण-पश्चात्तापपुरस्कार-प्रतिच्छिद्रपिधानाद्युत्तराध्ययनेभ्यो ज्ञेयम्।

एवं दैवसिकं प्रतिक्रमणमुक्तं, रात्रिकमप्येवंभूतमेव नवरं रात्रिकाभिलापेनाऽतिचारो वाच्यः । ननु रात्रिके इच्छामि पडि-क्कमिउं गोयरचरियाए इत्यादि सूत्रमप्रस्तुतं तदसम्भवाद् ।

स्वप्नादौ तत्सम्भवाददोषोऽखण्डं वा सूत्रमुच्चारणीयं कथमन्यथा योगवाहिनः पारिष्ठापनिकाद्याकारमुच्चारयन्तीतिसर्वमनवद्यम् ।

समाप्ता चेयं यतिप्रतिक्रमणवृत्तिः ॥

**અર્થપ્રભા :-**

હું શ્રમણ છું અને તે પણ ચરક-આજીવક જેવો શ્રમણ નથી પરંતુ નિમ્નપ્રકારક સ્વરૂપ અને પ્રતિજ્ઞાવાળો શ્રમણ છું.

હું સંયમી છું એટલે કે બધી રીતે સર્વ આશ્રવોનો ત્યાગ કરનાર છું, વિરત પણ છું એટલે કે ભૂતકાળ અને ભવિષ્યકાળના અતિચારોનો સંવર કરનાર છું. હું ભૂતકાળમાં જે સેવાયા છે તે દોષોની નિંદા કરીને તેને ખપાવનારો તેમજ ભવિષ્યમાં દોષોનો પક્ષ નહીં લેવાની પ્રતિજ્ઞાવાળો હોવાથી પાપકર્મના પચ્ચક્ખાણવાળો છું.

નિયાણા સંસારભ્રમણનું મૂળ છે, તેને સર્વથા ત્યજનારો છું. માયાગર્ભિત જે જૂઠ તેને માયામૃષાવાદ કહેવાય તેને કદી નહીં સેવનાર હું છું. આવો હું શ્રમણ -

જંબૂદ્વીપ, લવણ સમુદ્ર, ધાતકીખંડ, કાલોદધિ સમુદ્ર અને પુષ્કરાર્ધદ્વીપ, એમ અઢી દ્વીપ તથા બે સમુદ્રને વિશે જે સાધુઓ નિમ્ન પ્રકારના રહ્યાં છે તેને વંદું છું.

સમુદ્રમાં તો સાધુ હોય નહીં તો કેમ અહીં સમુદ્રનો ઉલ્લેખ કર્યો ? ચારણમુનિ વિગેરે ત્યારે સમુદ્ર પરથી પસાર થતાં હોય કે જ્યારે આ સૂત્ર પાઠ તમે કરો છો તેવું પણ સંભવે, તેમને પણ વંદન કરવા સમુદ્રપદનું ગ્રહણ થયું છે.

અઢીદ્વીપમાં પણ પ્રધાનતયા પાંચ ભરતક્ષેત્ર, પાંચ ઐરવતક્ષેત્ર તેમજ પાંચ મહાવિદેહક્ષેત્ર એમ પંદર કર્મભૂમિને વિશે આ સાધુભગવંતો રહેલાં છે અને તેઓ અતીન્દ્રિય જ્ઞાનવાળા કે તેવા નહીં, તે સર્વ પ્રકારના સાધુઓને વંદું છું.

સાધુઓ કેવા ? રજોહરણ, ગુચ્છા-પાત્રાને રાખનારાં... પાત્રાનો ઉપધિ સાત પ્રકારે છે. (૧) પાત્રા, (૨) પાત્રબંધન, (૩) ઝોળી, (૪) ચરવળી, (૫) પલ્લા, (૬) રજસ્ત્રાણ, (૭) ગુચ્છા. આમ, સમસ્ત પાત્રોપધિને ધારણ કરનારાં સાધુઓ સમજવા. વળી, તેઓ પંચમહાવ્રતોને પ્રકૃષ્ટ રીતે ધારણ કરનારાં છે.

હવે, ઉપરોક્ત કોક વિશેષણ જેમનામાં ન પણ ઘટે તેવા પ્રત્યેકબુદ્ધ વિગેરેના સમાવેશ માટે કહે છે કે સાધુઓ અઢાર હજાર શીલાંગરથના ધારક છે.

અઢાર હજાર શીલાંગ આ રીતે સમજવા -

મન, વચન, કાયા; એ ત્રણ યોગથી, કરવું-કરાવવું અને અનુમોદવું એ ત્રણ કરણથી, આહાર-ભય-મૈથુન અને પરિગ્રહ એ ચાર સંજ્ઞાથી, સ્પર્શનેન્દ્રિયાદિ પાંચ ઈન્દ્રિયોથી, પૃથ્વીકાયાદિ પાંચ એકેન્દ્રિય-ત્રણ વિકલેન્દ્રિય અને સંજ્ઞી-અસંજ્ઞી એમ બે પ્રકારે પંચેન્દ્રિય, આમ દશ પ્રકારના જીવોની હિંસાના ત્યાગથી ક્ષમા-માર્દવ વિગેરે દશ પ્રકારના યતિધર્મની રક્ષા કરવા વડે આત્મધર્મ = શીલની રક્ષા કરવી તે ૧૮ હજાર શીલાંગ રથ છે.

આમ, ૩ × ૩ × ૪ × ૫ × ૧૦ × ૧૦ = ૧૮,૦૦૦ શીલાંગ થયા. એટલે કે

૩ યોગ × ૩ કરણ × ૪ સંજ્ઞા × પાંચ ઈન્દ્રિય × દશ

પ્રકારના જીવોની રક્ષા × દશ પ્રકારે સંયમધર્મ = અઢાર હજાર શીલાંગ થાય.

વળી, સાધુઓ નિરતિચાર સંયમને પાળનારા છે, તેવા ગચ્છવાસી તથા જિનકલ્પિક વિગેરે ગચ્છમાં નહીં રહેનારા સકળ સાધુવૃંદને ઉત્તમાંગ મસ્તક વડે તેમજ અંતઃકરણપૂર્વક વંદન કરું છું.

આ પ્રમાણે સાધુવંદન કરીને સર્વજીવરાશિ સાથે ક્ષમાપના તથા મૈત્રીભાવ પ્રગટ કરતા અંતે खामेमि० ગાથા બોલવાની છે. જેનો અર્થ છે : **હું સર્વજીવોને ખમાવું છું, તે જીવો મને ખમાવો. સર્વ જીવો પ્રત્યે મને મૈત્રીભાવ રહો ! કોઈપણ પ્રત્યે મારે વૈર નથી.**

અહીં પ્રશ્ન તે થાય કે સર્વ જીવો આપણને ખમાવે તે તો શક્ય નથી છતાં તેવી ભાવના કેમ કરવાની ? જવાબ તે છે કે તે જીવો પણ અક્ષમાસંબંધી કર્મબંધથી મુક્ત થાઓ તેવી કરુણા આપણે હૃદયમાં ધરવાની છે તેથી અહીં આ ભાવના આપણે કરવાની છે.

એ પછી અંતિમ મંગલ કરવા માટે अेवमहआलोइअ ગાથા સાધુ બોલે છે, તેનો અર્થ આ મુજબ છે...

ગુરુ પાસે અહીં યતિપ્રતિક્રમણસૂત્રમાં કહ્યાં મુજબ દૈવસિક અતિચારોનું પ્રકાશન કરીને અને ગર્હા કરીને, આત્મસાક્ષીએ નિંદા કરીને જુગુપ્સનીય એવા સાવદ્યયોગોથી નિવૃત્ત થયેલો હું ચોવીશે તીર્થંકરદેવોને વંદન કરું છું. અતિચારોની આ આલોચના-નિંદા-પ્રતિક્રમણના ફળ તરીકે ભાવ શલ્યોનો ઉદ્ધાર, પશ્ચાત્તાપનું પ્રગટીકરણ, વ્રતના છિદ્રોનો અટકાવ વિગેરે જે લાભો સંભવે છે તે ઉત્તરાધ્યયનસૂત્રમાંથી જિજ્ઞાસુએ જાણી લેવા.

આ દૈવસિક પ્રતિક્રમણ થયું. આ જ રીતે રાઈ પ્રતિક્રમણ પણ સમજવું. ફક્ત ત્યાં देवसिअ ના સ્થાને राइअ પાઠ કહેવો.

શિષ્ય અહીં પ્રશ્ન કરે છે કે રાત્રિને વિશે ગોચરીચર્યા કરવાની નથી તેથી इच्छामि पडिक्कमिउं गोअरचरियाए નો આલાપક રાઈપ્રતિક્રમણમાં અપ્રસ્તુત નથી ?

જવાબ તે છે કે એક તો રાત્રે સ્વપ્ન વિગેરેમાં ગોચરીચર્યા-આહારચર્યા થઈ જાય તેવો સંભવ હોવાથી રાઈપ્રતિક્રમણમાં ઉક્ત આલાપકનો પાઠ કરવામાં દોષ નથી. બે, પાઠ અખંડ રાખવા માટે પણ તેનું ઉચ્ચરણ કરવું વિહિત છે કેમકે યોગવાહી સાધુને पारिट्ठावणियागारेणं આગાર ઘટતો નથી છતાં પચ્ચક્ખાણનો પાઠ અખંડ રહે તે માટે તે આગારનો ઉચ્ચાર તેમના માટે પણ કરવામાં આવે છે. બસ, તેવું જ અહીં પણ સમજવું... આમ, સમગ્ર સૂત્ર સંકલના નિર્દોષ છે.

॥ આમ, यतिप्रतिक्रमणसूत्र-वृत्ति ઉપર વિ.સં. ૨૦૭૬, ચૈ.વ. ૩, જે તે અપ્રગટવૃત્તિના સંશોધન સાથે પ્રારંભેલું **'अर्थप्रभा'** નામે ગુજરાતી વિવરણ તે જ વર્ષે વૈ.વ. ૧૩ સે સંપન્ન બન્યું. ॥

# ગીતાર્થપ્રવરશ્રી દ્વારા સર્જિત - સંપાદિત સાહિત્ય

- **લિખિત :**

| | | |
|---|---|---|
| ૧. | સિદ્ધાંતોના ધનુર્ધારી | અપ્રાપ્ય |
| ૨. | નહીં જોઈએ; ૨૬૦૦ની રાષ્ટ્રીય ઉજવણી | અપ્રાપ્ય |
| ૩. | ૬ માસથી અધિક ઉપવાસ શું જૈનશાસનને માન્ય ખરાં ? | અપ્રાપ્ય |
| ૪. | ૨૬૦૦ નું ઝેરીલું આક્રમણ | અપ્રાપ્ય |
| ૫. | હાંકી કાઢો, ગિરનાર રોપ-વેને | અપ્રાપ્ય |
| ૬. | સમાધિ ધારા | સાદર |
| ૭. | મારી ૧૨ પ્રતિજ્ઞાઓ (ચાર આવૃત્તિ) | રૂા. ૧૦/- |
| ૮. | ભાવાચાર્ય વંદના (બે આવૃત્તિ) | રૂા. ૧૦/- |
| ૯. | નૂતન અરિહંત વંદનાવલી (બે આવૃત્તિ) | રૂા. ૧૦/- |
| ૧૦. | સમેતશિખર તીર્થની ભાવયાત્રા (સચિત્ર-ત્રણ આવૃત્તિ) | રૂા. ૨૦/- |
| ૧૧. | અષ્ટાપદ તીર્થની ભાવયાત્રા-સચિત્ર (ત્રણ આવૃત્તિ) | રૂા. ૭૦/- |
| ૧૨. | શ્રદ્ધાંજલિ | સાદર |
| ૧૩. | જપો નામ, સૂરિરામ | સાદર |
| ૧૪. | સીમંધર સ્વામીની ભાવયાત્રા (ત્રણ આવૃત્તિ) | રૂા. ૧૦/- |
| ૧૫. | કેટલાંક પૂર્વજન્મો-૧ (સચિત્ર) (ત્રણ આવૃત્તિ) | રૂા. ૫૦/- |
| ૧૬. | કેટલાંક પૂર્વજન્મો-૨ (સચિત્ર) (ત્રણ આવૃત્તિ) | રૂા. ૫૦/- |
| ૧૭. | કેટલાંક પૂર્વજન્મો-૩ (સચિત્ર) (ત્રણ આવૃત્તિ) | રૂા. ૫૦/- |
| ૧૮. | કેટલાંક પૂર્વજન્મો-૪ (સચિત્ર) (ત્રણ આવૃત્તિ) | રૂા. ૫૦/- |
| ૧૯. | કેટલાંક પૂર્વજન્મો-૫ (સચિત્ર) (ત્રણ આવૃત્તિ) | રૂા. ૫૦/- |
| ૨૦. | કેટલાંક પૂર્વજન્મો-૬ (સચિત્ર) (ત્રણ આવૃત્તિ) | રૂા. ૫૦/- |
| ૨૧. | કેટલાંક પૂર્વજન્મો-૭ (સચિત્ર) (ત્રણ આવૃત્તિ) | રૂા. ૫૦/- |
| ૨૨. | કેટલાંક પૂર્વજન્મો-૮ (સચિત્ર) (ત્રણ આવૃત્તિ) | રૂા. ૫૦/- |
| ૨૩. | તપવંદના | રૂા. ૧૦/- |
| ૨૪. | જૈન લગ્નવિધિની જૈનશાસ્ત્ર નિરપેક્ષતા | સાદર |
| ૨૫. | પૂર્વ પુરુષોની અંતિમ આરાધના (બે આવૃત્તિ) | રૂા. ૧૦/- |

૨૬. કીર્તિગાથા, શ્રી હેમચંદ્રાચાર્યની (સચિત્ર બે આવૃત્તિ) રૂા. ૧૦૦/-
૨૭. વૈરાગ્યધારા (વૈરાગ્યશતકનો સાર્થ પદ્યાનુવાદ) અપ્રાપ્ય
૨૮. વૈરાગ્યપતાકા (ઇન્દ્રિયપરાજયશતકનો સાર્થ પદ્યાનુવાદ) અપ્રાપ્ય
૨૯. નેમિનાથ કથા રૂા. ૧૦/-
૩૦. પાર્શ્વનાથ કથા રૂા. ૧૦/-
૩૧. સુપાર્શ્વનાથ કથા રૂા. ૧૦/-
૩૨. શાંતિનાથ કથા સાદર
૩૩. અષ્ટમંગલના દર્શનની ઉછામણીઓ : તટસ્થ સમીક્ષા સાદર
૩૪. શાસ્ત્રીય પ્રશ્નોત્તર-૧ રૂા. ૩૦/-
૩૫. શાસ્ત્રીય પ્રશ્નોત્તર-૨ રૂા. ૪૦/-
૩૬. શાસ્ત્રીય પ્રશ્નોત્તર-૩ સાદર
૩૭. લક્ષ્મી જીતે કે સરસ્વતી રૂા. ૫૦/-
૩૮. ૧૨ પ્રકારી સમ્યક્તપ પૂજા સાદર
૩૯. સ્તવન રંગશાલા સાદર
૪૦. નંદીશ્વરદ્વીપની ભાવયાત્રા સાદર
૪૧. પ્રવચન પ્રસાદી-૧ સાદર
૪૨. આઠ કદમ, શ્રી શત્રુંજયની રક્ષા કાજે સાદર
૪૩. સત્યવાદી હરિશ્ચન્દ્ર રૂા. ૫૦/-

- **हिन्दी साहित्य ( लिखित ) :**

४४. नई अरिहंत वंदनावली (दो आवृत्ति) रु. १०/-
४५. समेतशिखर तीर्थ की भावयात्रा (सचित्र) रु. ५०/-
४६. सफर, पूर्वजन्मों का-१ (सचित्र - दो आवृत्ति) रु. १५०/-
४७. सफर, पूर्वजन्मों का-२ (सचित्र - दो आवृत्ति) रु. १५०/-
४८. सफर, पूर्वजन्मों का-३ (सचित्र - दो आवृत्ति) रु. १००/-
४९. यशोगाथा, श्री हेमचन्द्राचार्य की (सचित्र) रु. १००/-
५०. अष्टापद तीर्थ की भावयात्रा (सचित्र) रु. ५०/-

૫૧. भावचार्य वंदना रु. १०/-

૫૨. जागो, श्री शत्रुंजय की रक्षा के लिये सादर

૫૩. अष्टमंगल के दर्शन की बोलियाँ : निष्पक्ष समीक्षा सादर

- **સંસ્કૃત નૂતન ટીકા + ગુજરાતી સટીક અનુવાદવાળા ગ્રંથો :**

૫૪. आत्मनिन्दा द्वात्रिंशिका + तत्त्वरूचि टीका + ભાવાર્થ

૫૫. रत्नाकरपञ्चविंशतिका + मंगलमाला टीका + ભાવાર્થ

૫૬. सम्यक्त्वरहस्यप्रकरणम् + बोधिपताका टीका + ભાવાર્થ (બે આવૃત્તિ)

૫૭. सुमतिसम्भव महाकाव्यम् + मोक्षमञ्जरी टीका + ભાવાર્થ

- **संपादित (संस्कृत)**

૫૮. स्तुतिनंदिनी

૫૯. शोभनस्तुति अप्राप्य

૬૦. धन्यचरित्रम् अप्राप्य

૬૧-૬૨. कादम्बरी-१-२

૬૩-૬૪. शोभनस्तुति वृत्तिमाला १-२

૬૫. प्रबोधचिन्तामणिः अप्राप्य

૬૬. पार्श्वनाथचरित्रम् अप्राप्य

૬૭-૬૮. चन्द्रप्रभचरित्रम्-१-२

૬૯. श्री कल्याणमंदिरस्तोत्रम् (पदच्छेद-अन्वय-अनुवाद सहित)

- **ભાવાનુવાદવાળા ગ્રંથો :**

૭૦. सिद्धहेमचन्द्रधातुपाठः (अर्थ-गण-पद-सेट् विभाग सहित) (बे आवृत्ति)

૭૧. पञ्चसूत्र-अवचूरि (અપ્રગટ ટીકા અને સટીક અનુવાદ સાથે)

૭૨. तपा-खरतर भेद (ગુજરાતી) સાદર

૭૩. ૬૮ આગમની પૂજા (ગુજરાતી વિવેચન સાથે) સાદર

૭૪. श्री यतिप्रतिक्रमणसूत्रम् (સટીકાનુવાદ સાથે)

- **સંપાદિત સાહિત્ય (ગુજરાતી) :**

૭૫. ગાયું, માનતુંગસૂરીએ — અપ્રાપ્ય

૭૬. કુમારપાળ રાજાના રાસનું રહસ્ય — અપ્રાપ્ય

૭૭. પ્રબંધચિંતામણી — રૂા. ૨૦૦/-

૭૮. યાત્રા નવ્વાણું કરીએ — સાદર

- **हिन्दी साहित्य ( संपादित ) :**

૭૯. चैत्री पूर्णिमा के देववंदन-सविधि (शत्रुंजय की नव टूंक के फोटोग्राफ्स सहित) — रु. ५०/-

- **નિશ્રિત :**

૮૦. મીઠા સંભારણા — સાદર

૮૧. પોષદશમીની વિસ્તૃત આરાધના — અપ્રાપ્ય

- **પૂજ્યશ્રી દ્વારા પ્રેરિત અને ડૉ. કવિન શાહ દ્વારા સંપાદિત પુસ્તકો :**

૮૨. 'વેલી' કાવ્ય સંગ્રહ

૮૩. લાવણી કાવ્ય સ્વરૂપ અને સમીક્ષા

૮૪. ચાલો, વિવાહલો કાવ્યને જાણીએ

૮૫. જૈન સાહિત્યની પરિભાષા (બે આવૃત્તિ)

૮૬. જૈન ગીતા દર્શન

- **આગામી પ્રકાશનો :**

૮૭. મહાસતી સુલસા

૮૮. શાસ્ત્રીય પ્રશ્નોત્તર-૪ (ગુજરાતી)

૮૯. शास्त्रीय प्रश्नोत्तर-१ (हिन्दी)

૯૦. शास्त्रीय प्रश्नोत्तर-२ (हिन्दी)

૯૧. शास्त्रीय प्रश्नोत्तर-३ (हिन्दी)

૯૨. शास्त्रीय प्रश्नोत्तर-४ (हिन्दी)

**પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા જ્ઞાનભંડારોને તમામ સાહિત્ય સાદર અર્પણ કરાય છે. પ્રાપ્તિસ્થાન પર સંપર્ક કરવો.**

# શ્રી સિદ્ધગિરિરાજની શીતલ છાયામાં

પૂ.આ.દે.શ્રી.વિ. હિતવર્ધન સૂરીશ્વરજી મ.સા. ને

## આચાર્યપદ પ્રદાનના ઉજવાયેલાં મહોત્સવની

મંગલદિન વિ.સં 2074, માગસર વદ 1, 4-12-2017

## સોનેરી સ્મૃતિ










## મહોત્સવની હાઈલાઈટ્સ

- આચાર્ય પદ પ્રદાનની ક્ષણને માણવા માટે જુદા-જુદા ગામ-નગરોથી ૨૦ બસો ભરીને ભાવિકો ઉમટ્યાં.
- અનેક પ્રાઈવેટ વાહનો દ્વારા વિવિધ સંઘોના ભાવિકોનું આગમન.
- ૧ કિ.મી. લાંબી શાનદાર રથયાત્રાએ પાલીતાણાં માં આર્કર્ષણ જમાવ્યું.
- જયતલેટી પર થયેલી ભવ્ય મહાપૂજાએ સમગ્ર પાલીતાણા પરિસરમાં અનુમોદનાનું વાતાવરણ ઉભુ ક્યુઁ.
- ૧૨૦ X ૯૦ ફુટના વિશાળ ડોમની અનેરી સજાવટ અને રંગોલી, રોશની,આકર્ષક કમાનો દ્વારા ભાવિકોના મનમાં પહેલી જ નજરે પ્રસંગની ભવ્યતા સ્થાપિત થઇ જવા પામી.













- ત્રણ દિવસ, ત્રણે ટાઇમ પાંચ મિઠાઇઓ અને ૩૦-૪૦ વ્યંજનો દ્વારા સાધર્મિક ભક્તિ.
- ત્રણ દિવસમાં દસેક હજાર સાધર્મિકોનું શાસ્ત્રીય પદ્ધતિ અનુસાર સ્વામીવાત્સલ્ય થયું.
- ગુરુ પૂજન કરવાના અને કામળી વહોરાવવાના ચડાવાના આદેશ ખૂબ ઉંચી રકમમાં આપવામાં આવ્યાં.
- નૂતન આચાર્યશ્રી લિખિત ત્રણ પુસ્તકોનું માતબર ચડાવા દ્વારા વિમોચન થયું.
- ૧૩-૧૩ જરીયાન છોડોનું ઉજમણું મંડાયું.
- સંગીતકાર આશુ વ્યાસે અનેરી રમઝટ જમાવી.
- વાપી / રાડ પટ્ટીના ગામોના ૮૦૦ તેમજ હાલોલ સંઘના ૪૦૦ કુલ ૧૨૦૦ ઘરોમાં ૫૦૦ ગ્રામ મોદક તેમજ પત્રિકાનું વિતરણ.
- પદપ્રદાન સમારોહમાં ૫ ગ્રામની રજતમુદ્રા વડે સંઘ પૂજન થયું.

પ્રતિક્રમણ એક એવી ક્રિયા છે જેને ત્રણ કાળના
તમામ તીર્થંકરોએ **Essential** ક્રિયા કહી છે.
આ ક્રિયામાં છ' આવશ્યક
ક્રિયાઓનો સમાવેશ થાય છે.
આમ છતાં તે સૌના પ્રાણરુપ ક્રિયા
તો પ્રતિક્રમણ સૂત્રના ઉચ્ચારણની અને તેના
વડે પાપોના પ્રાયશ્ચિતની છે.
સાધુ-સાધ્વી સંઘ જે સૂત્રના આલંબને આ
પ્રાણભૂત ક્રિયા કરે છે તે સૂત્ર એટલે

## श्री यतिप्रतिक्रमण सूत्रम्

આ સૂત્રની એક અદ્યાવધિ અપ્રગટ સંસ્કૃત ટીકા રસાળ
અને સરળ ગુજરાતી વિવરણ સાથે
અહીં પ્રગટ થઇ રહી છે.
જેનું વાંચન પણ આપના દિલમાં શુભ ભાવોનું
આંદોલન જગાડી દેવા સક્ષમ છે.
અનુભવ કરવો છે ?
તો વાંચવા માંડો...




Desi by : Deepak Oswal
020-24477791, 9822055891